સુવિચાર

કહેવાતા આપણા જ શિખવાડે છે કે, આપણાથી બચીને રહેવું.

શહેર આવૃત્તિ પાનાઃ ૧૪

તા. ૨૯-૮-૨૦૨૪, ગુરૂવાર

વર્ષઃ ૧૩, અંક : ૧૪૫

પોઝિટીવ ન્યૂઝ, ઈન્ફોર્મેટીવ ન્યૂઝ

RNI NO GUJGUJ/2008/34329

arham publications RAJKOT

RAJKOT/639/2022-2024 RMS-RJT


POST AT RAJKOT-RMS DAILY

# અબતક

સાંધ્ય દૈનિક

મેનેજીંગ તંત્રી : સતીષકુમાર એસ. મહેતા

Price Rs.:4 ABATAK-RAJKOT 0281-2461234, 2460999 94266 72303 abataknews@gmail.com @abtakmedia




# ખમૈયા કરો મેઘરાજાઃ સતત ચાર દિવસથી વરસાદે આકાશી આફત નોતરી

## છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યના ૨૩૮ તાલુકામાં વરસાદ વરસ્યોઃ ખંભાળિયામાં એક જ દિવસમાં ૧૬ ઈંચ વરસાદથી તારાજી સર્જાઈ



તસવીરઃ શૈલેષ વાડોલીયા

### મુખ્યમંત્રી પાસેથી વરસાદની તબાહીની વિગતો મેળવતા વડાપ્રધાન મોદી

રાજ્યમાં છેલ્લા કેટલાક દિવસથી ધોધમાર વરસાદને પગલે અનેક વિસ્તારોમાં પૂરની સ્થિતિ નિર્માણ પામી છે, ત્યારે હવામાન વિભાગ દ્વારા આગામી છ દિવસ ભારેથી અતિભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. આ દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુજરાતમાં ભારે વરસાદની સ્થિતિને લઈને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સાથે ટેલિફોનિક વાતચીત કરી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુજરાતમાં ભારે વરસાદની સ્થિતિને લઈને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સાથે ટેલિફોનિક વાતચીત કરતા રાજ્યમાં ભારેથી અતિભારે વરસાદ વચ્ચે (અનુ. આઠમા પાને)

### સૌરાષ્ટ્ર-કચ્છમાં ક્યાં કેટલો વરસાદ?

| જિલ્લા | તાલુકા | વરસાદ |
|---|---|---|
| રાજકોટ | રાજકોટ | ૩૨ ઈંચ |
| દ્વારકા | ખંભાળિયા | ૨૭ ઈંચ |
| જામનગર | જામજોધપુર | ૨૩ ઈંચ |
| દ્વારકા | કલ્યાણપુર | ૨૨ ઈંચ |
| જામનગર | લાલપુર | ૨૧ ઈંચ |
| જામનગર | જામનગર | ૨૦ ઈંચ |
| દ્વારકા | દ્વારકા | ૧૯ ઈંચ |
| રાજકોટ | લોધીકા | ૧૭ ઈંચ |
| પોરબંદર | રાણાવાવ | ૧૭ ઈંચ |
| પોરબંદર | પોરબંદર | ૧૪ ઈંચ |
| રાજકોટ | ધોરાજી | ૧૩ ઈંચ |
| રાજકોટ | જામકડોરણા | ૧૨ ઈંચ |
| રાજકોટ | કોટડાસાગાણી | ૧૧ ઈંચ |

અબતક, રાજકોટ

ગુજરાતમાં સતત ચાર દિવસથી ધોધમાર વરસાદ વરસી રહ્યો છે. ત્યારે બુધવારે (છેલ્લા ૨૪ કલાક) કુલ ૨૩૮ તાલુકામાં વરસાદ નોંધાયો છે. જેમાં દેવભૂમિ દ્વારકાના ભાણવડમાં સૌથી વધુ ૧૧.૮ ઈંચ જેટલો વરસાદ ખાબક્યો છે. આ સાથે આજે સવારે બે કલાકમાં કચ્છનાં મુંદ્રામાં ત્રણ ઈંચ જેટલો વરસાદ નોંધાયો છે. ત્યારે હવામાન વિભાગે આપેલી માહિતી પ્રમાણે, આજે સૌરાષ્ટ્ર (અનુ. આઠમા પાને)

## સવારથી ૧૫૪ તાલુકામાં વરસાદ માંડવીમાં ૯ ઈંચ વરસાદ

### કચ્છના મુન્દ્રામાં પાંચ, દેવભૂમિ દ્વારકામાં વધુ ચાર જયારે રાજકોટના લોધિકામાં બે ઈંચ વરસાદ વરસ્યો

માંડવી પંથકમાં સવારથી ૯ ઈંચ વરસાદ ખબકતા જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયું છે. ભારે વરસાદથી નીચાણ વિસ્તારોમાં પાણી ભરાઈ જતા ૫૦ લોકોને સ્થળાંતરિત કરાયા હતા. જર્જરિત મકાની દીવાલ ધરાશાયી થઈ હતી. સોમવારે ૧૩ અને મંગળવારે ૩ ઈંચ સહિત બે દિવસમાં ૧૬ ઈંચ વરસાદ ખાબક્યો હતો. અને આજે સવારથી ફરી નવ ઈંચ વરસાદ ખાબક્યો હતો. આ ઉપરાંત મુદ્રામાં ૫ ઈંચ તેમજ દ્વારકામાં પણ ચાર ઈંચ જેટલો વરસાદ વરસી ગયો હતો. માંડવી શહેરના માધવનગર, જયનગર, વિજયનગર, દીનદયાળ નગર, મેઘમંગલ નગર, પોલીસ ક્વાટર્સમાં લોકોના ઘરમાં પાણી ભરાયા હતા. પાલિકા પ્રમુખ હરેશ વિંઝોડાની સૂચના મુજબ ડી-વોટરિંગ પંપ લગાવાયા હતા. પાણી પુરવઠા ચેરમેન પારસ માલમ, નવિન જોષી, રાજેશ ગોર સહિતની ટીમ પાણી ઉલેચવા કામે લાગી હતી.

#### સવારથી ક્યાં કેટલો વરસાદ

| જિલ્લા | તાલુકા | વરસાદ |
|---|---|---|
| કચ્છ | માંડવી | ૯ ઈંચ |
| કચ્છ | મુન્દ્રા | ૫ ઈંચ |
| દ્વારકા | દ્વારકા | ૫ ઈંચ |
| કચ્છ | અબડાસા | ૩ ઈંચ |
| કચ્છ | અંજાર | ૨ ઈંચ |
| રાજકોટ | લોધીકા | ૨ ઈંચ |
| કચ્છ | ગાંધીધામ | ૧.૫ ઈંચ |



તસવીરઃ સાગર સંઘાણી, જામનગર

## મુખ્યમંત્રી સાંજે જામનગર, દ્વારકા અને ખંભાળિયાના અસરગ્રસ્ત વિસ્તારોની લેશે મુલાકાત, હવાઈ નિરીક્ષણ કરશે



તસવીરઃ સાગર સંઘાણી, જામનગર

# આકાશી આફતમાં સૌરાષ્ટ્રના ૧૨ સહીત રાજ્યમાં ૩૫ લોકોના મોત

અબતક, રાજકોટ

ગુજરાતમાં ભારે વરસાદ અને પૂરને કારણે જનજીવન સંપૂર્ણપણે અસ્તવ્યસ્ત થઈ ગયું છે. વરસાદ સંબંધિત ઘટનાઓના કારણે રાજ્યમાં વધુ ૨૫ લોકોના મોત થયા હતા. આ સાથે ચાર દિવસમાં મૃત્યુઆંક ૩૫ પર પહોંચી ગયો છે. સૌરાષ્ટ્રના ૧૨ લોકોના મોતના અહેવાલ પણ પ્રાપ્ત થયાં છે. વરસાદ અને પૂરના પ્રકોપનો સામનો કરી રહેલા ગુજરાતને રાહત મળવાની આશા નથી, હવામાન વિભાગે વધુ ભારે વરસાદની આગાહી કરી છે. હવામાન (અનુ. આઠમા પાને)

## રાજકોટમાં મહિલા સહિત બેના વીજ શોકથી મોત

### લલુડી વોંકળીમાં સ્થળાંતર કરતા પ્રૌઢ ડૂબી ગયા

રાજકોટમાં છેલ્લા ચાર દિવસથી ધોધમાર વરસાદ પડી રહ્યો છે. ત્યારે આ વરસાદમાં વીજ શોકથી મહિલા સહિત બેનો જીવ ગયો છે.જેમાં ગોંડલ રોડ નજીક આવેલ વિજય પ્લોટમાં રહેતા ભાવનાબેન નરેન્દ્રભાઈ ડાભી (ઉ.વ.૪૨) નામની મહિલા તેના ઘરે હતા ત્યારે વીજશોક લાગતાં તેને સારવાર માટે ખસેડતા તેમનું મોત નીપજ્યું હતું. તપાસમાં ભાવનાબેન સવારે ચાલુ વરસાદે ડેલી ખોલવા જતાં વીજશોક લાગ્યો હોવાનું જાણવા મળ્યું છે. બીજા બનાવમાં કોઠારિયા સોલવન્ટ પાસેના રેલવે ફાટક પાવર ઈન્ડસ્ટ્રીઝ નામના કારખાનામાં કામ કરતા અને ત્યાં ઓરડીમાં ભાડે રહેતા સુનિલ કુમાર દામોદરભાઈ ચૌહાણ (ઉ.૩૨) તથા તેનો ભાઈ સંદિપ જોગીન્દ્રભાઈ ચૌહાણ (ઉ.૩૦)અને રવિ બિદુભાઈ (ઉ.૨૭) વીજશોક લાગતાં તેને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયા હતા જેમાં ગંભીર રીતે દાઝેલા સુનિલ કુમારનું મોત નીપજતા આજી ડેમ પોલીસ દ્વારા કાર્યવાહી કરવામાં આવી હતી. જયારે જેતપુર તાલુકાના રૂપાવટી ગામનો યુવક પાણીના પ્રવાહમાં તણાઈ જતાં તેની શોધખોળ શરૂ કરવામાં આવી છે. રાજકોટના કેનાલ રોડ પરની લલુડી વોંકળી પાસે અશ્વિનભાઈ ભગવાનભાઈ તન્ના (ઉ.વ.૪૫) (અનુ. આઠમા પાને)

### ભારે વરસાદે હજારો પશુઓનો ભોગ લીધો

સૌરાષ્ટ્ર - કચ્છ સહીત રાજ્યભરમાં ભારે વરસાદે જનજીવન અસ્તવ્યસ્ત કરી દેતા ફક્ત મનુષ્યો જ પણ અબોલ પશુઓ પણ હજારોની સંખ્યામાં મૃત્યુને ભેંટ્યા છે. પ્રાપ્ત વિગત અનુસાર ભારે વરસાદ પડતા માલ-જાનને ભારે નુકસાની થવા પામી છે. જેમાં સૌરાષ્ટ્ર સહીત રાજ્યભરમાં હજારો પશુઓ મોતને ભેંટ્યા છે.

## ગોંડલના મોટી ખીલોરી ગામે કોલપરી નદીમાં ઈકો કાર તણાઈ જતાં દંપત્તિ અને પુત્ર ડૂબ્યા



અબતક, જીતેન્દ્ર આચાર્ય, ગોંડલ

ગોંડલ તાલુકાના મોટી ખીલોરી ગામની કોલપરી નદીના કોઝવે પર ગઈકાલે વહેલી સવારે પસાર થઈ રહેલી ઈકો કાર પાણીના પ્રવાહમાં તણાઈ નદીમાં ખાબકતા દંપત્તિ અને પુત્ર ડૂબ્યા હતા. ઘટનાને પગલે દોડી ગયેકી ફાયર બ્રિગેડણી ટીમે શોધખોળ શરૂ કરતા ઈકો કારણી સાથે પતિ-પત્નીના મૃતદેહ મળી આવ્યા હતા. જયારે પુત્ર હજુ પણ લાપતા છે. ભોગ બનનારણી જો વાત કરવામાં આવે તો બાબરા તાલુકાના રાયપર ગામે રહેતા જયેશભાઈ પરસોત્તમભાઈ રાદડિયા (ઉ.વ.૪૦), સોનલબેન રાદડિયા અને પુત્ર ધર્મેશ (ઉ.વ.૧૧) ડૂબ્યા હતા. જે પૈકી દંપત્તિના મોત થયાં છે જયારે પુત્ર હજુ પણ લાપતા હોવાનું જાણવા મળી રહ્યું છે.

# રાજ્યના ૬૬ સ્ટેટ હાઈવે સહિત ૯૩૯ માર્ગ બંધઃ આજથી વાહન વ્યવહાર પૂર્વવત્ થશે

## જામનગર, દ્વારકા, સુરેન્દ્રનગર, રાજકોટ, ખેડા, ગીર સોમનાથ અને જૂનાગઢ જિલ્લામાં વાહન વ્યવહારને સૌથી વધુ અસર - કરોડો રૂપિયાના ખર્ચે બનાવાયેલા માર્ગો તકલાદી નિકળ્યા-કેટલાક માર્ગ જળબંબાકાર હોવાથી બંધ



અબતક, રાજકોટ

રાજ્યમાં છેલ્લા ચાર દિવસથી પડી રહેલા સાર્વત્રિક ભારે વરસાદના કારણે માર્ગો જળબંબાકાર થતા અને ગાબડા પડી ખરાબ થઈ જતા કુલ ૯૩૯ માર્ગ બંધ કરવાની તંત્રને ફરજ પડી છે. જેમાં પાંચ નેશનલ હાઈવે, ૬૬ સ્ટેટ હાઈવે, ૨ નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયાના માર્ગ, ૭૭૪ પંચાયતના માર્ગ અને અન્ય ૯૨ માર્ગનો સમાવેશ થાય છે. સુરેન્દ્રનગર, રાજકોટ, ખેડા, ગીર સોમનાથ અને જૂનાગઢ જિલ્લાના માર્ગો સૌથી વધુ અસરગ્રસ્ત થવા પામ્યા છે. કેટલાક માર્ગોની હાલત એટલી ખરાબ છે કે સંપૂર્ણ મરામત વિના વાહન વ્યવહાર માટે મંજૂરી આપી શકાય તેમ નથી. ગુજરાતમાં અનેક જિલ્લામાં વાહન વ્યવહારને ગંભીર અસર પહોંચી છે. જે નેશનલ હાઈવેને અસર પહોંચી છે (અનુ. આઠમા પાને)

### સૌરાષ્ટ્ર- કચ્છના ૭૧૬ ગામોમાં વીજ પુરવઠો બંધ

૧૫૪૨ ફીડર બંધ :૧૫૨૭ વીજ પોલ ડેમેજ : ૭૬ ટીસી ખોટવાયા : વીજ તંત્રની ટિમો ઊંધામાથેઃ સૌરાષ્ટ્ર- કચ્છમાં ભારે વરસાદને કારણે વીજ તંત્રને મોટું નુકસાન થયું છે. આજે સવારે ૧૧:૩૦ વાગ્યાની સ્થિતિએ સૌરાષ્ટ્ર-કચ્છના ૭૧૬ ગામોમાં વીજ પુરવઠો ખોરવાયો છે. જ્યારે ૧૯૮ જ્યોતિગ્રામ, ૧૨૭૧ ખેતીવાડી, ૨૩ અર્બન, ૯ એચટી અને ૪૧ ઈન્ડસ્ટ્રીયલ મળી કુલ ૧૫૪૨ ફીડર બંધ છે. ૧૫૨૭ જેટલા વીજપોલ ડેમેજ થયા છે. ૭૬ ટીસી ખોટવાયા છે. હાલ વીજ પુરવઠો પૂર્વવત કરવા માટે પીજીવીસીએલની ટિમો ઊંધામાથે થઈ છે.

### એસટીના ૧૦૦૮ રૂટ બંધ-રાજ્યભરમાં કુલ ૮૮ લાખની આવકનું નુકસાન

ભારે વરસાદના કારણે માર્ગો ઉપર પાણી ભરાઈ જતા એસટી નિગમની બસોની સંચાલનમાં પણ ભારે અસર થવા પામી છે. મોરબી, સુરેન્દ્રનગર સહિતના જિલ્લામાં મોટી સંખ્યામાં એસટી રૂટ બંધ કરવાની ફરજ પડી છે. ૨૮મીની સ્થિતિ મુજબ એસટીના કુલ ૧૦૦૮ જેટલા રૂટ બંધ કરાતા કુલ ૩૯૯૦ ટ્રીપ કેન્સલ કરવી પડી છે. તેના કારણે સમગ્ર રાજ્યમાં એસટી નિગમને કુલ ૮૮.૫૯ લાખ રૂપિયાની આવકનું નુકસાન થવા પામ્યું છે. ખાસ કરીને સૌરાષ્ટ્રના કેટલાક જિલ્લા, અમદાવાદ, વડોદરા, બનાસકાંઠાના અંતરિયાળ વિસ્તારમાં માર્ગ ઉપર એસટી બસ દોડાવી શકાય તેવી સ્થિતિ નથી. વડોદરા અને પાદરા તેમજ નડિયાદ વિભાગના ખેડા ડેપોનું સંચાલન પણ સંપૂર્ણ બંધ કરવાની ફરજ પડી છે.

આજે રાષ્ટ્રીય રમત દિવસ

# આજનો ‘ફોર જી’ યુગ દેશી રમતો રમશે તો જ મોબાઈલની દુનિયામાંથી બહાર નીકળશે !

## મેદાની રમતોથી જ લુપ્ત થતી ગામડાની સંસ્કૃતિ, પરંપરાઓ બધું જળવાઈ રહેશે : બાળકોને મેદાની રમતો ખોખો, દોરડાકૂદ, કબડ્ડી, જેવી રમતો રમાડોઃ આજે શાળાઓમાં ગ્રાઉન્ડ જ ન હોવાથી બાળકોનો શારીરિક વિકાસ થતો નથી

### રમત ગમત બાળકોમાં ઘણા ગુણોનું સિંચન કરે છે : શિસ્ત, દ્રઢતા, ખેલદિલી, ટીમવર્ક, સ્વસ્થ અને ફિટ રહેવા માટે પણ સ્પોર્ટ્સ દરેક માનવી માટે અગત્યનું

આજે સમગ્ર દેશમાં રાષ્ટ્રીય રમત દિવસ ઉજવવામાં આવશે . હોકીના મહાન ખેલાડી મેજર દયાનચંદની જન્મજયંતિ નિમિત્તે રાષ્ટ્રીય રમતગમત દિવસની ઉજવણી કરવામાં આવે છે. રાષ્ટ્રીય રમતગમત દિવસ પર તંદુરસ્ત રહેવાની જરૂરિયાત પર ભાર મૂકવામાં આવે છે. રાષ્ટ્રીય રમત દિવસનો મુખ્ય ઉદ્દેશ દરેક વ્યકિતના જીવનમાં રમતગમત અને દૈનિક પ્રવૃત્તિઓના મહત્વ વિશે જાગૃતિ ફેલાવવાનો છે.

**નોલેજ કોર્નર**



**ડો.અરૂણ દવે**
મો.૯૮૨૫૦૭૮૦૦૦

રાષ્ટ્રીય રમત દિવસને રાષ્ટ્રીય ખેલ દિવસ તરીકે પણ ઓળખવામાં આવે છે. આ દિવસને સૌ પ્રથમ વર્ષ ૨૦૧૨માં ઉજવવામાં આવ્યો હતો.વર્ષ ૨૦૧૯ માં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રાષ્ટ્રીય રમતગમત દિવસ નિમિત્તે ‘ફિટ ઈન્ડિયા કેમ્પેન’ શરૂ કર્યું હતું. આજના

યુગમાં શાળાઓમાં ગ્રાઉન્ડ જ નથી તેથી દેશી રમતો લુપ્ત થઈ ગઈ. રાષ્ટ્રીય રમત અને સ્પોર્ટસની પરંપરા નિભાવવા દરેક મા-બાપે સંતાનો સાથે આપણી દેશી રમત રમવી જોઈએ. રોજીંદા જીવનમાં રમતો રમવાથી વ્યકિતનો શારીરીક અને માનસિક વિકાસ થાય છે.

ઈન્ફરમેશન ટેકનોલોજીના યુગમાં બધા જ મોબાઈલમાં વ્યસ્ત છે, ત્યાં ઈનડોર-આઉટડોર રમતમાં કોને રસ પડે છે. આજની શાળા કોલેજમાં છાત્રશેને રમવા મેદાન અને સ્પોર્ટસ ટીચનો અભાવ જોવા મળે છે. આપણી દેશી રમતો આજે સાવ લુપ્ત થઈ ગઈ છે. ત્યારે આજના બાળકો મોબાઈલમાં ગેમ રમતા જોવા મળે છે. ફિટ ઈન્ડિયાની રાષ્ટ્રીય મુવમેન્ટના કારણે યુવાધનમાં જાગૃતિ આવી છે. શરીર માટે સૌથી ફાયદાકારક સ્પોટ્સ હોવાથી, આજના મા-બાપે સંતાનોને આ બાબતે રસ રૂચી કેળવવી જોઈએ. થોડા વર્ષો પહેલા ઓલિમ્પિક સ્પર્ધામાં આપણે ખૂબજ સફળતા મેળવી હતી. બાળપણથી યુવાની સુધી સ્પોર્ટસનું મહત્વ વિશેષ છે. વિશ્વમાં ૭૩૬ બીસીમાં પ્રાચીન ગ્રીસમાં રમતોનો પ્રારંભ થયો હતો. ૨૦૨૨ ના રાષ્ટ્રીય મંડળ ખેલમાં ભારતે વિવિધ ઈવેન્ટમાં ૬૧ મેડલ જીત્યા હતા.





રમતગમત દરેક માનવીના જીવન સાથે બાળપણથી જોડાયેલી છે. આપણી રાષ્ટ્રીય રમત હોકી છે. રાષ્ટ્રીય ખેલ દિવસે રમત ગમતમાં રાષ્ટ્રને ગૌરવ અપાવનાર તમામ ચેમ્પીયનને પણ સમર્પિત છે. દેશમાં રમતનાં મૂલ્યો વિશે જન જાગૃતિ સાથે ના ઉદેશ્ય માટે તમામ રમત પ્રેમી આજે ઉજવણીકરે છે. શિસ્ત, દ્રઢતા, ખેલદીલી, ટીમવર્ક, સ્વસ્થ અને ફીટ રહેવા માટે પણ સ્પોર્ટસ દરેક માનવી માટે અગત્યનું છે. રમત ગમત બાળકોમાં ઘણા ગુણોનું સિંચન કરે છે. આજના યુગમાં તો સ્પોર્ટસનું મહત્વ વધારે છે , એટલે જ અભ્યાસક્રમમાં પણ શારીરીક શિક્ષણનો વિષય ભણાવવામાં આવે છે.

દેશમાં આજે ક્રિકેટ રમત બહુ જ પ્રખ્યાત છે. પણ આપણી રાષ્ટ્રીય રમત હોકી છે, જેમા આપણે વિશ્વમાં સૌથી વધુ વાર ચેમ્પીયન બન્યા છીએ. આપણી મુખ્ય રમતોમાં ફટબોલ, ખો-ખો, ટેનીશ, હોકી અને ક્રિકેટ આઉટ ડોરમાં ગણાય સાથે ઈનડોર સ્પોર્ટસમાં હેન્ડબોલ, વોલીબોલ, ટેબલ ટેનીસ અને બાસ્કેટ બોલ જેવી રમત ગણાય છે. છેલ્લા દશકામાં કબડ્ડીની રમત પણ દેશમાં ઘણી પ્રચલીત થઈ ગઈ છે. મનોરંજન પ્રવૃત્તિ માટે પણ દોડ, રેસ, દોરડાખેંચ, એરોબિકસ જેવી વિવિધ રમતો રમવામાં આવે છે. આજે ગલીક્રિકેટ ખુબજ જાણીતું બન્યું છે.

શાળામાં ભણતા છાત્રો પણ સ્પોર્ટસના તાસમાં વિવિધ રમતો રમીને શરીર ફીટ રાખી રહ્યા છે. આપણા દેશમાં ફીટ ઈન્ડીયા મુવમેન્ટ પણ ચાલી રહી છે. જેના પગલે લોકો તંદુરસ્તી પરત્વે જાગૃત થયા છે.શરીરની તંદુરસ્તી માટે વોકીંગ સાયકલીંગ જેવી ઘણી કસરતો કરીને આજનો મનાવી તંદુરસ્ત જીવન જીવી રહ્યો છે. પહેલાનાજમાનામાં ઘણા ગ્રાઉન્ડો રમત ગમત માટે હતા, શાળામાં પણ વિશાળ ગ્રાઉન્ડ હતા પણ આજના યુગમાં તો હવે બાળકોને રમવા માટે મેદાનોની અછત થઈ ગઈ છે. સાથે શાળા પણ મેદાન વગરની જોવા મળે છે. આજના દિવસની સાચી ઉજવણી દરેક મા-બાપે આજે સંતાનો સાથે આપણી દેશી રમતો રમીને ઉજવણી કરવાની જરૂર છે. આમ કરવાથી બાળકો આ રમત વિશે જાણશે અને અન્યો સાથે રમવા પ્રેરાશે.

આજના ઈન્ફરમેશન ટેકનોલોજી યુગમાં વિવિધ ઈલેકટ્રોનીક ગેઝેટ આવતા બાળકો મોબાઈલમાં જ ગેઈમ્સ રમવા લાગ્યા હોવાથી આપણી શ્રેષ્ઠ દેશી રમતો સાવ લુપ્ત થઈ ગઈ છે. રમતને સીધો સંબંધ મનોરંજ સાથે હોવાથી તે રમવાથી ટ્રેસ મૂકત થવાય છે. થપ્પો, નારગોલ, રૂમાલદાવ, ચોપાટ, ઈસ્ટો, ખુચામણી જેવી ઘણી રમતોની મઝા આજની પેઢીને ખબર જ નથી રમત રમતું બાળક, ધૂળમાં રમતું બાળક ખડતલ બનતું હતુ. આજે મા-બાપો જ બાળકોને રમવા બહાર જવા દેતા ન હોવાથી તે ઘરમાંજ મોબાઈલમાં વિવિધ ગેઈમ્સના આનંદ સાથે બેઠાડુ જીવન જીવતો થઈ ગયો છે. રમત ગમતથી લિડર શીપ અને એકાગ્રતા ના ગુણો ખીલે છે.

બાળક કે મોટેરા દરેકના જીવનમાં ફીટ અને સ્વસ્થ રહેવા માટે સ્પોર્ટસ અતી મહત્વનું છે. રમત ગમત ને જીવનનો અભિન્ન ભાગ બનાવીને દરેક વ્યકિતએ તેની રોજનીશીમાં સ્પોર્ટસ માટે સમય કાઢવો જ પડશે. સતત કામ અને ભાગ દોડની આજની જીંદગીમાં આપણને ડોકટર ચેતવણી આપે ત્યારે આપણે હળવી કસરત કે ચાલવું કે સાયકલીંગ કરવા લાગીએ છીએ. આજનો યુવાન ફિલ્મસ્ટારો જેવી બોડી બનાવવા માટે જીમમાં વધુ જાવા લાગ્યા છે. દરેક વ્યકિત આખા દિવસમાં ઓછામાં ઓછી એક કલાક કસરત કે મનગમતી આઉટ ડોર કે ઈનડોર ગેઈમ્સ રમવી જરૂરી છે.

આજનો ખેલ દિવસ શારીરીક પ્રવૃત્તિઓ, રમત ગમત સાથે એકંદર આરોગ્ય વિશે જાગૃતી લાવે છે.

આજે ફરી તંદુરસ્ત જીવન માટે સ્પોર્ટ્સના મહત્વની જાગૃતી લાવશે, સાથે રમત ગમતમાં દેશનું નામ રોશન કરનારને પ્રોત્સાહન પણ પૂરૂ પાડશે. તંદુરસ્ત જીવન શૈલી રમત ગમતમાં દેશનું નામ રોશન કરનારને પ્રોત્સાહન પણ પૂરૂ પાડશે.તંદુરસ્ત જીવન શૈલી જાળવવા અને રમત ગમતમાં સફળ કારકીર્દી બનાવવા નિયમિત તાલીમ પ્રેકટીસ, અભ્યાસ સાથે નિષ્ણાંતોનું કોચિંગ પણ જરૂરી છે.

### રમતગમત જ આપણને સ્પર્ધાત્મક ભાવના સાથે સફળતાનો આનંદ આપે


રોજીંદા જીવનમાં રમતો રમવાથી વ્યકિત શારીરીક અને માનસીક વિકાસ સારી રીતે થાય છે. રૂટીંગ કાર્ય કરતા નાની મોટી કસરતો આપણને વધુ આનંદ આપે છે.સ્પોર્ટસના કારણે સહનશકિત વધે છે, સાથે સારી ઉંઘ, સંતુલન, ફિટનેસ અને સ્થૂળતાનું જોખમ ઘટાડે છે. આપણા શરીરનાં હાડકા, સ્નાયુઓ, અસ્થિબંધન સાથે કરોડરજ્જુની તંદુરસ્તી અને વૃધ્ધિમાં વિકાસ કર છે. સ્પર્ધાત્મક ભાવના સાથે સફળતાનો આનંદ આપણને રમત જ આપે છે. આજનો દિવસ સૌને સંદેશ આપે છે. કે રમત રમતાં રમતાં પણ આપણે જીવી શકીએ છીએ, ફીટ અને સ્વસ્થ રહી શકીએ છીએ, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે દેશનું નામ રોશન કરનારને ખેલ રત્ન એવોર્ડ, અર્જુન એવોર્ડ, દ્રોણાચાર્ય એવોર્ડ, ધ્યાનચંદ એવોર્ડ જેવા વિવિધ એવોર્ડ આપીને સન્માન કરવામાં આવે છે. રમત ગમત આપણને ઘણા કૌશલ્યો શીખવે છે.

# રાષ્ટ્રસંત નમ્રમુનિ મહારાજના સાનિધ્યમા ઘાટકોપર પરમધામમાં પર્વાધિરાજ પર્વ ઉજવાશે

## સાંસ્કૃતિક કાર્યક્રમો, કિડ્સ પર્યુષણ મહાવીર જન્મોત્સવ એકઝીબીશનનો સોમવારથી થશે આરંભ

**અબતક,રાજકોટ**

વહેતી ભાત્સા નદીના તટે, હરિયાળા ઘટાદાર વૃક્ષોની ઓથે વસેલાં પરમધામ સાધના સંકુલના પ્રાંગણે રાષ્ટ્રસંત પરમ ગુરૂદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબના સાંનિધ્યે આગામી ૧.૦૯ થી ૦૮.૦૯ આઠ દિવસ સુધી પર્વાધિરાજ પર્યુષણ મહાપર્વના આગમનને વધાવતું ભવ્યાતિભવ્ય આયોજન કરવામાં આવ્યું છે.



પર્વના આઠ દિવસ દરમ્યાન દરરોજ વહેલી સવારથી અનેકવિધ કાર્યક્રમો અને આયોજનનો લાભ લેવા અનેક અનેક ક્ષેત્રોથી અનેક ભાવિકો પરમધામ પધારીને પર્વની આરાધના કરશે.

પર્વાધિરાજ પર્વ દરમ્યાન દરરોજ સવારના ૬:૩૦ થી ૭:૩૦ કલાકે આત્મ અવગુણો અને દોષો શુદ્ધિકરણના વિશિષ્ટ પ્રયોગ સ્વરૂપ ‘‘ઈનર ક્લિનિંગ કોર્સ‘‘ અંતર્ગત વિશેષ પ્રકારની ધ્યાન સાધના કરાવવામાં આવશે. દરરોજ સવારના ૮:૩૦ કલાકે પરમ ગુરુદેવની મધુર વાણીમાં બોધ પ્રવચન સીરીઝ ‘‘તું હૈ તો..‘‘ અંતર્ગત દેવ ગુરુ અને ધર્મ ઉપકારભાવ દર્શાવતા વિવિધ વિષયો પર બોધ ફરમાવવામાં આવશે. જેના અંતર્ગત ૧ સપ્ટેમ્બર ‘‘તુ હૈ તો ધર્મ પ્રેમ હૈ‘‘, ૨ સપ્ટેમ્બર ‘‘તુ હૈ તો ભૂલના આસાન હૈ‘‘, ૩ સપ્ટેમ્બર ‘‘તુ હૈ તો સાધના જીવંત હૈ‘‘, ૪ સપ્ટેમ્બર ‘‘તુ હૈ તો શ્રદ્ધા અતૂટ હૈ‘‘, ૫ સપ્ટેમ્બર ‘‘ભગવાન મહાવીર જન્મોત્સવ‘‘, ૬ સપ્ટેમ્બર ‘‘તુ હૈ તો દોષોં કી વિશુધ્ધિ હૈ‘‘, ૭ સપ્ટેમ્બર ‘‘તુ હૈ તો મુસ્કિલે આસાન હૈ‘‘, ૮ સપ્ટેમ્બર ‘‘તુ હૈ તો ક્ષમા આસાન હૈ‘‘ વિષયો સાથે ભાવિકોને આત્મહિતની પ્રેરણા આપવામાં આવશે. સમયે દરરોજ ૬:૩૦ કલાકે પાપક્ષય કરાવતી ‘‘પ્રતિક્રમણની‘‘ આરાધના કરાવવામાં આવશે. દરરોજ રાત્રિના ૦૮.૦૦ કલાકે સુવિખ્યાત ગાયક કલાકાર દેવાંગભાઈ દોશી, જતીનભાઈ બીદ, હાર્દિકભાઈ શાહ તેમજ શૈલભાઈ શાહના મધુર કંઠે પ્રભુ ભક્તિની પાવન રંગત રેલાશે. દરરોજ રાત્રીના ૮:૩૦ કલાકે ‘‘વિજયી ભવઃ‘‘ રાત્રિ પ્રવચનમાળા અંતર્ગત પ્રથમ દિવસે - ‘‘કરુણા કી જીત‘‘, દ્વિતીય દિવસે - ‘‘ સત્ય કી જીત‘‘, તૃતીય દિવસે - ‘‘વિશ્વાસ કી જીત‘‘, ચતુર્થ દિવસે - ‘‘સમભાવ કી જીત‘‘, પંચમ દિવસે - ‘‘પ્રેમ કી જીત‘‘, છઠ્ઠા દિવસે - ‘‘સંતોષ કી જીત‘‘, સાતમા દિવસે - ‘‘સ્વયં કી જીત‘‘, વિષયો સાથે જીવન સાર્થકતાની પ્રેરણા આપવામાં આવશે.

રાત્રિના ૯:૦૦ કલાકે, પ્રત્યક્ષ કે લાઈવના માધ્યમે જોડાએલાં જિજ્ઞાસુ ભાવિકોના મનમાં ઉઠતા ધર્મ સંબંધીત પ્રશ્નોનું પરમ ગુરુદેવના શ્રી મુખેથી સમાધાન આપતો અનોખો કાર્યક્રમ ‘‘રિલીઝન એન્ડ રીયાલિટી‘‘ યોજાશે. ૦૫.૦૯ પર્વના પંચમ દિવસે સવારના ૮:૩૦ કલાકથી ‘‘ભગવાન મહાવીર જન્મોત્સવ‘‘ અંતર્ગત માતા ત્રિશલાદેવીને આવેલા ૧૪ મહાસ્વપનના દિવ્ય દર્શન તેમજ બાળ હૃદયમાં શ્રેષ્ઠ સંસ્કારોના સિંચનની પ્રેરણા આપતા પ્રેરણાત્મક ‘‘પેરેન્ટિંગ ડ્રામા‘‘ ની પ્રસ્તુતિ સાથે ભક્તિ ભીના પ્રભુ જન્મના વધામણાનો કાર્યક્રમ યોજાશે. ૦૭.૦૯ પર્વના સપ્તમ દિવસે ૮:૩૦ કલાકે ‘‘વર્લ્ડ નવકાર ડે‘‘ કાર્યક્રમ અંતર્ગત એક જ સમયે, એક સાથે, દેશ-વિદેશના લાખો ભાવિકો નમસ્કાર મંત્રના ગુંજારવદ્વારા વિશ્વશાંતિના તરંગો પ્રસરાવશે.

પર્વના અંતિમ દિવસે ૦૮.૦૯ બપોરના ૦૩.૦૦ થી ૦૫.૦૦ કલાકે પરમ ગુરુદેવના શ્રીમુખેથી ભવોભવના પાપ દોષોથી કટઓફ કરાવતી શ્રાવકદીક્ષાની અર્પણતા સાથે જન્મ- જન્માંતરના દોષોની વિશુધ્ધિ સ્વરૂપ સવંત્સરી આલોચના વિધિ કરાવવામાં આવશે. સાંજના ૬:૩૦ કલાકે સવંત્સરી પ્રતિક્રમણની આરાધના કરીને આત્મશુધ્ધિ કરાવવામાં આવશે. આયોજિત થએલાં આ દરેક કાર્યક્રમની સાથે અંતરદ્રષ્ટિને ઉજાગર કરતાં વિશિષ્ટ કાર્યક્રમો, અદભુત પ્રેકટીકલ પ્રયોગો, હૃદય સ્પર્શી ડ્રામા, મુવી આદિ સાંસ્કૃતિક કાર્યક્રમોની પ્રસ્તુતિ સાથે પ્રેરણા આપવામાં આવશે. પારસધામ સાધના સંકુલના વિશાળ પ્રાંગણમાં મોર્ડન ટેકનોલોજી અને કલાના સુસંગમ સ્વરૂપ કર્મ સિદ્ધાંત આધારિત ગ્રેન્ડ લેવલનું ‘‘લુક એન લર્ન‘‘ કર્મ એક્ઝીબિશનનું સર્જન કરવામાં આવ્યું છે. મુલાકાતી ભાવિકોને જીવંતતાની અનુભૂતિ કરાવતાં અનેક પ્રકારના શ્રેષ્ઠ પ્રકલ્પો અને કલાકૃતિ સાથે પ્રભુ પ્રરૂપિત કર્મ સિદ્ધાંતના સત્યની સમજ આપવામાં આવશે.

રાજકોટ દૂધ સંઘના ચેરમેન ગોરધન ધામેલીયાના અધ્યક્ષ સ્થાને

## વીરપુર સેવા સહકારી મંડળીની વાર્ષિક સાધારણ સભા યોજાઈ



**અબતક,રાજકોટ**

વીરપુર (જલારામ) ગામે વીરપુર જુથ સે.સ.મં.લી. ની ૬૯ મી વાર્ષિક સાધારણ સભા રાજકોટ દુધ સંઘના ચેરમેન અને રાજકોટ જીલ્લા સહકારી બેંકના ડીરેક્ટર ગોરધનભાઈ ધામેલીયા જેઓ છેલ્લા ૩૧ વર્ષથી મંડળીના પ્રમુખ તરીકે વરાયેલ છે, તેઓના અધ્યક્ષ સ્થાને યોજવામાં આવેલ.

મંડળીના સંચાલક મંડળએ તૈયાર કરેલ વાર્ષિક હિસાબો રજુ કરતા પ્રમુખએ જણાવેલ ચાલુ વર્ષે મંડળીએ કરકસરયુક્ત વહીવટ કરીને રૂ.૪૦.૦૦ લાખનો પાકો નફો કરેલ છે અને સભાસદોને ૧૫% મુજબ ડીવીડન્ડ જાહેર કરેલ.

મંડળીના ઉપપ્રમુખ જનકભાઈ ડોબરીયાએ આ પ્રસંગે મંડળી સાથે જોડાયેલ વીરપુર, કાગવડ અને થોરાળાના ખેડૂત સભાસદોને બહોળી સંખ્યમાં હાજર રહેવા બદલ આવકારેલ અને આભાર દર્શન પ્રગટ કરેલ.

આ પ્રસંગે જેતપુર માર્કેટીંગયાર્ડના ચેરમેન જમનભાઈ ભુવા, તાલુકા સંઘના પ્રમુખ ચંદુભાઈ વેકરીયા અને *IFFCO* ના સ્ટેટ માર્કેટીંગ મેનેજર, અમદાવાદ ગજેરા સહકારી પ્રેસના ચેરમેન રવજીભાઈ હીરપરા, તાલુકા ભાજપ પ્રમુખ અશોકભાઈ ઉઘાડ,તાલુકા પંચાયતના સદસ્ય દિનેશભાઈ વઘાસીયા, ગોપાલભાઈ અમીપરા, રાજ-કોટન ઉપપ્રમુખ રમેશભાઈ મુળિયા, જેતપુર માર્કેટીંગ યાર્ડ ડિરેક્ટર હરેશભાઈ વેકરીયા તેમજ તાલુકા ભરમાંથી સહકારી અને પંચાયત ક્ષેત્રના આગેવાનો, અને મંડળી સાથે જોડાયેલ ખેડૂત સભાસદો બહોળી સંખ્યામાં હાજર રહ્યા હતા.

## કાર્યક્રમોની યાદી

અબ તક CHANNEL

**તારીખ ૨૯-૦૮-૨૦૨૪ ગુરુવાર**

૧૧:૦૦ થી ૦૨:૦૦ ગુજરાતી મુવી (નાડી દોષ)
૦૨:૦૦ થી ૦૩:૦૦ મોટીવેશનલ સ્પીચ (સંજય રાવલ)
૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ(હમસ વિથ પિતા બ્રેડ)
૦૩:૩૦ થી ૦૪:૦૦ હેલ્થ વેલ્થ (સુજોગ થેરાપી નું મહત્વ)
૦૪:૦૦ થી ૦૪:૩૦ ચાય પે ચર્ચા (સિદ્ધાંત ચાણક્ય)
૦૪:૩૦ થી ૦૫:૦૦ સ્પે.સ્ટોરી(ઈમ્યુનિટી સ્ટોરી)
૦૫:૦૦ થી ૦૭:૦૦ ગુજરાતી નાટક(આ કોકીલાનું કંઈક કરો)
૦૭:૦૦ થી ૦૭:૩૦ સ્ટેન્ડઅપ કોમેડી
૦૭:૩૦ થી ૦૮:૦૦ મનુ મોજીલો
૦૮:૦૦ થી ૦૯:૦૦ ચાલને જીવી લઈએ
૦૯:૦૦ થી ૧૨:૦૦ કલાકુંભ

**તારીખ ૩૦-૦૮-૨૦૨૪ શુક્રવાર**

૦૭:૦૦ થી ૦૯:૦૦ શિવ કથા (પૂ.ગીરી બાપુ)
૦૯:૦૦ થી ૧૦:૦૦ શ્રાવણ માસ લાઈવ સોમનાથ મહાદેવ
૧૦:૦૦ થી ૧૧:૦૦ રસથાળ
૧૧:૦૦ થી ૧૨:૦૦ ગીત ગુંજાવલી

## અબતક પંચાગ

**તા.૩૦-૮-૨૦૨૪ શુક્રવાર**

| | |
|---|---|
| વિક્રમ સંવત | ૨૦૮૦ **શાલીવાહન શકિ:** ૧૯૪૬ |
| ખ્રિસ્તી સંવત | ૨૦૨૪ |
| તિથી | શ્રાવણ વદ બારશ શ્રીજીવંતિકા પૂજન |
| નક્ષત્ર | પુનવર્સુ |
| યોગ | વ્યતિપાત **કરણઃ** કૌલવ |
| સુર્યોદય | ૬.૩૦ **સુર્યાસ્તઃ** ૭.૦૫ |
| ચંદ્ર રાશી | મિથુન સવારે ૧૧.૩૫થી કર્ક |
| રાશિ અક્ષર | ક.છ.ઘ./ડ.હ |
| દિશાશૂળ | પશ્ચિમ દિશાતરફ |
| રાહુકાળ | સવારે ૧૦.૩૦ થી ૧૨ |
| દિવસનાચોઘડીયા | ચલ,લાભ,અમૃત,કાળ,શુભ,રોગ,ઉદવેગ,ચલ |
| રાત્રીનાચોઘડીયા | રોગ,કાળ,લાભ,ઉદવેગ,શુભ,અમૃત,ચલ,રોગ |
| અભિજીત મુહૂર્ત | બપોરે ૧૨.૨૨ થી ૧.૧૨ |

શાસ્ત્રી રાજદીપ ડી. જોષી - ૯૯૨૫૬ ૧૧૯૭૭

## સૂડોકુ -૯૫

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | | | | | | ૨ | ૧ | ૫ |
| | | | | ૯ | | ૭ | | |
| | | ૭ | | | ૫ | | ૯ | |
| | ૮ | ૧ | | | ૯ | ૪ | | |
| ૫ | | | ૭ | | | ૬ | | |
| | ૩ | | | | | | | |
| ૯ | | ૨ | | | ૮ | | ૪ | ૬ |
| | ૭ | | | | | | | ૮ |
| | | | | ૬ | | | ૫ | ૭ |

આપેલા ચોરસમાં ખૂટતા અંકો ભરો કે દરેક કોલમ દરેક હરોળ અને 3x3 ના બોકસમાં ૧ થી ૯ સુધીના આંકડા આવે. આપેલા આંકડાઓનો તમે સ્થાન ફેર કરી શકશો નહિ. અહીં આપેલા અંકો સિવાયના ખૂટતા અંકો મેળવો.

## સૂડોકુ-૯૪ ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૫ | ૨ | ૩ | ૬ | ૭ | ૯ | ૪ | ૮ | ૧ |
| ૬ | ૮ | ૯ | ૫ | ૪ | ૧ | ૨ | ૭ | ૩ |
| ૧ | ૭ | ૪ | ૩ | ૮ | ૨ | ૫ | ૬ | ૯ |
| ૭ | ૫ | ૧ | ૨ | ૬ | ૪ | ૯ | ૩ | ૮ |
| ૯ | ૪ | ૮ | ૭ | ૫ | ૩ | ૬ | ૧ | ૨ |
| ૨ | ૩ | ૬ | ૯ | ૧ | ૮ | ૭ | ૫ | ૪ |
| ૮ | ૧ | ૫ | ૪ | ૯ | ૭ | ૩ | ૨ | ૬ |
| ૩ | ૯ | ૭ | ૧ | ૨ | ૬ | ૮ | ૪ | ૫ |
| ૪ | ૬ | ૨ | ૮ | ૩ | ૫ | ૧ | ૯ | ૭ |

## આજનું રાશિફળ

### તા.૨૯.૮.૨૦૨૪ ગુરૂવાર, સંવંત ૨૦૮૦ શ્રાવણ વદ અગિયારસ, આર્દ્રા નક્ષત્ર, સિદ્ધિ યોગ, બવ કરણ, આજે જન્મેલાંની ચંદ્રરાશિ મિથુન (ક,છ,ઘ) રહેશે

**મેષ (અ,લ,ઈ)** : તમારા રસ-રુચિમાં આગળ વધી શકો, રચનાત્મક પ્રવૃત્તિ કરી શકો,આગળ વધવાની તક પ્રાપ્ત થાય.

**વૃષભ (બ,વ,ઉ)** : પરિવાર માટે વિચારવા નો સમય મળે, સામાજિક કૌટિમ્બિક કાર્ય કરી શકો, દિવસ પ્રગતિકારક રહે.

**મિથુન (ક,છ,ઘ)** : તમારા વ્યક્તિત્વને નિખાર આપી શકો, અંગત વ્યક્તિઓ સાથે મતભેદ નિવારી શકો, આનંદ દાયક દિવસ.

**કર્ક (ડ,હ)** : માનસિક વ્યગ્રતાનો અનુભવ થાય, નેગેટિવ વિચારો ટાળવા સલાહ છે, દિવસ એકંદરે સારો રહે.

**સિંહ (મ,ટ)** : નજીકના સ્થળોએ જવા આવવાનું થાય, નવા લોકો સાથે મળવાનું બને, આગળ વધવાની તક પ્રાપ્ત થાય.

**કન્યા (પ,ઠ,ણ )** : કામકાજ સારી રીતે પૂર્ણ કરી શકો, પરિવાર સાથે સમય વિતાવી શકો, આનંદ માણી શકો, શુભ દિન.

**તુલા (ર,ત)** : લાંબા સમયથી અટકેલા કાર્ય પૂર્ણ કરી શકો, તમારા કાર્ય માં ઈશ્વરી સહાય પ્રાપ્ત થાય, કામમાં સફળતા મળે.

**વૃશ્ચિક (ન,ય )** : જીવનમાં પરિવર્તનની શરૂઆત થતી જોવા મળે, મનોમંથન કરી શકો, પોઝિટિવ વિચારો થી લાભ થાય.

**ધન (ધ,ભ,ફ,ઢ )**: જુના પ્રશ્નોનો હલ કરી શકો, તમારા અંદરૂની મામલા નિપટાવી શકો,દિવસ સફળ રહે.


**મકર (ખ,જ)** : વિશ્વાસપાત્ર વ્યક્તિ સાથે સમય વિતાવવો, કુસંગત અને વ્યસન થી દૂર રહેવા સલાહ છે, વાણી માં સંયમ રાખવો.

**કુંભ (ગ,સ,શ)** : વિદેશ જવા ઈચ્છતા મિત્રોને સારું રહે, વિદ્યાર્થીવર્ગને સારું રહે,ઉચ્ચ અભ્યાસ માં સારું કામ કરી શકો.

**મીન (દ,ચ,ઝ,થ)** : શત્રુઓ પર વિજય મેળવી શકો, કોર્ટ કચેરીમાં રાહત મળે, અટકેલા કાર્ય પૂર્ણ કરી શકો.

## મંગળની ઉગ્રતા આર્દ્રા નક્ષત્રમાં વિશેષ જોવા મળશે

મંગળ મહારાજ મિથુન રાશિમાં પ્રવેશી ચુક્યા છે અને ખાસ્સો સમય મિથુન રાશિમાં રહેવાના છે લગભગ ૨૦ ઓક્ટોબર સુધી તેઓ મિથુન માં રહેશે અને કર્કમાં ગયા પછી પણ વક્રી થઈ ફરી બે માસ જેટલો સમય મિથુન માં આવવાના છે મંગળ ને બુધના ઘરમાં ખાસ ફાવતું નથી! અહીં તે પોતાનું કૌશલ્ય બતાવવા પ્રયત્ન કરે છે પણ એ ચક્કરમાં કૈક અજુગતું જ કરી નાખે છે ખાસ કરીને અગાઉ લખ્યા મુજબ મંગળના મિથુનમાં આવવા સાથે જ ઈઝરાયેલ મોરચે યુદ્ધ વકર્યું છે તો રશિયા યુક્રેન પણ નવેસરથી જોશમાં આવી ને એકબીજા પર મોટા એટેક કરી રહ્યા છે જે સિલસિલો સપ્ટેમ્બરમાં વધશે અને આ સિવાયના યુદ્ધ મોરચા પણ ખુલતા જોવા મળશે! મંગળની ઉગ્રતા આર્દ્રા નક્ષત્રમાં વિશેષ જોવા મળશે જેથી સપ્ટેમ્બર યુદ્ધ બાબતે વધુ ચિંતાજનક રહેશે વળી આ સમયમાં વિશેષ હથિયારોનો પ્રયોગ થતો જોવા મળશે તો ખાસ આ સમયમાં ગળું કાપી હત્યા કરવાના બનાવો બનતા જોવા મળશે. લાંબા સમય સુધી બુધના ઘરમાં મંગળ બોલવામાં આવેશ બતાવે છે વળી વાતચીતમાં ગેરસમજ મોટાપાયે થતી જોવા મળશે તો કમ્યુનિકેશન ક્ષેત્રે પણ યુદ્ધ જેવી સ્થિતિ જોવા મળશે અને કંપનીઓ વચ્ચે હરીફાઈ અને મોટા પાયે ફેરફાર જોવા મળશે!



જ્યોતિષાચાર્ય
રોહિત જીવાણી-૭૯૯૦૫૦૦૨૮૨

# દ્વારકા બન્યું ખરા અર્થમાં ''બેટ'' દ્વારકા



તસવીરઃ મહેન્દ્ર કક્કડ, દ્વારકા

**અબતક, મહેન્દ્ર કક્કડ, દ્વારકા**

દ્વારકા શહેરમાં વરસાદની ઐતિહાસિક નોંધ લેવાઇ છે. મોસમનો કુલ વરસાદ ૮૬ ઇંચને પાર કરી ગયો છે. બપોરે ૨ કલાકે તિથિના ક્રમ મુજબ અને દરિયો ગાંડોતુર બનતા ગોમતીઘાટના ઘાટો પાણીમાં ડુબી ગયા છે તો ઘાટ ઉપર આવેલ શિવ મંદિરો તથા મહાપ્રભુજીના બેઠકજી અને ગોમતી માતા મંદિર તથા દેવી-દેવતાઓના મંદિરો તથા પરિસરમાં પાણી ઘુસી જતા મંદિરોમાં થતી સેવા-પૂજામાં વિક્ષેપ પડ્યો છે.

સમગ્ર દ્વારકાના કાંઠાળનું પાણી કાળું ડિબાંગ બની રહ્યું છે તો સમુદ્રની ઉંચાઇ ૨૫ ફૂટ ઉપરની થઇ ગઇ છે ત્યારે વરસાદ તથા દરિયાઇ મોજાના કારણે સુદામા સેતુ તથા ધીરૂભાઇ અંબાણી માર્ગ ઉપર આવેલ દુકાનો તથા રેસ્ટોરન્ટ અને હોટેલો સુધી પાણી ઘુસી ગયા છે. દ્વારકા નજીકના સમુદ્રમાં એક માચ્છીમારી બોટ સમુદ્રમાંથી પરત આવી રહી ત્યારે ડૂબવા લાગતા કોસ્ટ ગાર્ડના હેલીકોપ્ટરની મદદથી રેસ્કયૂ કરી માછીમારોને બચાવી લેવાયા છે.

ગુજરાત પર મંડાયેલી વરસાદી સીસ્ટમથી દેવભૂમિ દ્વારકા જિલ્લાના ચારેય તાલુકાઓમાં સાર્વત્રિક મેઘતાંડવ જોવા મળ્યો છે. યાત્રાધામ દ્વારકામાં પણ

## સિઝનનો ૮૬ ઇંચ વરસાદ, લોકજીવન થયું ઠપ્પ

અનરાધાર વરસાદને લીધે જળબંબાકાર જેવી સ્થિતિ જોવા મળી રહી છે. અને નીચાણવાળા વિસ્તારો ઉપરાંત અનેક માર્ગો પર વરસાદી પાણી ફરી વળ્યા છે. દેવભૂમિ દ્વારકા જિલ્લાના ચારેય તાલુકાઓમાં સાર્વત્રિક રીતે મેઘતાંડવ જોવા મળ્યો છે. છેલ્લાં ચોવીસ કલાકમાં દ્વારકા તાલુકામાં ૧૬ ઇંચ, ખંભાળીયા તાલુકામાં ૧૮ ઇંચ, કલ્યાણપુર તાલુકામાં ૧૦ ઇંચ તથા ભાણવડ તાલુકામાં ૧૨ ઇંચ વરસાદ નોંધાતા મેઘતાંડવ જેવી સ્થિતિ સર્જાઇ હતી.

## ગોમતી નદીના તમામ ઘાટો દરિયામાં ડુબ્યા




શહેરનાં નિચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા હતા. આ સાથે સમુદ્ર સાથે જોડાયેલી ગોમતી નદીમાં પણ વ્યાપક વરસાદને લીધે સમુદ્રમાં જોવા મળતાં કરન્ટને લીધે તેમજ વ્યાપક વરસાદ થી ગોમતી નદીના તમામ ૧૬ ઘાટો તેમજ નવા ગોમતી ઘાટો પર વરસાદી પાણી ફરી વળ્યા હતા. દ્વારકાના ગોમતીઘાટ પર આવેલ શ્રીકૃષ્ણ મંદિરમાં પણ કમરડૂબ પાણી ભરાયા હતા.

## દ્વારકાના દરિયામાં ફસાયેલાં ૧૩ માછીમારોનું કરાયું રેસ્ક્યૂ

દ્વારકાના દરિયામાં ૧૩ જેટલા માચ્છીમારો ફસાયા હોવાની જાણ થતાં ઈન્ડીયન કોસ્ટગાર્ડ દ્વારા ૧૩ જેટલા માચ્છીમારોનું બોટ સાથે રેસ્કયુ કર્યુ હતું અને ઓખા બંદર ખાતે સલામત સ્થળે ખસેડ્યા હતા. હવામાન વિભાગની ભારે વરસાદની આગાહી અનુસાર દેવભૂમિ દ્વારકા જિલ્લામાં વરસતા - અનરાધાર વરસાદને લીધે વહીવટી તંત્ર, પોલીસ, માર્ગ અને મકાન, ફાયર સહિતના વિભાગો ૨૪ કલાક ખડેપગે ફરજ બજાવી રહ્યા છે. આવળપરા વિસ્તારમાં પાણી ભરાયા હોય જે અંગે તંત્રને જાણ થતાં પ્રાંત અધિકારી હિતેશ ભગોરાના માર્ગદર્શનમાં નગરપાલીકાના ફાયર એન્ડ રેસ્કયુ ટીમના જવાનો દ્વારા ૧૫ જેટલા નાગરીકોનું રેસ્કયુ કરી સલામત સ્થળે ખસેડવામાં આવ્યા હતા

## વાંકાનેરઃ મચ્છુ ઓવર ફલો થતા નીચાણવાળા વિસ્તારોમાં એલર્ટ



ભારે વરસાદના પગલે મચ્છુ-૧ ઓવરફલો થતા નીચાણવાળા વિસ્તારોને એલર્ટ કરાયા હતા. (તસવીરઃ લીતેશ ચંદારાણા, વાંકાનેર)

# ગોંડલઃ લોકમેળો બંધ રહેતા સ્ટોલધારકોએ માંગ્યુ રીફંડ

**અબતક, જીતેન્દ્ર આચાર્ય, ગોંડલ**



ગોંડલની સંગ્રામસિંહ હાઈસ્કૂલનાં મેદાનમાં નગરપાલિકા દ્વારા યોજાતો લોકમેળો અવિરત વરસાદ ને કારણે બંધ રહ્યા બાદ મેળાનાં વેપારીઓ એ નગરપાલિકા પાસે રીફંડની માંગ કરી છે. આ અંગે ધારાસભ્યને પણ રજુઆત કરાઇ છે.

નગરપાલિકા દ્વારા ટેન્ડર પધ્ધતિ થી મેળાનાં મેદાન ની હરરાજી કરાઇ હતી.જેમા કીરીટભાઇ મકવાણાનું રૂ.૭૧ લાખ નું ટેન્ડર મંજુર રહ્યુ હતુ.નગરપાલિકાને તળીયા નાં ભાવ થી પણ રૂ.૨૦ લાખ ની વધુ આવક થઈ હતી. મેળાનાં ઉદઘાટનનાં દિવસથી સતત વરસાદ વરસતો હોય અને મેદાનમાં પાણી ભરાયા હોય આખરે મેળો રદ કરાયો હતો. કિરીટભાઇ મકવાણાએ જણાવ્યુ કે મેળો શરૂ થયોનાં હોય વેપારીઓને પારાવાર નુકસાન થયુ છે. મેળામાં રોકેલા પૈસાનુ વરસાદને કારણે ધોવાણ થતા વેપારીઓની હાલત કફોડી બની છે. દુર દુર થી ધંધો કરવા આવેલા રાઇડ્સનાં ધંધાર્થીઓ પાસે પરત ફરવાનાં પૈસા નથી. ત્યારે નગરપાલિકા પાસે રીફંડ મેળવવા રજુઆત કરાઇ છે. આ અંગે ધારાસભ્ય ગીતાબા જાડેજાને પણ રજુઆત કરાઇ છે.

મેળામાં રોકાણકારોને સવા કરોડ થી વધુ રોકાણ થયુ હોય વિકટ પરિસ્થિતિ સર્જાઇ છે. બીજી બાજુ મેળા કમીટીનાં ચેરમેન રાજેન્દ્રસિંહ જાડેજાએ જણાવ્યું કે મેળાનાં વેપારીઓ દ્વારા રીફંડ અંગેની રજુઆત સંદર્ભે રાજ્ય સરકાર પાસે માર્ગદર્શન મંગાયુ છે. સરકારનાં નિર્ણય મુજબ યોગ્ય કરાશે. તેવુ જણાવ્યુ હતુ.

## લાચાર 300 રાઇડ કારીગરોને ગોપાલભાઇ ટોળીયાએ આપ્યો આશરો

ગોંડલનો લોકમેળો અવિરત વરસાદને કારણે બંધ રહેતા રાજસ્થાનથી આવેલા ઉચકનીચક, ચકરડી, ડ્રેગન સહિત રાઇડ્સનાં 300 જેટલા કારીગરો અટવાયા હોય અને બે ટાઇમ જમવાના પણ ફાફા પડ્યા હોય કારીગરોની લાચારીની જાણ ગૌસેવક ગોપાલભાઈ ટોળીયાને થતા તેમના દ્વારા ચાલી રહેલા જે ભગવાન અન્નક્ષેત્રમાં તમામની ભોજન વ્યવસ્થા કરી આપતા કારીગરોનાં પરીવારની આંખો છલકી ઉઠી હતી. છેલ્લા પંદર દિવસથી કારીગરો સંગ્રામસિંહ હાઈસ્કૂલનાં મેદાનમાં રાઇડ્સો ઉભી કરવાનું કામ કરી રહ્યા હતા. બધુ તૈયાર થયુ ત્યાં વરસાદ વેરી બનતા કોઈ આવકનાં હોય કારીગરો હેરાન થયા હતા. હજુ કેટલા દિવસનું રોકાણ મેદાનમાં થશે એ કહેવું મુશ્કેલ હોય ગોપાલભાઈ ટોળીયા તેમની મદદે દોડી ઉઠ્યા હતા.

## વાંકાનેરમાં એનડીઆરએફનું રેસ્કયું ઓપરેશન



વાંકાનેર પંથકમાં ભારે વરસાદના પગલે બચાવ કામગીરી માટે એનડીઆરએફની ટીમ તૈનાત કરવામાં આવી હતી નીચાણવાળા વિસ્તારોમાં એનડીઆરએફના જવાનોએ લાકોને સલામત સ્થળે ખસેડયા હતા. (તસવીરઃ લીતેશ ચંદારાણા, વાંકાનેર)

# સતત ૪૮ કલાક વહીવટી તંત્ર ફિલ્ડમાં રહી ઉપલેટાને મુસીબતમાંથી ઉગારી લીધું

## કોઈ જાનહાની નહીઃ મોડી રાત્રે રેસ્કયુ કરી ચાર લોકોને બચાવ્યાઃ મામલતદાર ધનવાણી, ચીફ ઓફીસર ઘેટીયા, પી.આઈ. ગોહિલ, ઈરીગેશન ઈજનેર જાવીયા, યોગાનંદીની મહેનત રંગ લાવી

**અબતક, કિરીટ રાણપરીયા, ઉપલેટા**



ઉપલેટામાં જન્માષ્ટમીના તહેવાર લોકોએ વરસાદને કારણે ઘરમાં વિતાવ્યો જ્યારે અધિકારીઓએ રજાની પરવા કર્યા વગર સતત ૪૮ કલાક ફિલ્ડમાં રહી વિવિધ જગ્યાએ દિલધડક રેસ્કયુ કરી ચાર લોકોને બચાવી લીધા હતા જયારે અનેક લોકોને દવાખાને પહોચાડવામાં મદદ રૂપ થઈ ઉપલેટા પંથકને અનેક મુસીબતમાંથી ઉગારી લેવામાં વહીવટી તંત્રની કામગીરી નમુનારૂપ રહી જિલ્લા તંત્રે પણ નોંધ લીધી હતી.

ઉપલેટા પંથકમાં જન્માષ્ટમીના તહેવારના દિવસે જ મેઘરાજાએ જોરદાર મુકામ કરી સમગ્ર ઉપલેટા પંથકમાં ચારેય બાજુ થી વરસાદને કારણે જળરાશીએ ઘેરી લીધું હતુ. પંથકની ત્રણ મોટી નદીઓ ભાદર, વેણુ અને મોજ નદી ભયજનક સપાટી વટાવી ગણોદ, નિલાખા, મેખાટીબી, લાઠ, મજેઠી જેવા ગામો પાણી ઘુસી જતા એક સમયે ભારે અફડાતફડી મચી જવા પામી હતી. સમગ્ર પંથક જળરાશી ફરી વળતા પ્રાંત અધિકારી જયેશ લિખીયા પણ ઉપલેટા દોડી આવ્યા હતા. અને ગ્રામ્ય વિસ્તારમાં મુલાકાત લઈ સ્થાનીક તંત્રને વિવિધ સૂચનો કર્યા હતા.

બીજી ઘયનામાં ગણોદ ગામની યુવતી ને જેરી જનાવર કરડી જતા દવાખાને સરવાર ત્રણ કલાક રાહજોવા છતા પાણી ઓછુ ન થતા આખરે મામલતદાર મહેશ ધનવાણીએ ખુદ પાણીમાં ઉતરી એસડીઆરએફની ટીમને સહયોગ કરી મહામેનતે ઝેરી જનાવરના કરડી જનાર દર્દી મીતલ બેન નરેન્દ્રભાઈ મનચુરીયા ઉ.૨૩ને વહેલી સવારે ઉપલેટા સારવારમાં માટે ૧૦૮ મારફત હોસ્પિટલે ખસેડવામાં આવ્યા હતા જયારે પી.આઈ. ગોહિલ ફિલ્ડમાં હતા તે દરમ્યાન હાડફોડીરોડ ઉપર બેઠા રોડઉપર એસ.ટી.બસ પાણીમાં ફસાઈ જતા તાત્કાલીક નગરપાલીકાનું જેસીબી મંગાવી બસને રેસ્કયુ કરતા તમામ મુસાફરોને સહી સલામત બહાર કાઢ્યા હતા. જયારે પાલીકાના ચીફ ઓફીસર નિલમ ઘેટીયા તેમની ટીમ સાથે નીચાણવાળા સ્મશાન રોડઉપર રહેલા ચારેય લોકો વાયર લેવા જતા પાણીમાં ફસાઈ જતા ચારેયને સ્થાનીક તરવૈયાની મદદથી સહી સલામત સ્થળે લઈ જવાયા હતા જયારે સિંચાઈ ભિવગાના ઈજનેર પાવન જાવીયા અને યોગાનંદી સતત ડેમ સાઈટ પર રહી પાણીની ગતીવિધી જોઈ રહ્યા હતા.


તસવીરઃ શહેઝાદ બાદશાહ

મામલતદાર મહેશ ધનવાણી તેમની ટીમ સાથે સમગ્ર તાલુકામાં સતત ૪૮ કલાક સંપર્કમાં રહી કંટ્રોલરૂમ સંભાળી લીધો હતો. પણ પાણીની સપાટી સતત વધારો થતા તેઓ ખુદ ૪૮ કલાક ફીલ્ડમાં ઉતરી મોડીરાત્રે પ્રાંત અધિકારી સંપર્ક કરી ગોંડલથી એસડીઆરએફની ટીમ બોલાવી ગાણોદ ગામે ખેતર વિસ્તારમાં પાણીમાં ફસાયો લોકોને રેસ્કયુ કરી ઉગારી લીધા હતા. જયારે

## ધારાસભ્ય પાડલીયાનો ઉપલેટામાં પડાવ



ઉપલેટાના ધારાસભ્ય ડો. મહેન્દ્રભાઈ પાડલીયા સતત વહીવટી તંત્રની સંકલનમાં રહી ત્રણ દિવસ થયા શહેરમાં પડાવ નાખી વિવિધ વિસ્તારોની માહિતી મેળવી રહ્યા હતા ગઈકાલે બપોર બાદ ગ્રામ્ય વિસ્તારની મુલાકાત લઈ ભારે પાણીના કારણે થયેલુ નુકશાનીનો તાગ સ્થાનીક ખેડુતો આગેવાનો પાસેથી મેળવ્યો હતો. તેમની સાથે સ્થાનીક મહામંત્રી જીજ્ઞેશભાઈ, અશોકભાઈ લાડાણી, કરશનભાઈ ધ્રાંગુ રાજ વાઢેર અશ્વીનભાઈ લાડાણી, જોડાયા હતા.




## નીચાણવાળા વાડલા રોડ, જડેશ્વરના ખાડા વાળાને લોકોને સહી સલામત ખસેડાયા

નીચાણવાળા વિસ્તાર જળેશ્વરના ખાડો અને વાડલારોડ, ખોડીયાર મંદિર, રબારી નેશ, ચુનાની ભઠ્ઠી, સહિતના વિસ્તારના લોકોને શિશુ મંદિરની સ્કુલમાં ઉતારો આપી સતત નગરપાલીકાના ચીફ ઓફીસર નિલમ ઘેટીયા સંપર્કમાં રહી સતત ૪૮ કલાકની જાણકારી મેળવતા રહ્યા હતા જયારે સોનલ નગરમાં મામલતદાર ધનવાણી, ચીફ ઓફીસર ઘેટીયા, પી-આઈ ગોહિલ, હરપાલસિંહ જાડેજા ઘસી ગયા હતા અને ત્યાંના લોકોને સાવચેત રહેવા જણાવ્યું હતુ.

## અતિવૃષ્ટિ સંદર્ભ મળેલી બેઠકમાં ઉપલેટા વિસ્તારના સ્થાનિક તંત્રની બચાવ કામગીરીની નોંધ લેવાઈ

રાજકોટ જિલ્લા કલેકટરના અધ્યક્ષ સ્થાને જિલ્લા પ્રભારી મંત્રીની હાજરીમાં અતીવૃષ્ટિ સંદર્ભે મળેલી બેઠકમાં ઉપલેટા સ્થાનીક તંત્ર અને મામલતદાર મહેશ ધનવાણીએછેલ્લા ૪૮ કલાક સતત ફિલ્ડમાં રહી ગણોદ, નિલાખા, જેવા વિસ્તારમાં રાત્રે ત્રણ વાગે ઘસી જઈ એસડીઆરએફની ટીમ સાથે જાનના જોખમે રેસ્કયુ કરી એક માણસને બચાવી લીધો તેમજ એક મહિલા દર્દીને સારવાર લેવા માટે રેસ્કયુ કરી ૧૦૮ મારફત ઉપલેટા દવાખાને દાખલ કરી સારવાર ચાલુ કરાવવા સહિતની જિલ્લા વહીવટી તંત્રએ નોંધ લીધી હતી. મામલતદાર મહેશ ધનવાણી અને તેમની ટીમ છેલ્લા ૪૮ કલાક આંખનું પણ મટકુ માર્યા વગર સતત કંટ્રોલરૂમ અને ફીલ્ડમાં રહી ઉપલેટા પંથકને મહામુસીબતમંથી ઉગારવામાં સફળતા મેળવી હતી.

# રામનાથ મહાદેવને આજીનો જળાભિષેક



અબતક ડ્રોન તસવીર
કરન વાડોલીયા

## જંગલેશ્વર, રામનાથપરા, સંતોષીનગર, ભગવતીપરા સહિતના વિસ્તારોમાં પોલીસ અને મહાનગરપાલિકાની ટીમ દ્વારા ખાલી કરાવવામાં આવ્યાઃ મંદિરની આજુબાજુના સ્થાનિકોએ પોલીસકર્મીઓ અને ફાયરના કર્મીઓની કામગીરીની પ્રશંસા કરી

**અબતક, રાજકોટ**

રાજકોટ છેલ્લા ૭૨ કલાકથી મેઘરાજાએ તોફાની બેટીંગ કરી હતી. તમામ નદી-નાળા ભયજનક સપાટી પર પહોંચ્યા છે. સમગ્ર રાજકોટ શહેર જાણે ટાપુમાં ફેરવાઈ ગયુ હોય તેવા દશ્યો જોવા મળ. હતા. આ તમામ ઘટનાક્રમ વચ્ચે રાજકોટવાસીઓ જેની આતુરતાથી રાહ જોતા હોય તેવા દશ્યો પણ જોવા મળ્યા.આજી નદી સ્વયંભુ રામનાથ મહાદેવને જળાભિષેક કરતી હોય તે પ્રકારના દશ્યોએ લોકોનું મન મોહી દીધું હતું. રહેણાંક વિસ્તારો વચ્ચેથી ગાંડાતૂર બનીને વહેતી આજી નદી ગ્રામ્ય દેવતા રામનાથ મહાદેવ પર જળાભિષેક કરતી જોવા મળા હતા. બીજી તરફ રામનાથ મહાદેવ મંદિર વિસ્તારમાં નદીના પાણી ફરી વળતા લોકોનું સ્થળાંતર કરવાનો વારો આવ્યો હતો. આ વિસ્તારમાં વરસાદી પાણી ફરી વળતા રાજકોટ પોલીસ સ્થાનિકોની મદદે આવી હતી અને જેસીબીની મદદ દ્વારા પાણી માટે રસ્તો કરવામાં આવ્યો હતો. જે રીતે આજી ડેમ ઓવરફ્લો થયો છે તેના કારણે આજી નદી કાંઠાના નીચાણવાળા વિસ્તારોમાંથી લોકોનું સ્થળાંતર કરવામાં આવ્યુ હતું. આજી નદીમાં ઘોડાપૂરની સ્થિતિ સર્જાઈ હતી. નદીમાંથી ધસમસતો પાણીનો પ્રવાહ વહી રહ્યો છે. રાજકોટના જંગલેશ્વર, રામનાથપરા, સંતોષીનગર, ભગવતીપરા સહિતના વિસ્તારોમાં પોલીસ અને મહાનગરપાલિકાની ટીમ દ્વારા આ વિસ્તારોને ખાલી કરાવવામાં આવ્યા હતા. પાણીનો ધસમસમતો પ્રવાહ અવિરત ચાલુ હોવાથી ભયજનક સ્થિતિનું નિર્માણ પામ્યું હતું. આજી નદીના કાંઠા વિસ્તારમાંથી ૧૦૦થી વધુ લોકોને રેસ્ક્યુ કરી સ્થળાંતર કરવામાં આવ્યુ છે. નદીકાંઠાના વિસ્તારમાં લોકો ન જાય તે માટે પોલીસ દ્વારા બેરિકેડ્સ લગાવી દેવાયા છે અને સુરક્ષાકર્મીઓને તૈનાત કરી દેવાયા છે. કાંઠા વિસ્તારના તમામ ઘરોને પોલીસ દ્વારા ખાલી કરાવી સુરક્ષિત સ્થળે ખસેડવામાં આવ્યા છે. મોટી સંખ્યામાં પોલીસકર્મીઓ આજી નદી પટના વિસ્તારમાં તૈનાત કરી દેવાયો છે. જેથી લોકો જળસ્રાવની નજીક કોઈ જઈ ન શકે અને કોઈ દુર્ઘટના ના ઘટે. રાજકોટ મહાનગરપાલિકાની ટીમ અને ફાયર બ્રિગેડની ટીમ દ્વારા

(અનુ. આઠમા પાને)

# પ્રથમ કુલગુરૂ ડો.ડોલરરાય માંકડની પુણ્યતિથિએ કુલપતિ ડો.ડોડીયાએ પુષ્પાજંલી કરી અર્પણ

## સૌરાષ્ટ્ર યુનિ.ને સહિયારા પ્રયાસ થકી અગ્રીમ હરોળમાં લાવીશુંઃ કુલપતિ ડો.ડોડીયા



**અબતક, રાજકોટ**

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના સ્થાપક અને પ્રથમ કુલગુરૂ ડો. ડોલરરાય માંકડની પુણ્યતિથિ નિમિત્તે આજે કુલપતિ પ્રોફે. ડો. કમલસિંહ ડોડીયા સાહેબે ડો.ડોલરરાય માંકડની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી નમન કર્યું હતું.

શિક્ષણ પ્રત્યેના સમર્પણ અને રૂચીના ધરોહર સમા પ્રખર શિક્ષણવિદ્ એટલે પૂજ્ય ડો. ડોલરરાય માંકડ.સૌરાષ્ટ્ર યુનિવર્સિટી પરિસરમાં મુખ્ય વહીવટી બીલ્ડીંગ ખાતે સર્વધર્મ પ્રાર્થના યોજાઈ હતી.

(અનુ. આઠમા પાને)

# વિદેશોમાં ધ્યાન, યોગ, આધ્યાત્મિકતા તરફનું આકર્ષણ વધ્યુંઃ આચાર્ય લોકેશજી

## દુબઇ જૈન સંઘમાં પ્રથમવાર આચાર્ય લોકેશજીની ઉપસ્થિતિમાં શનિવારથી પર્યુષણ મહાપર્વનું આયોજન



**અબતક, રાજકોટ**

'અહિંસા વિશ્વ ભારતી' અને 'વિશ્વ શાંતિ કેન્દ્ર'ના સ્થાપક આચાર્ય લોકેશજીના માર્ગદર્શન હેઠળ દુબઈ જૈન સંઘમાં પ્રથમવાર પર્યુષણ મહાપર્વનું આયોજન થવા જઈ રહ્યું છે. ૩૧ ઓગસ્ટથી ૮ સપ્ટેમ્બર સુધી દુબઈ જૈન એસોસિએશન દ્વારા આયોજિત પર્યુષણ મહાપર્વમાં હજારો ભક્તો ભાગ લેશે અને નિયમિતપણે ત્યાગ, તપ, ધ્યાન, મૌન સ્વ-અધ્યયન અને પ્રવચનો સાંભળશે. ૯ સપ્ટેમ્બરના રોજ ઉપવાસ અને તપસ્યાનું પારણા અને ક્ષમાયાચના ઉત્સવનું આયોજન કરવામાં આવશે. દુબઈ જૈન સંઘના પ્રવક્તાએ જણાવ્યું હતું કે વિશ્વ પ્રસિદ્ધ જૈન આચાર્ય લોકેશજીનું પ્રવચન સાંભળવા માટે ભક્તોમાં અને ખાસ કરીને યુવાનોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. વિશ્વ શાંતિ દૂત આચાર્ય લોકેશજીએ દુબઈ જતા પહેલા 'અહિંસા વિશ્વ ભારતી'ના મુખ્યાલય ખાતે સભાને સંબોધતા જણાવ્યું હતું કે વિશ્વભરમાં ફેલાયેલા લાખો જૈન અનુયાયીઓ પર્યુષણ મહાપર્વની પૂજા કરે છે.

પર્યુષણ પર્વનું આધ્યાત્મિક મહત્વ શારીરિક અને માનસિક બંને પ્રકારની અશુદ્ધિઓથી પોતાને શુદ્ધ કરવાનું છે. આ સમય દરમિયાન જૈન ધર્મના અનુયાયીઓ અનેક પ્રકારની તપસ્યા કરે છે, જેમાં ઉપવાસ, ધ્યાન, મૌન, ધાર્મિક ગ્રંથોનો અભ્યાસ અને ગુરુ વાણી સાંભળવાનો સમાવેશ થાય છે. આચાર્ય લોકેશજીએ કહ્યું કે ભારે ભૌતિક વિકાસ હોવા છતાં, જીવનમાં આધ્યાત્મિકતાના અભાવને કારણે, વ્યક્તિને તણાવ, હતાશા, હિંસા અને પારિવારિક મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. ભૌતિક સંસાધનો વિપુલ પ્રમાણમાં હોવા છતાં જે અમુક સમય માટે જ ભૌતિક આનંદ આપે છે, વ્યકિત મન અને મગજની શાંતિ માટેના સાધનો શોધી શકતો નથી.તેમણે કહ્યું કે સુખ અને શાંતિનો સંબંધ વસ્તુઓ અને સંજોગો સાથે નથી, પરંતુ આપણી માનસિક સ્થિતિ અને શારીરિક સ્વાસ્થ્ય સાથે છે.

જ્ઞાન, તપસ્યા અને યોગ એ માનસિક શાંતિ અને શારીરિક સ્વાસ્થ્ય માટેના ચોક્કસ શસ્ત્રો છે, તેથી જ પશ્ચિમના દેશોમાં ધ્યાન, યોગ અને આધ્યાત્મિકતા તરફ આકર્ષણ વધી રહ્યું છે.

આચાર્ય લોકેશજીએ કહ્યું કે આ વર્ષે ભારતમાં દિલ્હી એનસીઆરમાં 'વર્લ્ડ પીસ સેન્ટર'નું ઉદઘાટન થવા જઈ રહ્યું છે અને ટૂંક સમયમાં અમેરિકામાં પણ 'વર્લ્ડ પીસ સેન્ટર'નું ઉદઘાટન કરવામાં આવશે. જ્યાંથી ભગવાન મહાવીરની


(અનુ. આઠમા પાને)

### પર્વનો રાજા એટલે પર્વાધિરાજ પર્યુષણ પર્વ

# શનિવારથી દેરાવાસી, રવિવારથી સ્થાનકવાસી જૈનોના પર્યુષણ મહાપર્વનો પ્રારંભ

## વિવિધ ધર્મ સ્થાનકો, ઉપાશ્રયોમાં પ્રાર્થના, પ્રવચન, પ્રતિક્રમણ, તપ-જપ સહિતના આયોજનો





**અબતક, રાજકોટ**

પર્વનો રાજા એટલે પર્વાધિરાજ પર્યુષણ પર્વ....

ત્રિલોકીનાથ તીર્થંકર પરમાત્માએ જૈન આગમોમાં ભાદરવા સુદ પાંચમ સંવત્સરીના દિવસને વિશેષ પ્રાધાન્ય આપેલું છે, પરંતુ મહા પુરુષોએ આગળના સાત દિવસ સંવત્સરીની ભૂમિકારૂપ ધર્મમય માહોલ બનાવવા માટે તેમજ ધર્મપ્રેમીઓ વધારેમાં વધારે સમય ધાર્મિક, અનુષ્ઠાનો, પ્રાર્થના, પ્રવચન, પૌષધ, પ્રતિક્રમણ, તપ - જપ કરી ધર્મ ધ્યાનમાં સતત રત રહે તે હેતુથી આઠ દિવસ પર્યુષણ પર્વની પરંપરા ચાલુ કરેલ છે.

મનોજ ડેલીવાળા જણાવે છે કે પર્યુષણ પર્વને જૈનો પર્વનો રાજા ગણે છે. જેવી રીતે કોઈ વિદ્યાર્થી આખુ વર્ષ મહેનત કરે અને પરીક્ષાના સમયે આઠ દિવસ પેપર બરાબર આપે તો તેનું વર્ષ સફળ થઈ જાય છે.તેવી જ રીતે દરેક જીવાત્મા માટે આ આઠ દિવસ આત્માની પરીક્ષાના દિવસો સમાન છે.

વર્ષ દરમ્યાન જાણતા - અજાણતા જે કર્મો બંધાઈ ગયા હોય તેને યાદ કરી ઉપકારી પૂ.સંત - સતિજીઓ, ગુરૂ ભગવંતો પાસે પોતાના આત્માની સાક્ષીએ કર્મોની આલોચના, ગર્હા કરી, પ્રાયશ્ચિત લઈ તપ - ત્યાગ કરીને કર્મો ખપાવવાના શ્રેષ્ઠ દિવસો રહેલા છે.

આગળના સાત દિવસ એટલે આત્મ સાધનનાના દિવસ અને સંવત્સરીનો દિવસ એટલે સિધ્ધીનો દિવસ.

જ્ઞાની ભગવંતો કહે છે આઠ દિવસ પોતાના આત્માનું ચેકીંગ કરી આલોચના,પ્રતિક્રમણ કરી જગતના સર્વે જીવાત્માને ખરા અંતઃ કરણપૂર્વક ખમાવી આત્માને

(અનુ. આઠમા પાને)

### ગ્રીનલેન્ડ ચોકડી નજીક

# બેઠા પુલનો એક ભાગ લાલપરી નદીમાં ધસી પડતાં વાહન વ્યવહાર ઠપ

## સતત ત્રણ દિવસની મેઘ મહેરના કારણે પાણીના ધસમસતા પ્રવાહમાં રસ્તામાં મોટું ગાબડું પડ્યું

## સોસાયટીના રહીશોને અવર જવર માટે હાઈવે રોડ પરથી ફરીને જવું પડતાં મુશ્કેલીઓ સર્જાઈ





**અબતક, રાજકોટ**

શહેરમાં ગત શનિવારના રાત્રીથી આજ સવાર સુધી મેઘરાજા અવિરત મેઘ વરસાવી રહ્યા છે.ત્યારે શહેરના નદી નાળા અને ડેમ છલકાઈ જતાં ઠેર ઠેર લોકોને મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે.અતિ ભારે વરસાદને પગલે ઠેર-ઠેર રોડ રસ્તાઓ ધોવાઈ ગયા છે,અનેક વૃક્ષો ધરાશાયી થયા છે.લોકોના ઘરોમાં પાણી ભરાતા

(અનુ. આઠમા પાને)

# પીજીવીસીએલના એમડીએ ફિલ્ડમાં ઉતરી કામગીરીનું કર્યું નિરીક્ષણ



**અબતક, રાજકોટ**

પીજીવીસીએલના એમડીએ ફિલ્ડમાં ઉતરી કામગીરીનું નિરીક્ષણ કર્યું હતું. સાથે કસ્ટમર કેર સેન્ટરની પણ મુલાકાત લીધી હતી. તેઓએ યુદ્ધના ધોરણે વીજ પુરવઠો પૂર્વવત થાય તે માટે અધિકારીઓને સૂચના આપી હતી.

સમગ્ર સૌરાષ્ટ્ર-કચ્છમાં છેલ્લા ચાર દિવસથી લગાતાર પડી રહેલ મુશળધાર વરસાદને લીધે જિલ્લામાં અનેક જગ્યાએ વીજ-પોલ પડી જવાને કારણે વીજ પુરવઠો ખોરવાયો છે ત્યારે પીજીવીસીએલનાં મેનેજિંગ ડાયરેક્ટર પ્રીતિ શર્મા દ્વારા પડધરી તાલુકાના નાની અમરેલી ગામે જ્યોતિગ્રામ ફીડર ફોલ્ટમાં હોય રૂબરૂ સ્થળ મુલાકાત લઈ પીજીવીસીએલ સ્ટાફ અને કોન્ટ્રાક્ટરની ટીમો દ્વારા પોલ રિસ્ટોરેશન, વૃક્ષની નડતરરૂપ તૂટેલી ડાળીઓ દૂર કરવી અને તૂટેલા વીજ વાયરને સાંધી ફોલ્ટ રીપેરીંગની કરવામાં આવી રહેલ

(અનુ. આઠમા પાને)

**કસ્ટમર કેર સેન્ટરની પણ લીધી મુલાકાતઃ યુદ્ધના ધોરણે વીજ પુરવઠો પૂર્વવત થાય તે માટે અધિકારીઓને આપી સૂચના**

### મેંગો માર્કેટ પાછળની વિવાદિત જગ્યામાં હાઈકોર્ટની ખેડૂતને રાહત

# ચાર અઠવાડિયામાં ગુનો દાખલ કરો નહીંતર લેખિતમાં જણાવો : ગુજરાત હાઈકોર્ટ

## રેવન્યુ સર્વે નંબર ૩૭ પૈકી ૧/૨ની ૪.૩૫ એકર જમીનના ગોબરા વહીવટમાં બી ડિવિઝન પોલીસને કાર્યવાહી કરવા અદાલતનો આદેશ

**અબતક, રાજકોટ**

રાજકોટની મેંગો માર્કેટ પાછળ આવેલી ૪.૩૫ એકર વિવાદિત જમીનના વહીવટમાં હાઈકોર્ટએ બી ડિવિઝન પોલીસને ચાર અઠવાડિયામાં એટલે કે એક માસમાં ગુનો દાખલ કરવા આદેશ આપ્યો છે. જો ગુનો દાખલ કરવામાં ન આવે તો લેખિતમાં ખુલાસો કરવા માટે હાઈકોર્ટએ આદેશ આપ્યો છે. છેલ્લા એકાદ માસથી મેંગો માર્કેટ પાછળ આવેલી રેવન્યુ સર્વે નંબર ૩૭ પૈકી ૧/૨ની ૪.૩૫ એકર જમીનના કાચા વ્યવહારમાં થયેલો ગોબરો વહીવટ સામે આવ્યો હતો.

રંગીલું રાજકોટ હવે જમીન કૌભાંડનું એપિસેન્ટર બનતું જઈ રહ્યું છે. કમાઈ લેવાની લ્હાયમાં જમીનના કાચા વ્યવહાર કરવામાં આવતા હોય છે અને ત્યારબાદ કાચા વ્યવહારમાં કાચું કપાઈ ગયા બાદ સામસામે આક્ષેપ - પ્રતિઆક્ષેપનો સિલસિલો શરૂ થતાં વહીવટ ગોબરો બની જતો હોય છે. ત્યારે શહેરમાં વધુ એક જમીનના કાચા વ્યવહારનો ગોબરો વહીવટ સામે આવ્યો હતો. રાજકોટના રેવન્યુ સર્વે નંબર ૩૭ પૈકી ૧/૨ની ૪ એકર ૩૫ ગુંઠા જમીનમાં કાચા સાટાખતના (રજીસ્ટર્ડ ન હોય તેવું) આધારે બિનખેતી કે માલિકીપણું મેળવ્યા વિના જ વેચાણ શરૂ કરી દેવામાં આવ્યાનું સામે આવ્યું હતું. અધૂરામાં પૂરું હજુ બિનખેતી મંજુર થયું નથી તેમ છતાં પ્લોટનું વેચાણ અને રોડ રસ્તાનું કામ શરૂ કરી દેવામાં આવ્યું હરું તેવું અરજદારે સોગંદનામા પર જાહેર કરીને અદાલતમાં રજૂ પણ કરી દીધું હતું અને ફક્ત એટલું જ નહિ બિલ્ડર ગ્રુપ દ્વારા પત્રકાર પરીષદ બોલાવીને તેમાં પણ સરાજાહેર એવુ સ્વીકારવામાં આવે કે બિનખેતી વિના જ પ્લોટનું વેચાણ શરૂ કરી દેવામાં આવ્યું હતું ત્યારે સવાલ એવો ઉઠ્યો હતો કે, જો બિનખેતીનો હુકમ ન કરવામાં આવે અથવા તો કોઈ પણ અન્ય વિવાદ સર્જાય તો અંતે મરવાનુ તો રોકાણકારોએ જ ને? ત્યારે આ સમગ્ર મામલો હાઈકોર્ટ સુધી પહોંચતા અદાલતે મામલામાં ગુનો દાખલ કરવા આદેશ આપ્યો છે.

જમીનના મૂળ માલિક દિલીપ કરશનભાઈ મકવાણાએ ગુજરાત હાઈકોર્ટમાં વરિષ્ઠ ધારાશાસ્ત્રી આશિષ ડગલી મારફત કરેલી અરજીમાં જણાવ્યું હતું કે, સામાપક્ષે બિલ્ડર ગ્રુપ દ્વારા કાયદેસરની છેતરપિંડી આચરી જમીનનો કબ્જો લઈ લીધા છતાં પોલીસ ફોજદારી ફરિયાદ લેતી નથી. ત્યારે જસ્ટિસ નિર્ઝર એસ. દેસાઈની સિંગલ જજની બેંચએ પોતાનો આદેશ આપતાં જણાવ્યું છે કે, અરજદારે ગત તા. ૨૭ જુલાઈના રોજ બી ડિવિઝન પોલીસ મથકના પીઆઈને સંબોધી લેખિત ફરિયાદ આપી હતી. જે મામલે બી ડિવિઝન પોલીસ તાત્કાલિક ગુનો દાખલ કરવા બાબતે નિર્ણય લ્યે અથવા આ મામલામાં ફોજદારી ગુનો બને છે કે કેમ? તે બાબતે લેખિતમાં ખુલાસો આપે. અદાલતે જણાવ્યું છે કે, સંબંધિત પોલીસ મથકના પીઆઈ આખા મામલાનો અભ્યાસ કરીને જો ફોજદારી ગુનો ન બનતો હોય તો અરજદારને વિગતવાર અને મુદ્દાસર આ અંગે લેખિતમાં જવાબ આપવામાં આવે. બી ડિવિઝન પોલીસને આ મામલે કાર્યવાહી માટે ચાર સપ્તાહનો સમય આપવામાં આવ્યો છે.

### શું છે સમગ્ર મામલો?

સમગ્ર મામલાની જો વાત કરવામાં આવે તો થોડા દિવસો પૂર્વે રાજકોટના બી-ડિવિઝન પોલીસ મથકમાં એક બિલ્ડરે તેની જમીન પરથી ૩ શખ્સે સીસીટીવી કેમેરાની લૂંટ ચલાવ્યાની ફરિયાદ નોંધાવ્યા બાદ પોલીસે કરેલી પ્રાથમિક તપાસમાં ૩૦ કરોડની જમીન કાચા વ્યવહારને લીધે ગોબરી થયાંનુ સામે આવ્યું હતું. દિલીપભાઈ કરસનભાઈ મકવાણા નામના જમીન માલિકે કરેલી અરજીમાં આરોપી તરીકે સંજયભાઈ ઈશ્વરભાઈ ઘાટલિયા, રસિકભાઈ અરજણભાઈ ભલગામા, દિનેશભાઈ નાનાલાલ ચૌહાણ, મનસુખભાઈ શીવાભાઈ તલસાણીયા, હંસાબેન વિનોદભાઈ કોશિયા, પ્રફુલભાઈ હીરાભાઈ નડીયાપરા અને ગોવિંદભાઈ છગનભાઈ લાઠીયાનું નામ આપી આ સાતેય શખ્સોએ કીમતી જમીન પચાવી પાડવા ખોટા લખાણો ઉભા કરાવી વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી ધાકધમકી અને ગેરકાયદેસર કબજો કરવાનો પ્રયત્ન કર્યો હોય તેવા આક્ષેપ કર્યા છે.

### ૨૫ કરોડની કિંમતી જમીન પાણીના ભાવે પડાવી લેવા ષડયંત્ર : અરજદાર

જમીન માલિકે જણાવ્યું છે કે, શહેરના પૂર્વ વિભાગમાં સર્વે નંબર ૩૭ પૈકી ૧ તથા રેવન્યુ સર્વે નંબર ૩૭ પૈકી ૨ની કુલ ૪ એકર ૩૫ ગુઠાની જમીન વારસાઈ ધોરણે તેમને પ્રાપ્ત થયેલ છે. આ જમીન અત્યંત કિંમતી હોય આ કામના આરોપીઓએ જમીન પચાવી પાડવા માટે પૂર્વ આયોજિત કાવતરું રચ્યું હતું અને તેમની પાસેથી ઓછી રકમના લખાણો કરાવી કીમતી જમીન પચાવી પાડવા વિશ્વાસઘાત અને છેતરપિંડી આચાર્યો હતો. તેમણે જણાવ્યું છે કે, આ સાતેય શખ્સોએ ગત ત. ૧૮-૨-૨૦૨૨ ના રોજ લખાણ કરાવી રૂ. ૧.૫૦ કરોડ તા. ૧૮-૨-૨૦૨૩ ના રોજ રૂપિયા છ કરોડ ચૂકવવાનું વચન આપ્યું હતું પરંતુ રકમ ચૂકવી નહીં લખાણ કરાવી તેમાં સહી મેળવી લીધી છે. આ આરોપીઓએ તેમની પાસેથી અલગ અલગ લખાણ કરાવી જમીનની બજાર કિંમત રૂપિયા ૨૫ કરોડથી વધુ હોવા છતાં ખેડૂતની અજ્ઞાનતાનો લાભ લઈ માત્ર રૂપિયા નવ કરોડમાં લખાવી લીધી હતી.

# લાખોની છેતરપિંડીના ગુનામાં હર્ષ સોમેયા જામીન મુક્ત

### મોબાઈલ એપ, એટીએમ કે ક્રેડિટ કાર્ડમાંથી રોકડા નાણા આપવાના બ્હાને ઠગાઈ કરી'તી

**અબતક, રાજકોટ**

રાજકોટ શહેરના અલગ અલગ વિસ્તારમાં નાણાકીય લેવડદેવડના મોબાઈલ એપ, એટીએમ કે ક્રેડિટ કાર્ડમાંથી રોકડા નાણા આપવાના બહાને કરેલ લાખોની છેતરપિંડીના ત્રણ અલગ અલગ પોલીસ સ્ટેશનમાં આઈ. પી. સી. ની કલમ ૪૦૬, ૪૨૦ના નોંધાયેલા ગુન્હામાં પકડાયેલ એક જ આરોપી હર્ષ ગુણવંતરાય સોમૈયાને અદાલતે જામીન ઉપર છોડી દેવા હુકમ કર્યો છે.

આ અંગેની હકીકત મુજબ, રાજકોટમાં કિચનવેરનો ઓનલાઈન વેપાર કરતા હર્ષ ગુણવંતરાય સોમૈયાએ ધંધામાં નાણાનું રોટેશન કરવાના બહાને મિત્ર દિલીપ જયંતીલાલ ચાવડા પાસેથી અલગ અલગ બેંકના ક્રેડિટ કાર્ડ, પેટીએમ તથા મોબાઈલ એપ્લિકેશન મારફત કુલ રકમ ૨૫.૪૪ લાખની છેતરપિંડી વિશ્વાસઘાતની તાલુકા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરી હતી, એજ રીતે ૧૫૦ ફુટ રિંગ રોડ પર ધિરેન અશોકભાઈ ધાબલીયા પાસેથી રૂપિયા ૧,૫૭,૯૯૯/ની રકમ મેળવવા ઉપરાંત ત્રીજા કિસ્સામાં અંબાજી કડવા પ્લોટમા રહેતા મયુરરાજ લાલજીભાઈ વાઘેલા પાસેથી સ્વાઈપ મશીન મારફત ક્રેડીટ કાર્ડમાંથી ૧,૬૫,૭૦૦/- ની છેતરપિંડી સહિત કુલ રૂપિયા ૨૮,૬૭,૬૯૯/- ની નાણાકિય છેતરપિંડીની અલગ-અલગ ત્રણ પોલીસ સ્ટેશનમાં ફરિયાદો નોંધાઈ હતી. આ ત્રણેય ફરિયાદો અન્વયે પકડાયેલા હર્ષ ગુણવંતરાય સોમૈયાએ રેગ્યુલર જામીન ઉપર છૂટવા માટે કોર્ટમાં જામીન અરજી ગુજારી હતી, જે જામીન અરજી ચાલવા ઉપર આવતા આરોપીના એડવોકેટ રવિરાજસિંહ રાઠોડે દલીલ કરેલી કે પ્રથમ ફરિયાદીને તેની રકમ કરતા ત્રણ ગણા એના ખાતામા ટ્રાન્સફર કરેલા છે, બિજા અને ત્રીજા ફરિયાદીને પણ તેમની રકમ ચૂકવાઈ ગઈ હોવાના સ્ટેટમેન્ટ તેમજ ગુજરાત હાઈકોર્ટ, સુપ્રીમ કોર્ટના જુદા જુદા ચૂકાદાઓ રજૂ કરતાં કોર્ટ દ્વારા આરોપી હર્ષ ગુણવંતરાય સોમૈયાને ત્રણેય ગુન્હામાં જામીન ઉપર મુક્ત કરવાનો હુકમ ફરમાવવામાં આવ્યો હતો. આ કામમાં આરોપી વતી એડવોકેટ રિવરાજસિંહ વિજયસિંહ રાઠોડ, અશ્વિન પાડલિયા, ભાર્ગવ બોડા, આસિસ્ટન્ટ યશરાજસિંહ જાડેજા, યોગેશ જાદવ રોકાયા હતા.

# રૂ.૫.૭૫ લાખના ચેક રિટર્ન કેસમાં વેપારીને કોર્ટનું તેડું

**અબતક, રાજકોટ**

શહેરમાં રહેતા કાપડના વેપારીને રૂ.૫.૭૫ લાખના ચેક રિટર્નના ગુનામાં અદાલતે સમન્સ ઈસ્યુ કરી કોર્ટમાં હાજર થવા હુકમ કર્યો છે.આ કેસ હકીકત મુજબ રાજકોટમાં પેડક રોડ, સેટેલાઈટ ચોકમા રહેતા ફરીયાદી વલ્લભભાઈ નાગજીભાઈ ખુંટ કાપડનું કામકાજ કરતા મિત્ર દર્શનભાઈ રાજેશભાઈ માંડલીયા (રહે.જે.પી. બ્રધર્સ, ચુનારાવાડ રોડ, રાજકોટ)ને મિત્રતાના દાવે કપડાના ધંધા માટે કાપડનો માલ ભરવા રૂ.૫,૭૫,૦૦૦ હાથ ઉછીના આપ્યા હતા. આરોપી દર્શનભાઈએ લેણી રકમનો રૂ.૫,૭૫,૦૦૦ આપ્યો હતો. જે ચેક પરત ફર્યો હતો. ત્યારબાદ ફરીયાદીએ પોતાના વકીલ મારફત પાઠવેલી લીંગલ નોટીસ બજી જવા છતાં આરોપીએ રકમ નહી ચૂકવતા ફરીયાદી વલ્લભભાઈએ કોર્ટ સમક્ષ નેગો. ૧૩૮ મુજબ ફરીયાદ દાખલ કરી હતી. જે ફરિયાદ ધ્યાને લઈ આરોપી દર્શનભાઈ રાજેશભાઈ માંડલીયાને કોર્ટમાં હાજર થવા હુકમ ફરમાવેલ છે. આ કેસમાં ફરિયાદી વતી એડવોકેટ સંજય એચ.પંડયા, મનિષ એચ.પંડયા, જયદેવસિંહ ચૌહાણ અને વનરાજસિંહ જાડેજા રોકાયા છે.

# છેતરપિંડીની ફરિયાદ રદ્ કરતી હાઈકોર્ટ

### ખોટા સમાધાનની નોટીસ પ્રસિધ્ધ કરી ખેડુત સાથે ઠગાઈ કરી'તી



**અબતક, રાજકોટ**

શહેરના રામનાથપરા વિસ્તારના ખેડૂત સાથે જમીનના મામલે છેતરપિંડી કર્યા અંગેની નોંધાયેલી ફરિયાદ રદ કરવા દિલીપ ગોહેલ એ હાઈકોર્ટમાં કરેલી પિટિશન મંજૂર કરતો હુકમ કર્યો છે. વધુ વિગત મુજબ શહેરના રામનાથ પરા શેરી નંબર ૭માં રહેતા ધીરુભાઈ ખેંગારભાઈ ડોડીયાએ રાજકોટ સર્વે નંબર ૩૨૩ ની ૫ એકર ૭ ગુઠા જમીન ખરીદ કરી હતી. તેનું ખોટું સમાધાન કરી લેવા દબાણ માટે રામજી જીવા ગોહેલ, ગોવિંદ જીવા, સવજી વસતા ડોડીયા, દિલીપ મેરુ ગોહેલ અને સવદાસ જેસીંગ દ્વારા ખોટું સમાધાનની નોટિસ ઊભી કરી તેમાં સહી કરી દૈનિક પેપરમાં નોટિસ આપી ખરા તરીકે ઉપયોગ કરી ખેડૂતની પ્રતિષ્ઠાને નુકસાન કર્યા અંગેની બી ડિવિઝનમાં પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.આ ફરીયાદ ચાલતા સુધીમાં ફરીયાદી ધીરૂભાઈ ડોડીયાને આરોપી દીલીપ મેરૂભાઈ ગોહેલ સામે સામાધાન થઈ જતા આરોપી પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે ગુન્હામાં સંડોવાયેલા ન હોવાનું ખુલતા ફરીયાદી તથા દિલીપભાઈએ હાઈકોર્ટમાં કવોસીંગ પીટીશન દાખલ કરતા હાઈકોર્ટના જસ્ટીસ એચ. ડી. સુથાર તમામ હકિકત ધ્યાને લઈને આરોપી સામેની ફરીયાદ રદ કરવાનો આદેશ કરી પોલીસ અને કોર્ટને જાણ કરેલ હતી. આ કામે આરોપી દીલીપભાઈ મેરૂભાઈ ગોહેલ વતી સૌરાષ્ટ્રના સુપ્રિસધ્ધ ધારાશાસ્ત્રી દીલીપ પટેલ અને કલ્પેશ નસીત રોકાયેલ હતા.

# ઈશ્વરીયા ગામે દીવાલ ધસી પડતા દોઢ વર્ષનો બાળક ઘવાયો

**અબતક, રાજકોટ**

જન્માષ્ટમીના બે દિવસ પૂર્વેથી રાજકોટમાં ધોધમાર વરસાદ વરસી રહ્યો છે.જે આજ સવાર સુધી અવિરતપણે યથાવત ચાલુ રહ્યો છે.આ વરસાદી માહોલ વચ્ચે રાજકોટ નજીક આવેલા ઈશ્વરીયા ગામ પાસે દીવાલ ધસી પડતા નજીક ઝૂંપડામાં રહેતા પરિવારના દોઢ વર્ષના બાળકને ઈજા પહોંચી હતી. જેથી તેને સારવાર માટે રાજકોટની ઝનાના હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો.

પ્રાપ્ત માહિતી મુજબ, જામનગર રોડ પર માધાપર ગામથી ઈશ્વરીયા તરફ જવાના રસ્તે દિવાલ પાસે ઝૂંપડી બાંધી રહેતા શ્રમિક પરિવારના દોઢ વર્ષના બાળક રોહિત દ્વારકેશભાઈ કટારાને ઈજાગ્રસ્ત હાલતમાં સારવાર માટે ઝનાના હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.વધુમાં પ્રાપ્ત માહિતી અનુસાર ગઈકાલ સવારના તેમના ઝુંપડા નજીક આવેલી દીવાલ આ મેઘાવી માહોલ વચ્ચે ધસી પડતા દિવાલનો કાટમાળ ઝુપડા પર પડ્યો હતો. જેમાં દોઢ વર્ષના આ બાળકને ઈજા પહોંચી હોવાનું માલુમ પડ્યું છે. આ અંગે પોલીસે જરૂરી કાર્યવાહી કરી હતી.

# પત્ની અને બે સંતાનને ૧૦ હજારનું ભરણ પોષણ મંજૂર કરતી કોર્ટ

### ૧૩ વર્ષના લગ્ન જીવન બાદ પતિએ પરિણીતાને તરછોડતા જીવન નિર્વાહ માટે દાદ માંગી

**અબતક, રાજકોટ**

રાજકોટમાં ૧૩ વર્ષના લગ્ન જીવન બાદ પત્નીને બે સગીર સંતાનો સાથે તરછોડવા સબબ ફેમિલી કોર્ટે ત્રણેયને કુલ રૂ.૧૦ હજાર ભરણપોષણ ચકવવા પતિને હુકમ કર્યો છે.

આ અંગેની હકીકત મુજબ રાજકોટના સલમાબેને અલ્લારખા મહંમદભાઈ દલવાણી (રહેઃ રાજકોટ)એ તા. ૦૯/૦૫/૨૦૧૦ના રોજ મુસ્લિમ શરીયત અનુસાર નિકાસ કર્યા હતા. લગ્નજીવનમાં પુત્રી જોયા અને પુત્ર મહમદ હુસૈનનો જન્મ થયો હતો, ત્યાર પછી થોડો સમય સારી રીતે રાખ્યા બાદ પતિ દ્વારા પરિણીતા સલમાબેનને માનસીક શારીરીક ત્રાસ આપી બંને સગીર સંતાનો સાથે પીયરે કાઢી મુકેલ હતા. આથી પરિણીતા સલમાબેને પોતાના પતિ વિરૂધ્ધ ભરણપોષણ મેળવવા ફેમિલી કોર્ટમાં ૨૦૨૩માં અરજી દાખલ કરી હતી. જેમાં સામાવાળા પતિને કોર્ટમાંથી નોટીસ મોકલાવતા તેણે હાજર રહેલ હોય તેમજ સામાવાળાનો જવાબ વાધા રજુ રાખેલ હતા. હાલનો કેસ ચાલી જતા આ કેસમાં અરજદારના એડવોકેટ પરેશ બી મૃગની લંબાણ પુર્વકની દલીલો ધ્યાને લઈને ફેમિલી કોર્ટે અરજદારની અરજી મંજુર કરી આખર હુકમમાં અરજદારને માસીક રૂા.૬૦૦૦/- અને પુત્રીને માસીક રૂા.૨૦૦૦/- તથા પુત્ર ને રૂા.૨૦૦૦/- કુલ રૂપીયા ૧૦,૦૦૦/- ભરણપોષણ મુળ અરજી દાખલ કર્યા તારીખથી નિયમીત ચુકવી આપવા આખર હુકમ ફરમાવેલ છે. આ કેસમાં અરજદાર પરિણીતા વતી રાજકોટ ફેમિલી કોર્ટના લીગલ એઈડના પેનલ એડવોકેટ પરેશ બી મૃગ રોકાયા હતા.

# સંતકબીર રોડ પર કારખાનામાં શ્રમિકનો ફાંસો ખાઈ આપઘાત

### ૨૨ દિવસથી વોટર ફિલ્ટર પ્લાન્ટમાં કામ કરતા યુવાને પગલું ભર્યું : કારણ અકબંધ

**અબતક, રાજકોટ**

શહેરના સામા કાંઠા વિસ્તારમાં સંતકબીર રોડ પર આવેલા ગઢીયાનગરમાં રહેતા યુવાને સમી સાંજના કારખાનાની ઓરડીમાં ગળાફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો.યુવાન મૂળ યુપીના ગોંડા જિલ્લાનો વતની છે અને છેલ્લા એકાદ વર્ષથી રાજકોટ પેટીયું રળવા આવ્યો હતો.અહીં ઉમાઈસ કારખાનામાં છેલ્લા ૨૨ દિવસથી કામ કરતો હતો.યુવાને કયાં કારણસર આ પગલું ભરી લીધું તે અંગે પોલીસે તપાસ હાથ ધરી છે.

આપઘાતના આ બનાવમાં પ્રાપ્ત વિગતો મુજબ,સંત કબીરરોડ પર ગઢીયાનગર-૨ માં ગોકુલ પાનની સામે આવેલા ઉમાઈસ વોટર ફિલ્ટર કારખાનામાં કામ કરનાર રોહિત પૂરણલાલ કેવટ(ઉ.વ ૧૮) નામના યુવાને ગઈકાલે સમી સાંજના કારખનાની ઓરડીમાં દોરડા વડે ગળાફાંસો ખાઈ લીધો હતો.સાથી શ્રમિકોએ ઓરડીનો દરવાજો ખખડાવતા યુવાને દરવાજો ન ખોલતા તોડીને જોતા યુવાન લટકતી હાલતમાં જોવા મળ્યો હતો.જેથી ૧૦૮ ને જાણ કરવામાં આવી હતી.૧૦૮ ના ઈએમટીએ જોઈ તપાસી યુવાનને મૃત જાહેર કર્યો હતો.બનાવની જાણ થતા બી ડિવિઝન પોલીસ મથકના હેડ કોન્સ.એચ.એમ.કોઠીવાળે અહીં પહોંચી મૃતદેહને પીએમ માટે હોસ્પિટલ ખસેડી જરૂરી કાર્યવાહી કરી હતી.આપઘાતના આ બનાવની વધુમાં જાણવા મળતી વિગતો મુજબ,આપઘાત કરી લેનાર યુવાન રોહિત મૂળ યુપીના ગોંડા જિલ્લાનો વતની હતો.તે બે બહેન એક ભાઈના પરિવારમાં મોટો હતો.યુવાન છેલ્લા એક વર્ષથી રાજકોટમાં રહી મજુરીકામ કરતો હતો.છેલ્લા ૨૨ દિવસથી અહીં વોટર ફિલ્ટર કારખાનામાં મજુરીકામ કરતો હતો.યુવાને કયાં કારણસર આ પગલું ભરી લીધું તે જાણી શકાયું ન હોય પોલીસે યુવાનના આપઘાતનું કારણ જાણવા તપાસ હાથ ધરી છે.

### ભારે વરસાદની આગાહી ને પગલે

# ત્રણ દિવસ કેસનું સ્ટેજ યથાવત જાળવી રાખવા બારની બેચને અપીલ

**અબતક ,રાજકોટ**

હવામાન વિભાગ દ્વારા હજુ ૭૨ કલાક સુધી ભારે વરસાદની આગાહી કરેલ હોય જેને પગલે હાઈકોર્ટે દ્વારા સર્ક્યુલર દ્વારા વરસાદ ની પરિસ્થિતિ લક્ષે લઈ તાલુકા અને જિલ્લા મથકે યોગ્ય નીર્ણય લેવા જણાવવામા આવેલું હોય એથી અન્ય જિલ્લાઓમાંથી આવતા પક્ષકારો, તપાસ કરનાર અધિકારીઓ, વકીલો વગેરેને પણ મુશ્કેલીઓનો સામનો કરવો ન પડે અને અગાઉના બે દિવસના ઠરાવ ને રાજકોટ જિલ્લા અદાલતના ન્યાયધીશો દ્વારા જે તે કેસોના યથાવત સ્ટેજ રાખી સાક્ષીઓ, વકીલો, પક્ષકારો, કોર્ટ સ્ટાફ, ન્યાયધીશ અને તેમના પરિવારજનોના હિત ખાતર આગામી તા.૨૯/૦૮/૨૦૨૪ થી તા.૩૧/૦૮/૨૦૨૪ સુધી ત્રણ દિવસ દરેક મેટરોમા યથાવત સ્થિતિ જાળવી રાખવા માટે રાજકોટ જિલ્લાની તમામ અદાલતોના ન્યાયધીશ બાર એશોશિયેશન દ્વારા વિનંતિ કરવામા આવે છે.

# શાપરમાં અપશબ્દ બોલવા બાબતે કારખાનાના શ્રમિકો બાખડયા

### બે યુવાન પર ચાર શખ્સોનો છરી,લાકડી અને લોખંડના સળિયા વડે હુમલો

**અબતક, રાજકોટ**

શાપર વેરાવળમાં શાંતિધામ ગેટ પાસે રાત્રિના બે યુવાનો પર ચાર શખસોએ લાકડી,છરી અને સળિયા વડે હુમલો કર્યો હતો. હુમલામાં ઘવાયેલા બંને યુવાનોને સારવાર માટે રાજકોટ સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.ગાળો બોલવાની ના કહેતા બાબતે ઉશ્કેરાઈ હુમલો કર્યો હોવાનું જાણવા મળ્યું છે.

બનાવની પ્રાપ્ત માહિતી મુજબ, શાપર વેરાવળમાં શાંતિધામ ગેટ પાસે રહેતા અને અહીં કારખાનામાં મજૂરી કામ કરનાર વનરાજ ગોવિંદભાઈ પરમાર(ઉ.વ ૨૪) અને તેના મિત્ર અશ્વિન વાલજીભાઈ હુડા(ઉ.વ ૨૮) પર રાત્રિના અહીં શાંતિધામ ગેટ મોમાઈ ડીલક્ષ પાનની દુકાન પાસે આશિષ ઉર્ફે દુડી, વાંદરો અને અજાણ્યા શખસે મળી લાકડી છરી અને સળિયા વડે હુમલો કર્યો હતો.જે હુમલામાં બંને યુવાનને ઈજા પહોંચતા સારવાર માટે રાજકોટ સરકારી હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા.

બનાવની વધુમાં જાણવા મળતી વિગતો મુજબ, બંને યુવાનો કારખાનામાં મજૂરી કામ કરે છે. રાત્રિના અશ્વિનને આરોપી સાથે ગાળો બોલવા બાબતે માથાકૂટ થઈ હતી જે બાબતે ટપારતા આગળાફાંસો શખસોએ ઉશ્કેરાઈ હથિયારો વડે હુમલો કરી દીધો હતો આ અંગે હોસ્પિટલ ચોકીના સ્ટાફને શાપર વેરાવળ પોલીસ સ્ટેશનને જાણ કરી હતી જેથી પોલીસે આ મામલે વિશેષ તપાસ હાથ ધરી છે.


મહાનગર સેવા સદન, જુનાગઢ
વાહન શાખા
ટુંકી મુદતની જાહેર નિવીદા(બીજો પ્રયત્ન)
૨ / ૨૦૨૪-૨૫

કમિશ્નરશ્રી, જુનાગઢ મહાનગર સેવા સદન, સ્વામી વિવેકાનંદ ભવન, જુનાગઢ દ્વારા મહાનગરપાલિકા, જુનાગઢની માલિકીના ફાયર શાખાના વપરાશના મહિન્દ્રા થાર વાહન માટે નીચે મુજબના સાધન સામગ્રી ખરીદવાની જરૂરિયાત રહે છે. આ પ્રકારનો માલસામાન સપ્લાય કરવાના કામમાં રસ ધરાવતી એજન્સીઓએ પોતાના લેટર પેડ ઉપર તમામ ટેક્ષ સાથેના ભાવ નીચે મુજબના સરનામા ખાતે તા. ૦૨/૦૯/૨૦૨૪ સુધીમાં બંધ કવરમાં મોકલવાના રહેશે. આ ભાવ સાથે અર્નેસ્ટમની ડીપોઝીટની રકમ રૂ. ૧૫,૦૦૦/- નો ડી.ડી. સામેલ રાખવાનો રહેશે. ડીપોઝીટની રકમના ડી.ડી. વિનાના ભાવ માન્ય ગણવામાં આવશે નહી. મોકલવામાં આવેલ બંધ કવર સમય મર્યાદા બહાર અત્રેની કચેરીને મળશે તો તે અંગેની જવાબદારી મહાનગરપાલિકા, જુનાગઢની રહેશે નહિ. આવેલ ભાવ કે તમામ ભાવ મંજુર કે નામંજુર કરવાની સત્તા મહાનગરપાલિકા, જુનાગઢની અબાધિત રહેશે. બંધ કવર ઉપર " થાર વાહન માટે જરૂરી માલસામાન ખરીદવાના ભાવ " લખવાનું રહેશે. આ કામની વધુ વિગત કચેરી સમય દરમ્યાન રૂબરૂ સંપર્ક કર્યેથી આપવામાં આવશે.

| ક્રમ | સાધન સામગ્રીની વિગત | જરૂરિયાત મુજબનો જથ્થો |
|---|---|---|
| ૧ | વિન્ચ ૫ મીટર કેબલ સાથે | ૨ નંગ |
| ૨ | લાઈન થ્રોઅર (રોપ થ્રો ગન) મેન્યુઅલી ૫૦ મીટર | ૧ નંગ |

ભાવ મોકલવાનું સરનામું :-
મહાનગર સેવા સદન, વાહન શાખા,
ઓફિસ નં.૨૨૦, સ્વામી વિવેકાનંદ ભવન,
આઝાદચોક, જુનાગઢ માહિતી/જુના/જા.ખ./૩૫૫/૨૪

ડૉ.ઓમ પ્રકાશ (IAS)
કમિશ્નર
મહાનગરપાલિકા,જુનાગઢ



નં.જન્મ/મરણ પરચુરણ અરજી/કેસ નં.૨૭/૨૦૨૪

શ્રી પંકજભાઈ જયંતીભાઈ મલકાણ
મુ.રાજકોટ, ઠે. શાસ્ત્રીનગર તા.જિ. રાજકોટ........ અરજદાર
-:: વિરૂધ્ધ ::-
સબ રજીસ્ટ્રારશ્રી,
જન્મ-મરણ નોંધણી અધિકારી,
નગરપાલિકા કચેરી, તાલાલા, તા.તાલાલા............ સામાવાળા
બાબતઃ- જન્મ મરણ નોંધણી ધારા કલમ-૧૩(૩) મુજબ
જન્મ/મરણ નોંધનો હુકમ થવા અંગે

**જાહેર નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, આ કામનાં ઉપર લખેલા અરજદારે અત્રેની કોર્ટમાં જન્મ/મરણ નોંધણી અધિનિયમની કલમ-૧૩ (૩) હેઠળ અરજી લાવી અરજદારશ્રીના ભાઈ અલ્પેશ જયંતીલાલ મલકાણનું મરણ મુ. તાલાલા તા.તાલાલા મુકામે તા.૦૩/૦૧/૧૯૯૫ના રોજ થયેલ છે. જેની જન્મ/મરણ નોંધણી રજીસ્ટરમાં તેમના મરણની નગરપાલિકા કચેરી, તાલાલા, તા.તાલાલામાં જન્મ/મરણ રજીસ્ટરે શરતચુકથી લખવાની રહી ગયેલ છે. જે નામ રજીસ્ટરે નોંધ કરવા અરજદારશ્રી પંકજભાઈ જયંતીભાઈ મલકાણ, રહે. રાજકોટ, તા.જિ.રાજકોટ મારફત અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળા મરણ અંગેની નોંધ દફ્તરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદ્દત તા.૧૩/૦૮/૨૦૨૪ના રોજ બપોરના ૧૨:૦૦ કલાકે વાંધા તકરાર તથા આધાર પુરાવા સાથે હાજર રહેવું અને આપની આજુબાજુના પડોશીનું સહાયક સોગંદનામું (SUPPORTIVE AFFIDAVIT) રજુ કરવું. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.
આજ તા.૨૯/૭/૨૦૨૪ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

કોર્ટનો સિક્કો

એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
તાલાલા



**PUBLIC NOTICE**

No. 2

Civil Court Senior Division Vadgaon Maval
IN THE COURT OF SHRI. K.A. SHINDE
CIVIL COURT SENIOR DIVISION VADGAON MAVAL, Maval, Pune.

SUMMONS FOR SETTLEMENT OF ISSUES

Spl.C.S./307/2022
Exh. No. 117
Sitaram Shripati Ghare Vs
Balkrushna Eknath Borwade
NEXT DATE: 12-09-2024

To,
1) Manishaben Jaydeepbhai Mawana
R/at. Rajkot opposite Starling Hospital, Sattadhar Park Society, Galli no.3, 150 ft. Ring Road, Rajkot, Gujrat
2) Sanchaniya Pramila Kishor
R/at-Sangar Hall, Rajkot, Gujrat

Whereas Sitaram Shripati Ghare has instituted a suit against you for you are hereby summoned to appear in this Court in person, or by a pleader duly instructed, and able to answer all material questions relating to the suit, or who shall be accompanied by some persons able to answer all such questions, on the 12-09-2024 at 11:00 o'clock in the forenoon, to answer the claim; and further you are hereby directed to file on that day a written statement of your defence and to produce on the said day all documents in your possession or power upon which you base your defence or claim for set-off or counter-claim, and where you rely on any other document whether in your possession or power or not, as evidence in support of your defence or claim for set-off or counter-claim, you shall enter such documents in a list to be annexed to the written statement.

Take notice that, in default of your appearance on the day before mentioned, the suit will be heard and determined in your absence.

Given under my hand and the seal of the Court, this 03-08-2024

Seal

Sd/-
CIVIL COURT SENIOR DIVISION
VADGAON MAVAL



**પશ્ચિમ રેલવે – રાજકોટ ડિવિઝન**

ચા અને રિફ્રેશમેન્ટ સ્ટોલના કોન્ટ્રાક્ટ
ટેન્ડર નં. ડિઆરએમ/કોમર્શિયલ/03/2024 તા.23-08-2024

કામનું નામ: રાજકોટ ડિવિઝનના 'A1, A & B' [illegible]

| અનુ. નં. | ટેન્ડર નોટીસ નં. | કેટરીંગ સ્ટોલનું સ્થળ | [illegible] | રિઝર્વ કિંમત (પ્રતિ વર્ષ*) | અર્નેસ્ટ મની |
|---|---|---|---|---|---|
| 01 | C45/GMU/SUNR/PF-01-04/02 | સુરેન્દ્રનગર સ્ટેશન ખાતે PF નં.01-04 ના સિગ્નલ નં. 18 અને 19 વચ્ચે | જનરલ (મહિલાઓ) | ₹4,52,980 | ₹47,200 |
| 02 | C45/GMU/SUNR/PF-01-04/03 | સુરેન્દ્રનગર સ્ટેશન ખાતે PF નં.01-04 ના સિગ્નલ નં. 09 અને 10 વચ્ચે | જનરલ | ₹4,97,200 | ₹51,800 |
| 03 | C45/GMU/RJT/PF No.04-05/01 | રાજકોટ સ્ટેશન ખાતે PF નં. 04-05 ની લાઈન નં. 06 ના [illegible] નં.47 અને 48 વચ્ચે | જનરલ | ₹1,80,000 | ₹18,800 |
| 04 | C45/GMU/RJT/PF No.04-05/03 | રાજકોટ સ્ટેશન ખાતે PF નં. 04-05 ની લાઈન નં. 06 ના [illegible] નં.114 અને 115 વચ્ચે | જનરલ | ₹1,88,000 | ₹19,600 |
| 05 | C45/GMU/RJT/PF No.04-05/04 | રાજકોટ સ્ટેશન ખાતે PF નં. 04-05 ની લાઈન નં. 06 ના [illegible] નં.149 અને 150 વચ્ચે | જનરલ (મહિલાઓ) | ₹1,88,000 | ₹19,600 |
| 06 | C45/GMU/RJT/PF No.01-04/06 | રાજકોટ સ્ટેશન ખાતે PF નં. 01-04 ની લાઈન નં. 03 ના [illegible] નં.144 થી 146 વચ્ચે | જનરલ | ₹8,65,465 | ₹90,100 |
| 07 | C45/GMU/RJT/PF No.02-03/03 | રાજકોટ સ્ટેશન ખાતે PF નં. 02-03 ની લાઈન નં. 05 ના [illegible] નં.114 અને 115 વચ્ચે | જનરલ | ₹6,94,965 | ₹72,300 |
| 08 | C45/GMU/RJT/PF No.02-03/04 | રાજકોટ સ્ટેશન ખાતે PF નં. 02-03 ની લાઈન નં. 05 ના [illegible] નં.147 અને 148 વચ્ચે | જનરલ | ₹5,26,665 | ₹54,800 |
| 09 | C45/GMU/JAM/PF No.02-03/02 | જામનગર સ્ટેશન ખાતે PF નં. 02-03 ના સિગ્નલ નં. 07 અને 08 વચ્ચે | જનરલ (મહિલાઓ) | ₹1,50,000 | ₹15,600 |
| 10 | C45/GMU/WKR/PF No.02/05 | વાંકાનેર સ્ટેશન ખાતે PF નં.02 ના OHE [illegible] નં. 700/05 અને 700/07 વચ્ચે | જનરલ | ₹1,66,320 | ₹17,300 |
| 11 | C45/GMU/DWK/PF No.01/02 | દ્વારકા સ્ટેશન ખાતે PF નં. 01 પર [illegible] વચ્ચે, FOB [illegible] | જનરલ | ₹1,63,665 | ₹17,100 |

ટેન્ડર ફોર્મ ફી: ₹ 5,900/- [illegible] તા.01-10-2024 ના 15:00 કલાકે અને તા.01-10-2024 ના 15:30 કલાકે. [illegible] 180 દિવસ. [illegible] 360001. [illegible] 10:00 કલાક થી 17:00 કલાક સુધી. વેબસાઈટ સરનામું: www.wr.indianrailways.gov.in RJT-079

facebook.com/WesternRly • twitter.com/WesternRly

તંત્રી લેખ

# હિંસા બંગાળના રાજકારણની વિરાસત

સ્થાનિક હિંસા પર નિયંત્રણ એ બંગાળની રાજનીતિનું મુખ્ય લક્ષણ છે, જે ઓછામાં ઓછું ૧૯૪૬ના કુખ્યાત કલકત્તા હત્યાકાંડથી સ્પષ્ટ થાય છે, જ્યારે મુસ્લિમ લીગની આગેવાની હેઠળના શાસક ગઠબંધન દ્વારા હિંસા માટે બોલાવવામાં આવતા ગુંડાઓ દ્વારા ચલાવવામાં આવતી ટોળકી દ્વારા હજારો લોકોની હત્યા કરવામાં આવી હતી. ગુંડાઓ રાજ્યમાં પક્ષીય રાજકારણનું મુખ્ય કેન્દ્ર રહે છે. આ ડાબેરી મોરચા માટે એટલું જ સાચું છે જેટલું તૃણમૂલ માટે છે.

અગાઉ, બંગાળ કોંગ્રેસે તત્કાલિન સીએમ સિદ્ધાર્થ શંકર રેના નેતૃત્વમાં ધાકધમકી પ્રથાનો ખુલ્લેઆમ ઉપયોગ કર્યો હતો, જેમણે નક્સલવાદીઓ સામે બિનસત્તાવાર અને રાજ્ય પ્રાયોજિત હિંસાના શાસનનું નેતૃત્વ કર્યું હતું. અત્યાર સુધીમાં બંગાળ ગુંડાઓનું કુદરતી નિવાસસ્થાન બની ગયું છે. ગુંડાનો અર્થ એ છે કે જે રાજકીય જોડાણ ધરાવે છે અને જે કામદારોને અનૌપચારિક હિંસક બળમાં સંગઠિત કરવામાં સક્ષમ છે. ડાબેરી મોરચાની સરકારની માર્ક્સવાદી ભાષામાં, ગુંડાઓએ 'લમ્પેન પ્રોલેતારિયા'ની રચના કરી હતી અને તેથી તેમની નજરમાં, પક્ષ કોંગ્રેસના માર્ગને અનુસરીને તેમને તૈનાત કરવા યોગ્ય હતો. 'લમ્પેન પ્રોલેતારિયા' એ સામ્યવાદી પરિભાષાનો એક ભાગ છે જેનો અર્થ થાય છે ગુનેગારો, ભટકનારાઓ અને બેરોજગારોના જૂથ કે જેઓ વંચિત વર્ગ તરીકે તેમના સામૂહિક હિતોની જાગૃતિનો અભાવ ધરાવે છે. ગુંડાઓએ આગામી સરકારનો મુખ્ય આધાર બનાવ્યો.

કોઈ સ્થાનિક ગુંડાઓને ખુશ કર્યા વિના સ્થાનિક સેવાઓનો ઉપયોગ કરી શકતો નથી, નાનો વ્યવસાય ચલાવી શકતો નથી અથવા રોજિંદા જીવન જીવી શકતો નથી. પક્ષપલટો કરનાર ગુંડો રાજકીય પ્રવાહમાં પરિવર્તનની આગોતરી ચેતવણી આપે છે. ડાબેરી મોરચાના વફાદાર 'ભદ્રલોક' એ સમજાવ્યું કે 'જાહેર' ના બુર્જિયોના ડર માટે વસ્તુઓને નિયંત્રિત કરવા માટે ગુંડાઓ પર વિશ્વાસ કરી શકાય છે. ઘણીવાર હિંસાની ધમકી વાસ્તવિક હિંસા કરતાં વધુ મહત્વની હોય છે. સ્થાનિક હિંસાની વાર્તાઓ, આંતર-પક્ષીય ઝઘડાઓનો એક ભાગ, જેમાં બળાત્કાર અથવા નરભક્ષીવાદનો પણ સમાવેશ થઈ શકે છે, તે વિસ્તૃત રીતે કહેવામાં આવે છે. બંગાળમાં તૃણમૂલની સત્તામાં વધારો બંગાળના બૌદ્ધિકોમાં અગાઉની સીપીએમ સરકાર પ્રત્યેના અસંતોષને આભારી છે, જેમણે તેને ૨૦૦૭ માં છોડી દેવાનું શરૂ કર્યું હતું. તેમને લાગ્યું કે ડાબેરીઓ ઘણા લાંબા સમયથી સત્તામાં છે અને તેમના મધ્યમ-ખેડૂત મતદારો તરફ પીઠ ફેરવી છે અને ચીની શૈલીના સામ્યવાદી-નિયંત્રિત મૂડીવાદ તરફ વળ્યા છે. નંદીગ્રામ અને સિંગુરમાં ખેડૂતોને બહાર કાઢવાના સીપીએમના પ્રયાસોથી પ્રેરિત હિંસા બાદ, જૂના નક્સલવાદી માઓવાદીઓનું એક જૂથ પણ તેમાં જોડાયું.

ટૂંક સમયમાં જ તૃણમૂલે તે જ લોકો પર હુમલો કર્યો જેઓ તેને સત્તામાં લાવ્યા હતા. કેન્દ્રમાં તત્કાલીન કોંગ્રેસની આગેવાની હેઠળના ગઠબંધન સાથે જોડાણ કરીને, તેણે ઓપરેશન ગ્રીન હન્ટ નામથી નક્સલવાદીઓ સામે રાજ્ય-સ્તરની હિંસા શરૂ કરી. અને તૃણમૂલને સીપીએમના બૌદ્ધિકો વારસામાં નથી મળ્યા પરંતુ તેને ચોક્કસપણે ડાબેરી કેડરનો મોટો હિસ્સો અને રાજકીય ડરાવવાની પદ્ધતિઓ વારસામાં મળી છે. સીપીએમના બૌદ્ધિકો ઘણા સમય પહેલા નિરાશ થઈ ગયા હતા. પશ્ચિમ બંગાળમાં કેડર પોતે, જે વારંવાર પક્ષો બદલે છે, ઓછામાં ઓછી સંભવિત રીતે પક્ષમાં અને પક્ષ સિવાયની ગેરકાયદેસર પ્રવૃત્તિઓ અને વફાદારી સાથે ક્રોસ-પાર્ટી ઘટના છે.

# સૌરાષ્ટ્ર યુનિ.માં ડો.અમીબેન મહેતાનું યોજાયું વ્યાખ્યાન

## મહિલાઓને આરોગ્યલક્ષી સમસ્યા અંગે તકેદારી રાખવા અપાયું માર્ગદર્શન

**અબતક, રાજકોટ**



સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ઈતિહાસ અનુસ્નાતક ભવન ખાતે વિશેષ વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં મુખ્ય વક્તા તરીકે ડોકટર અમીબેન મહેતાએ મહિલાઓના આરોગ્ય લક્ષી સમસ્યાઓ અને તે અંગેની તકેદારી વિષય પર વ્યાખ્યાન આપેલ હતું ડોકટર અમીબેન જેઓ હાલ રાજકોટ ખાતે આવેલ આસ્થા હોસ્પિટલમાં કાર્ય કરી રહ્યા છે. તેઓ છેલ્લા ૩૨ વર્ષથી ગાયનેકની ખાનગી પ્રેક્ટિસ કરી રહ્યા છે આ સાથે તેઓ અનેકવિધ સંસ્થાઓ સાથે જોડાયેલા છે સમાજની સેવા કરવી એ તેમનો મનગમતો વિષય છે તેથી તેઓ એ મહિલાઓના આરોગ્ય લક્ષી સમસ્યાઓ અને તે અંગે જનજાગૃતિ માટે ૮૦૦ થી પણ વધારે વ્યાખ્યાનો આપ્યા છે વ્યાખ્યાનો આપવાનો તેમનો મુખ્ય હેતુ એ છે કે સમાજમાં પીડાતી સ્ત્રીને મારા દ્વારા થોડી ઘણી પણ મદદ મળશે તો હું મારી જાતને ખૂબ જ ભાગ્યશાળી સમજીશ હું જે ક્ષેત્રમાં છું ભગવાને મને જે કાર્ય માટે નિમિત બનાવી છે તે કાર્ય મારે પૂરી શ્રદ્ધા અને ખંત થી કરવું જોઈએ આવા ઉમદા વિચાર ધરાવનાર ડોક્ટર અમીબેન ને અનેક એવોર્ડ થી પણ સન્માનિત કરવામાં આવ્યા છેઆ સમગ્ર કાર્યક્રમનું આયોજન ઈતિહાસ ભવનના અધ્યક્ષ ડો. કલ્પાબેન માણેકના માર્ગદર્શન હેઠળ કરવામાં આવેલ હતું.

ઈતિહાસ ભવન એ માત્ર વિદ્યાર્થીઓને શિક્ષણ આપવાનુંજ કાર્ય કરતું નથી. પરંતુ વિદ્યાર્થીઓનો સર્વાંગી વિકાસ થાય તે અંગે અનેક વિવિધ પ્રકારની પ્રવૃત્તિઓ કરે છે. વિદ્યાર્થીઓમાં સ્કિલ ડેવલપમેન્ટ થાય મૂલ્યલક્ષી શિક્ષણની સાથે વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે તેમને મૂંઝવતા પ્રશ્નો અંગે અનેકવિધ કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે.

સરગમ ક્લબ દ્વારા

# દિવ્યાંગો માટે રવિવારથી જયપુર ફૂટ કેમ્પનો પ્રારંભ

**અબતક, રાજકોટ**

સાંસ્કૃતિક, સામાજિક અને તબીબી ક્ષેત્રમાં અગ્રેસર રહેનાર સરગમ ક્લબ શહેરમાં જયપુર ફૂટ કેમ્પના રૂપમાં વધુ એક સેવાકેન્દ્ર ચલાવી રહેલ છે. સરગમ ક્લબ અને માતૃશ્રી કલાવંતીબેન ભૂપતલાલ માઉં અને કમાણી ફાઉન્ડેશનનાં સયુંકત ઉપક્રમે તા.૧/૦૯/૨૦૨૪ રવિવારથી ૩/૦૯/૨૦૨૪ ના રોજ આ જયપુર કેમ્પ યોજાશે. સરકાર માન્ય ઓળખપત્ર આધાર કાર્ડ અને ડોકટરનું વિકલાંગ સર્ટીફીકેટની ઝેરોક્ષ સાથે લાવવાની રહેશે.સરગમ કલબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળાના જણાવ્યા અનુસાર, આ કેમ્પમાં જરૂરતમંદોને વિનામૂલ્યે કૃત્રિમ પગ બેસાડવામાં આવે છે. આ કેમ્પ તા.૧/૦૯ થી ૩/૦૯ સુધી યોજાશે. આ કેમ્પનો લાભ લેવા ઈચ્છતા લોકોને તા.૦૧/૦૯ રવિવારના રોજ સવારે ૮/૦૦ કલાકે ખાસ સરગમ ભવન,જામટાવર રોડ, નવી કલેકટર કચેરીની બાજુમાં, રાજકોટ. ફોન નં.૦૨૮૧-૨૪૫૭૧૬૮ ખાતે દર્દીઓએ રૂબરૂ હાજર રહેવા જણાવાયું છે. આ ઉપરાંત જે લોકો અગાઉ સાધનો લઈ ગયા છે અને તેઓને રીપેરીંગ કરાવવાનું હોઈ તેઓએ પણ તા.૧/૦૯/૨૦૨૪ ના રોજ સવારે ૮/૦૦ ખાસ ઉપસ્થિત રહેવું.

આ કેમ્પમાં અમોને મુખ્ય સહયોગ માતૃશ્રી કલાવંતીબેન ભૂપતલાલ માઉંના પરિવારજનો શીલાબેન શૈલેષભાઈ માઉં, પ્રિયાંશી હર્ષિલ માઉં, પ્રીતિબેન વિરેન્દ્રભાઈ શાહ, દેવાંશી, કાવ્યનો સહયોગ મળેલ છે.

જન્માષ્ટમી નિમિતે

# યુવા સેવા ટ્રસ્ટ દ્વારા જરૂરિયાત મંદ પરિવારોને કરાયું ફરસાણ વિતરણ

**અબતક, રાજકોટ**



યુવા સેના ટ્રસ્ટ રાજકોટ દ્વારા અનેકવિધ સેવાકીય પ્રવૃતિ હાથ ધરવામાં આવેલી છે. જેમાં દર વર્ષની મારફત આ વર્ષે પણ જન્માષ્ટમીનો તહેવાર હર્ષ ઉલ્લાસ અને આનંદથી ઉજવી શકે તેવો નમ્ર પ્રયાસ યુવા સેના ટ્રસ્ટ દ્વારા મિઠાઈ તથા ફરસાણ આપવામા આવ્યું જેમા લીસા લાડુ, ગાઠીયા તેમજ ચવાણું નો સમાવેશ થાય છે આ રીતે યુવા સેના ટ્રસ્ટ દારા જરૂરીયાતમંદ પરિવારોને વિતરણ કરવામા આવ્યું જેમાં બહોળી સંખ્યામાં જરૂરીયાતમંદ પરિવારોએ તેમનો લાભ લીધો આ રીતે જન્માષ્ટમી ના તહેવારની ઉજવણી કરવામાં આવી. આ પ્રોજેકટને સફળ બનાવવા યુવા સેનાના તમામ પાંખના સભ્યોએ સાથ અને સહકરા આપ્યો જેમાં રાજકોટના ઉદાર દાતાશ્રીઓનો ખુબજ સાથ અને સહકાર મળેલ છે.

# વી.વી.પી. એન્જિનિયરીંગ કોલેજમાં ઉદ્યમિતા પ્રોત્સાહન સંમેલન યોજાયું

## વિદ્યાર્થીઓને સ્વ.રોજગારી મેળવી અન્યને રોજગારી આપવા અપાયું માર્ગદર્શન

**અબતક, રાજકોટ**



વી.વી.પી. એન્જીનીયરીંગ કોલેજમાં વિશ્વ ઉધ્યમિતા દિવસ નિમિત્તે સ્વદેશી જાગરણ મંચ દ્વારા ચાલતા સ્વાવલંબી ભારત અભિયાન અંતર્ગત ઉદ્યમિતા પ્રોત્સાહન સંમેલન યોજાયું હતું.

વિશ્વભરમાં વિશ્વ ઉદ્યમિતા દિન તરીકે ઉજવવામાં આવે છે. ગુજરાત સરકારએ પણ આ કાર્યક્રમ દરેક કોલેજમાં થાય તેવું આહવાન કરેલ. આ આહવાન અન્વયે ભારતની બેસ્ટ એન્જીનીયરીંગ કોલેજના એવોર્ડથી સન્માનિત વી.વી.પી. એન્જીનીયરીંગ કોલેજમાં વિશ્વ ઉધ્યમિતા દિવસ નિમિત્તે સ્વદેશી જાગરણ મંચ દ્વારા ચાલતા સ્વાવલંબી ભારત અભિયાન અંતર્ગત ઉદ્યમિતા પ્રોત્સાહન સંમેલન યોજાયું. આ તકે સ્વાવલંબી ભારત અભિયાન રાજકોટ જિલ્લા ના સમનવયક મલયભાઈ રૂપાપરા, વીવીપીના ટ્રસ્ટી ડો.નરેન્દ્રભાઈ દવે, પ્રિન્સિપાલ ડો.પીયુષભાઈ વણઝારા તમામ વિભાગના વડાઓ, કર્મચારીઓ અને બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. વિદ્યાર્થીઓને નોકરીને બદલે પોતાના દ્વારા બિઝનેસ શરૂ કરે તેવા નિર્ણય લેવા અને સ્વ-રોજગાર બની બીજાને રોજગાર આપનાર બનીએ તે બાબતે ઉપસ્થિતો માહિતગાર કર્યા હતા. સાહસિક ઉદ્યમી દ્વારા વિદ્યાર્થીઓને ઉદ્યમિતા માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

સ્વદેશી જાગરણ મંચ દ્વારા છેલ્લા ત્રણ વર્ષથી યુવાનોને રોજગાર અર્થે માર્ગદર્શન મળે અને યુવાનો ઉદ્યમિતા તરફ વળે તે માટે સ્વાવલંબી ભારત અભિયાન કાર્યક્રમ અંતર્ગત કોલેજોની અંદર યુવાનોને રોજગાર માટે માર્ગદર્શન અંગેના કાર્યક્રમો યોજવામાં આવે છે.

ડો.પીયુષભાઈ વણઝારાના સીધા માર્ગદર્શન હેઠળ ડો. દીપેશ કામદાર, પ્રો. અમિત પાઠક અને પ્રો.ભાર્ગવ ગોકાણી તથા કર્મચારીઓએ જહેમત ઉઠાવી હતી.

# જનકલ્યાણ ટ્રસ્ટને મળ્યું ૫૬૦મું ચક્ષુદાન


**અબતક, રાજકોટ**



ગાંધીનગરમાં ઈન્દુબેન ગીરીશચંદ્ર ધોળકિયાનું અવસાન થતાં તેમના પરિવારની ઈચ્છા અનુસાર અને જનકલ્યાણ ટ્રસ્ટની પ્રેરણાથી જુનીયર સિટીઝન કાઉન્સિલના દિનેશભાઈ દવેનાં સહયોગથી ગાંધીનગરમાં ચક્ષુદાન કરાવેલ છે.જનકલ્યાણ સાર્વજનીક ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા આ ૫૬૦મું ચક્ષુદાન થયેલ છે. ઓગસ્ટ મહિનામાં આઠમું ચક્ષુદાન થયેલ છે.આ ચક્ષુદાન જે.વી. શાહ સાહેબ (રાજકોટ) તથા અતુલભાઈ મહેતાનાં સહયોગથી થયેલ છે.

બોલબાલા ટ્રસ્ટ આયોજીત

# બાલકૃષ્ણ શણગાર સ્પર્ધામાં ૩૫ બહેનોએ બનાવી કલા



## ઈનરવીલ ક્લબ દ્વારા વિજેતાઓને કરાયું ઈનામ વિતરણ

**અબતક, રાજકોટ**

જન્માષ્ટમી-શ્રાવણ માસ નીમીતે બોલબાલા સીનીયર સીટીઝન સેવા સંસ્થા દ્વારા વડીલોમાં કૃષ્ણભક્તિ ફરાળી આઈટમ પ્રત્યે વધુને વધુ જાણકારી પ્રાપ્ત થાઈ ઘરેને ઘરે જાતે જ બનાવી શકે તે માટે રેસીપી સાથે સ્પર્ધા યોજવામાં આવી હતી.

નંદ ઘેર આનંદ ભયો આઠમને વધાવવા ભગવાન બાલકૃષ્ણ લાલો(શણગાર) સ્પર્ધા યોજાઈ હતી. કોઈએ નૌકા વિહ કોઈએ અનાજ, કઠોળ, ડ્રાઈફ્રૂટ, મોરપીંછ, હીરા-મોતી, ૫૬ ભોગ, જેવા દ્રશ્યો ખડા કર્યા હતા. આ સ્પર્ધામાં બહેનોએ એકથી ચડે એવા બાલકૃષ્ણના શણગાર સર્જ્યો હતો. આ સ્પર્ધામાં ૩૫ જેટલા બહેનો જોડાયા હતા.

આ સ્પર્ધામાં નિર્ણાયક તરીકે કૃતિકા ઉપાધ્યાય, રંજનબેન કોટક, કલ્પના એન ભટ્ટ (યુ.કે.), વગેરે જોડાયા હતા. ઈનરવીલ ક્લબ તરફથી ઈનામો અને જજ તરીકે અંજલીબેન અને ગોસલીયાબેન સેવા સહયોગ આપ્યો હતો. બોલબાલા ટ્રસ્ટના જયેશ ઉપાધ્યાય જણાવેલ છે.

# સનાતન નવરાત્રી મહોત્સવમાં ૨૫૧ બાળકોને અપાશે નિઃશુલ્ક એન્ટ્રી

**અબતક, રાજકોટ**

રાજકોટમાં સૌ પ્રથમ વાર ભવ્યાતિભવ્ય આયોજન સમાનત નવરાત્રી મહોત્સવ થવા જઈ રહ્યા છે. ત્યારે ખાસ કરીને જન્માષ્ટ્રમીમાં ૫ થી ૮ વર્ષના બાળકો માટે પાસ ફ્રી અને તેની સાથે જ સનાતન નવરાત્રી ના સિઝન પાસ, લેડીઝ પાસ ફ્રી અને તેની સાથે જ સનાતન નવરાત્રી ના સિઝન પાસ લેડીઝ પાસ ૪૯૯, જેન્ટસ પાસ ૬૯૯, કપલ પાસ ૧૦૯૯ સાવ નજીવા ભાવે આ આયોજન થવા જઈ રહ્યું છે. તો રાજકોટવાસીઓ રાહ કોની જોવો છો?

આજે જ તમારો પાસ બુક કરાવો જેનું વધુ માહીતી ઓફીસ એડ્રસ છે ટાઈમ સ્કેવર-૧, ઓફીસ નં. ૯૦૮અયોધ્યા ચોક પાસે રાજકોટ મો. નં. ૭૬૯૮૫ ૦૮૦૮ પર સંપર્ક કરવો.

જેમાં સૌરાષ્ટ્રના નામાંકિત સિંગરો, બેસ્ટ ઓરકેસ્ટ્રી ટીમ, એન્કર, લેડીઝ જેન્ટસ બાઉન્સર, લોન વાળુ ગ્રાઉન્ડ, વિશાળ કેન્ટીન અને પાર્કિંગ ની વ્યવસ્થા તો હવે રાજકોટવાસીઓ આજે જ તમારો પાસ બુક કરાવો.. આ પ્રેસનોટ વાંચીને જે કોઈ લોકો અમારો પાસ બુક કરાવશે એમને સીઝન પાસ પાસમાં ૧૦ ટકા ડીસ્કાઉન્ટ આપવામાં આવશે.

# ઈગ્નુમાં ભગવત ગીતા સ્ટડીઝ કાર્યક્રમનો પ્રારંભ

**અબતક, રાજકોટ**

ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટીએ તેની સ્કૂલ ઑફ હ્યુમેનિટીઝ હેઠળ જુલાઈ, ૨૦૨૪ સત્રથી માસ્ટર ઑફ આર્ટસ ઈન ભગવદ્ગીતા સ્ટડીઝ પ્રોગ્રામ શરૂ કર્યો છે. ભારતની અન્ય કોઈ યુનિવર્સિટી કે સંસ્થામાં હાલમાં ગીતા પર કોઈ ડિગ્રી પ્રોગ્રામ ચાલી રહ્યો નથી. આમ, વર્તમાન સત્રમાં આ કોર્સમાં મોટી સંખ્યામાં પ્રવેશ છે. આ પ્રોગ્રામ વર્તમાન સત્ર માટે હિન્દી માધ્યમમાં ઓફર કરવામાં આવે છે કારણ કે તેની અભ્યાસ સામગ્રી માત્ર હિન્દીમાં જ વિકસાવવામાં આવી છે; જો કે, વિદ્યાર્થીઓ હિન્દી, સંસ્કૃત અથવા અંગ્રેજી માધ્યમમાં પરીક્ષાઓ લખી શકે છે. એસાઈનમેન્ટ પ્રશ્નપત્રો વેબસાઈટ પર ઉપલબ્ધ હશે, વિદ્યાર્થીઓએ તેમના જવાબો તૈયાર કરીને તેમના પ્રવેશ કેન્દ્રો પર સબમિટ કરવાના રહેશે. આ પ્રોગ્રામમાં કોઈ પ્રેક્ટિકલ કે વાઈવા પરીક્ષા નથી. આ કાર્યક્રમની ફી રૂ. ૬૩૦૦/- પ્રતિ વર્ષ માત્ર વત્તા નોંધણી/વિકાસ ફી લાગુ પડે છે. પ્રવેશ પ્રક્રિયા માત્ર ઓનલાઈન છે. નોંધણી માટે લિંકઃ https://ignouadmission.samarth.edu.in/

# સૌરાષ્ટ્રમાં અતિવૃષ્ટિની આફતમાં રાષ્ટ્રીય સ્વયસેવક સંઘના કાર્યકરોએ સેવા યજ્ઞ ધમધમાવ્યા

## પુરમાં ફસાયેલાઓને રેસ્કયુ રાહત રસોડામાં ફુડ પેકેટ બનાવી જરુરીયાત મંદોને પહોચાડીયા





**અબતક, રાજકોટ**

જન્માષ્ટમી અને સાતમ આઠમના દિવસોમાં ભારેથી અતિભારે વરસાદ સાથે પવન ફૂંકાવાની ગુજરાત સરકારે ચેતવણી બહાર પાડી. પરીવાર સાથે બહાર ફરવા જવાનુ પડતુ મૂકી સૌરાષ્ટ્રના રાજકોટ-મોરબી ,જામનગર અને દક્ષીણ ગુજરાતમા વડોદરાના સ્વયંસેવકો આગોતરા આયોજન સાથે જ કામે લાગ્યા.પૂરમા ફસાયેલા નાગરિકો ,માતા-બ્હેનો ,બાળકો , વગેરેને બહાર કાઢવા માટે રસી દોરડાની વ્યવસ્થા , ભુખ્યાને ભોજન કરાવવા રસોડામા ખીચડી અને વઘારેલા ભાત વગેરેની વ્યવસ્થા તો દુર ઝુપડામા રહેતા નિવાસીઓ માટે ફૂડ પેકેટમા ગુંદી-ગાંઠીયાની વ્યવસ્થા કરી. ત્યારે મંગળવાર સુધીમા જામનગર ,લાલપુર , કાલાવડ ,પડધરી વગેરેમાં લગભગ ૭૫ થી ૮૦ લોકોને રેસ્ક્યુ કરવાની કામગીરીની સાથે પ્રસુતા માતાઓને એમ્બ્યુલન્સ દ્વારા હોસ્પીટલ પહોંચાડી છે.મોરબીમા લગભગ ૨૦૦૦ જેવા ફુડપેકેટોનું વિતરણ કરાયુ છે.આ ઉપરાંત રાજકોટ, ટંકારા અને જામનગર ખાતે રસોડામા રોજ બંન્ને સમય ૫૦૦-૧૦૦૦ લોકોને ભોજન કરાવાઈ રહ્યુ છે.વડોદરામા તો ટ્રેકટરમાં જ વિસ્તાર દીઠ તપેલામા ભાતની બિરયાની બનાવી



મહોલ્લે - મહોલ્લે ૧૦૦ થી ૧૫૦ જેટલા સ્વયમંસેવકો ભોજન વિતરણની કામગીરી કરી રહ્યા છે.આ ઉપરાંત નિચાણવાળા વિસ્તારોમા તંત્ર સાથે રહી રાહત-બચાવ કામગીરી કરવામાં આવી રહી છે.

આગામી સમયમાં પણ હવામાન વિભાગની આગાહીને ધ્યાને રાખી આ સેવાકાર્ય ચાલુ રાખવામાં આવશે.આ કાર્યમા સામાજિક સંસ્થાઓ ઉપરાંત સ્વામિનારાયણ સંપ્રદાય , જૈન સેવાભાવી સંસ્થાઓનો સ્વયંસેવકોને સહયોગ રહ્યો છે.

# સદગુરુ બાલ મંદિરમાં જન્માષ્ટ્રમી પવની પરંપરાગત રીતે આગવી ઢબે ઉજવણી

**અબતક, રાજકોટ**



બાળકોમાં શિક્ષણના પાયાથી જ ધર્મ સંસ્કારના ગુણો આવે તે માટે શ્રી મહાત્મા ગાંધી ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત સદગુરુ બાલ મંદિર દ્વારા દરેક પર્વોની પરંપરાગત ઢબે ઉજવણી કરવામાં આવે છે. ભગવાન શ્રી કૃષ્ણના જન્મોત્સવ જન્માષ્ટ્રમીની સ્કુલમાં કરવામાં આવી હતી જેમાં ભગવાન શ્રી કૃષ્ણનું બાળપણ જયા વીત્યું હતું તે ગોકુળ વૃંદાવન ની યાદ આપતા દ્રશ્યો તાદ્રશ્ય કરવામાં આવ્યા હતા. બાળકોએ શ્રી કૃષ્ણ પિતા વાસુદેવ, માતા દેવકી ભગવાન શંકર માતા પાર્વની અને અન્ય સંતોનો પરિધાન પહેરીને ધાર્મિક વાતાવરણ ખડુ કર્યુ હતું. ટ્રસ્ટના ટ્રસ્ટી હલેલીબેન ત્રિવેદી અને સંસ્થા સ્કુલોના આચાર્યોની ઉપસ્થિતિમાં અને સંસ્થા સ્કુલોના આચાર્યોની ઉપસ્થિતિમાં ભગવાન કૃષ્ણના પરિધાનમાં આવેલા બાળકના હસ્તે મટકીફોડનું આયોજન કરાયું હતું. અનોખા આયોજનને સફળ બનાવવા આચાર્ય કૃપાલીબેન મકવાણા ની આગેવાનીમાં સ્ટાફે જહેમત ઉઠાવી હતી.

# કોટેશ્વર મહાદેવ મંદિરે કૃષ્ણજન્મોત્સવની હર્ષભેર ઉજવણી

**અબતક, રાજકોટ**



કોઠારીયા કોલોનીના આસ્થાના પ્રતિક સમા કોટેશ્વર મહાદેવ મંદિરે કૃષ્ણ જન્મોત્સવની ધામધુમથી ઉજવણી કરાઈ કૃષ્ણ ભગવાનનો આકર્ષક ઝુલો, ધુન ભજન મહાઆરતી, પ્રસાદ વિતરણ, રાસ ગરબા સહિતના કાર્યક્રમો યોજાયા હતા. ભગવાન શ્રી કૃષ્ણના દર્શન કરતાં કોટેશ્વર પરિવારના વિક્રમસિંહ જાડેજા, મહેન્દ્રસિંહ જાડેજા, પરેશાઈ કારીયા, પ્રતાપસિંહ જાડેજા, ક્રિપાલસિંહ જાડેજા, શનિ જાદવ, જયઆસોડીયા, દિલીપસિંહ જાડેજા, સાગર પરમાર, ધર્મદીપસિંહ જાડેજા, જયેન્દ્રસિંહ વિશ્વજીતસિંહ જાડેજા તથા મંદિરના પૂજારી રસીકગીરીબાપુ (અતિત) સહિતના દ્રશ્યમાન થાય છે.

# રાજકોટ જિલ્લાના ભાદર-મોજ-આજી સહિતના ૧૮ ડેમ છલોછલ

## જિલ્લાના ૨૭ ડેમોમાં સરેરાશ ૯૪.૭૮ ટકા જળસંગ્રહ : છેલ્લા ૨૪ કલાકમાં ન્યારી-૧માં ૦.૮૨, ઘેલો સોમનાથમાં ૨.૩૦ તથા માલગઢ ડેમમાં ૦.૮૨ ફૂટનો વધારો : પાંચ ડેમના વિસ્તારમાં અત્યાર સુધીમાં ૪૦ ઈંચથી વધુ વરસાદ વરસ્યો

**અબતક, રાજકોટ**

રાજકોટ સહિત સમગ્ર સૌરાષ્ટ્રમાં અતિ ભારે વરસાદને પગલે જળાશયો છલકાવા લાગ્યા છે.

રાજકોટ જિલ્લામાં આવેલા ૨૭ જળાશયોમાં વરસાદના નીર ઠલવાઈ રહ્યા છે અને ૧૮ જળાશયો ૧૦૦ ટકા ભરાઈ ગયા છે. જેમાં ૧૦ ડેમ ઓવરફ્લો થઈ રહ્યા છે જ્યારે આઠ ડેમના દરવાજાઓ ખોલવામાં આવ્યા છે. રાજકોટ જિલ્લાના તમામ ૨૭ જળાશયો સરેરાશ ૯૪.૭૮ ટકા ભરાઈ ગયા છે.

જિલ્લામાં પાંચ ડેમના વિસ્તારમાં અત્યાર સુધીમાં ૪૦ ઈંચથી વધુ વરસાદ વરસી ગયો છે.

રાજકોટ સિંચાઈ વર્તુળ પૂર એકમની યાદીમાં જણાવાયા પ્રમાણે, આજની તારીખે સવાર સુધીમાં ૧૮ જળાશયો ૧૦૦ ટકા ભરાઈને છલકાઈ રહ્યા છે. જેમાં ભાદર ડેમના ૧૭ દરવાજા ૧.૮ મીટર ખોલવામાં આવ્યા છે. જ્યારે મોજ ડેમના ૨૦ દરવાજા ૧.૫ મીટર ખુલ્લા છે.

સુરવો ડેમના ત્રણ દરવાજા ૦.૧ મીટર, મોતીસર ડેમના ત્રણ દરવાજા ૦.૬૦ ડિગ્રી, છાપરવાડી-૨ ડેમના બે દરવાજા ૧.૫ મીટ, કરમાળ ડેમના બે દરવાજા ૦.૬ મીટર, કર્ણુકી ડેમનો એક દરવાજો ૦.૧૫ મીટર ખોલવામાં આવ્યો છે. ખોડાપીપર ડેમ પણ ૧૦૦ ટકા ભરાઈ ગયો છે.

જ્યારે ફોફળ ડેમ હાલ ૧.૫૮૫ મીટર ઓવરફ્લો જ્યારે આજી-૧ ડેમ ૧.૨૫ મીટર ઓવરફ્લો, સોડવદર ડેમ ૦.૭૫ મીટર ઓવર ફ્લો થઈ રહ્યા છે. જ્યારે ગોંડલી ડેમ, વાછપરી ડેમ તથા વેરી ડેમ, ફાડદંગ બેટી, લાલપરી ડેમ ૦.૩ મીટર ઓવરફ્લો થઈ રહ્યો છે. જ્યારે છાપરવાડી-૧ ડેમ ૦.૨૫ મીટર, ઈશ્વરીયા ડેમ ૦.૫ મીટર ઓવરફ્લો થઈ રહ્યા છે.

ઉપરાંત વેણુ-૨ ડેમ ૮૬.૬૯ ટકા ભરાયો છે અને તેના આઠ દરવાજા ૪.૮ મીટર ખુલ્લા છે.

આજી-૨ ડેમ ૭૩.૨૯ ટકા ભરાયેલો છે અને તેના છ દરવાજા દોઢ મીટર ખુલ્લા છે. આજી-૩ ડેમ ૯૧.૭૭ ટકા ભરાઈ જતાં પાંચ દરવાજા ૨.૪ મીટર ખોલવામાં આવ્યા છે. ડોંડી-૧ ડેમ ૬૫.૭૯ ટકા ભરાતા એક દરવાજો ત્રણ મીટર ખોલાયો છે. ન્યારી-૧ ડેમ ૮૬.૮૬ મીટર ભરાયો હોવાથી બે દરવાજા ૦.૬ મીટર ખુલ્લા છે. ન્યારી-૨ ડેમ ૯૦.૫૯ ટકા ભરાયો હોવાથી સાત દરવાજા ૦.૯ મીટર ખુલ્લા છે. ઉપરાંત ભાદર-૨ ડેમ ૮૮.૫૭ ટકા ભરાયો હોવાથઈ ૧૭ દરવાજા ૧.૨ મીટર ખોલાયા છે. માલગઢ ડેમ હાલ ૫૧.૫૭ ટકા જ્યારે ઘેલો સોમનાથ ૧૮.૦૪ ટકા ભરાયો છે.

મહત્ત્વનું છે કે, છેલ્લા ૨૪ કલાકમાં ન્યારી-૧ ડેમમાં ૦.૮૨ ફુટ, ઘેલો સોમનાથ ડેમમાં ૨.૩૦ ફુટ જ્યારે માલગઢ ડેમમાં ૦.૮૨ ફુટ જળસ્તરમાં વધારો થયો છે.

નોંધનીય છે કે, રાજકોટ જિલ્લામાં અત્યાર સુધીમાં સૌથી વધુ વરસાદ મોજ ડેમના ક્ષેત્રમાં ૧૧૩૫ મિલિમીટર (૪૪.૬૯ ઈંચ), ફોફળ ડેમ ક્ષેત્રમાં ૧૦૧૦ મિ.મિ. (૩૯.૭૬ ઈંચ), સોડવદર ડેમ ક્ષેત્રમાં ૧૦૫૭ મિ.મિ. (૪૧.૬૧ ઈંચ), છાપરવાડી-૨ ડેમ ક્ષેત્રમાં ૧૦૪૪ મિ.મિ (૪૧.૧૦ ઈંચ). જ્યારે ભાદર-૨ ડેમ ક્ષેત્રમાં ૧૦૨૦ મિ.મિ. (૪૦.૧૬ ઈંચ) નોંધાયો છે. જ્યારે સૌથી ઓછો વરસાદ ઘેલો સોમનાથ ડેમ ક્ષેત્રમાં ૧૨૦ મિ.મિ. (૪.૭૨ ઈંચ) વરસ્યો છે. ત્યારપછીના ક્રમમાં માલગઢ ડેમ ક્ષેત્રમાં ૩૧૫ મિ.મિ. (૧૨.૪૦ ઈંચ) વરસાદ વરસ્યો છે.

# ચાલુ વરસાદે મ્યુનિ. કમિશનર દેવાંગ દેસાઈ સહિતની ટીમ ખડેપગે

## ૧૩૭૪ લોકોનું સ્થળાંતર અને ૧૭૬ લોકોનું કરાયું રેસ્કયું





**અબતક,રાજકોટ**

રાજકોટ શહેરમાં ભારે વરસાદ વરસ્યો હતો. રાજકોટ મહાનગરપાલિકાના કમિશનર દેવાંગ દેસાઈ ખુદ ઉપરાંત નાયબ કમિશનરઓ તેમજ જે તે ઝોનના સિટી એન્જિનિયરઓ સહીત રાજકોટ મહાનગરપાલિકાની સમગ્ર ટીમ સતત ફિલ્ડમાં રહેલ અને પરિસ્થિતિ પર ચાંપતી નજર રાખી લોકો તરફથી મળેલ ફરિયાદોનો નિકાલ કરવા માટે અવિરત કામગીરી હાથ ધરી હતી.

આ ઉપરાંત ચાલુ વરસાદ દરમિયાન તેમજ વરસાદ બંધ થાય ત્યારબાદ પણ વરસાદી પાણીના નિકાલ માટે હાથ ધરવાની થતી કામગીરી ઝડપભેર થાય તે સુનિશ્ચિત કરવા મ્યુનિ. કમિશનરએ આપેલા આદેશ મુજબ જ ચાલુ વરસાદ દરમ્યાન તેમજ વરસાદ બંધ થયા બાદ પણ શહેરનાં જુદાજુદા વિસ્તારોમાં સ્ટોર્મ વોટરના નિકાલ માટેની જાળીઓમાં પાણીનો પ્રવાહ અવરોધાય નહીં તે મુજબ કામગીરી કરવામાં આવી હતી.

તા.૨૬/૦૮ થી તા.૨૯/૦૮ દરમ્યાન રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરના વિવિધ નીચાણવાળા વિસ્તાર જેવા કે, નરસંગપરા, રૂખડીયા, ભવાનીનગર શેરી ૧ થી ૯, લલુડીવોકડી વિસ્તાર, ભગવતીપરા, રામનગર થોરાળા પાસે, એકતા કોલોની જંગલેશ્વર વિસ્તારમાંથી કુલ-૧૩૭૪ લોકોનું રાજકોટ મહાનગરપાલિકાના રેનબસેરા અને નજીકની શાળામાં સ્થળાંતર કરવામાં આવેલ છે તેમજ સ્થળાંતરિત કરાયેલા નાગરિકો માટે શહેરની વિવિધ સેવાકીય સંસ્થાઓ દ્વારા કુલ-૬૩૯૦ ફૂડ પેકેટ્સની પણ વ્યવસ્થા કરવામાં આવેલ છે. ભારે વરસાદ અને પવનને પગલે શહેરમાંથી કુલ-૨૨૩ વૃક્ષો ધરાશાયી થવાની અને ૬૬ જેટલી વોટર લોગિંગની ફરિયાદો આવી હતી જેને રાજકોટ મહાનગરપાલિકા દ્વારા તાત્કાલિક નિકાલ કરવામાં આવેલ છે. શહેરના નીચાણવાળા વિસ્તારમાંથી કુલ-૧૭૬ નાગરિકોને રેસ્કયુ કરીને સલામત સ્થળે મોકલી આપવામાં આવેલ છે.

# ડોક્ટર દંપતિએ સદ્ભાવના વૃધ્ધાશ્રમના 300 વૃક્ષ લીધા "દત્તક"

## ડો.મનસુખ રંગાણી અને ડો.નીલા રંગાણીએ વૃક્ષોના વાવેતર માટે આપ્યું અનુદાન



**અબતક, રાજકોટ**

કુદરતે બે પૈસા આપ્યા હોય તો લોકો યથાશક્તિ અનુદાન કરતા હોય છે. અનુદાન વિવિધ વસ્તુઓ માટે થાય છે. વર્તમાન સમયમાં પર્યાવરણની ખરાબ પરીસ્થિતિને જોઈને હવે પર્યાવરણ માટે શ્રીદાન આપવાનો સમય છે ત્યારે રાજકોટના નામી સર્જન દંપતી ડો.મનસુખ રંગાણી અને ડો.નીલા રંગાણીએ સદભાવના વૃદ્ધાશ્રમને ૩૦૦ વૃક્ષ માટે અનુદાન આપ્યું છે. આજે એ ઝાડ લહેરાઈ રહ્યાં છે.

પર્યાવરણએ હવેની સૌથી મોટી સમસ્યા છે. પર્યાવરણનું જતન કરવું એ સૌ ની ફરજ છે, સૌ ની જવાબદારી છે. ડો.મનસુખ રંગાણીને પોતાની નાની દીકરીના જન્મદિવસે તેને વૃક્ષો વાવવાની ઈચ્છા થઈ તે જોઈને પોતાને પણ પ્રકૃતિ જતન કરવા માટેની પ્રેરણા મળી હતી. ડો.મનસુખ રંગાણી અને ડો.નીલા રંગાણીએ પોતાના ઘરમાં પણ ત્રણ ગાર્ડન બનાવ્યા છે. જ્યારે આ ડોક્ટર દંપત્તિ પોતાના અનુદાનથી ઉગાડેલા વૃક્ષોને જોવા જાય છે ત્યારે તેઓ પોતાના પરિવારનાં સભ્યોને મળતા હોય એવું લાગે છે. ૩૦૦ વૃક્ષોના બનેલા વનમાં પશુ, પક્ષીઓનાં અવાજોથી અદભૂત કુદરતી વાતાવરણ સર્જાય છે, મેડિટેશન થઈ શકે તેવું વાતાવરણ સર્જાયેલું હોય છે.

હવે ડોક્ટર દંપત્તિને જાપાનમાં જેમ 'જંગલ બાથ' જેવી પ્રવૃત્તિ થાય છે એવી રીતે વન વિશ્રામ કુટીર બનાવવાનો વિચાર છે. તેમણે આઈ.એમ.એ એસોસિએશન (ઈન્ડીયન મેડીકલ એસોસિએશન)ને પણ વૃક્ષો વાવવાની પ્રેરણા આપી છે. ડોક્ટર દંપત્તિએ જણાવ્યું હતું કે વૃક્ષો સાથે માણસની યાત્રા માણસની દીવાસળીથી માંડીને અંતિમ સંસ્કાર સુધીની છે. વૃક્ષો આપણા ભાઈ જેવા જ કહેવાય. કોઈ પણ એક વ્યક્તિ પોતાના જીવનમાં અલગ-અલગ રીતે ૨૨ ઝાડનો ઉપયોગ કરે છે. જ્યારે પર્યાવરણ માટે કશું કરવું હોય ત્યારે એક વ્યક્તિએ ૨૨થી વધારે ઝાડ વાવવા જોઈએ. ઝાડ એ ઓક્સિજનનું કારખાનું છે. તુલસી, અજમો, કોથમીર, ફુદીનો વગેરેનો ઔષધિ તરીકે પણ ઉપયોગ થાય છે.

# ૧૪ સપ્ટે. ના રોજ રાષ્ટ્રીય મેગા લોક-અદાલતનું આયોજન

## અદાલતમાં પ્રીલીટીગેશન કેસો હાથ પર લેવામાં આવનાર

**અબતક, રાજકોટ**

ગુજરાત રાજ્ય કાનુની સેવા સત્તા મંડળ, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ ના ઉપક્રમે જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, રાજકોટ દ્વારા તા. ૧૪.૦૯.૨૦૨૪ ના રોજ રાજકોટ જીલ્લા મથકે તથા તાલુકા મથકે આવેલી તમામ અદાલતોમાં વર્ષ- ૨૦૨૪ની રાષ્ટ્રીય મેગા લોક-અદાલતનું આયોજન કરવામાં આવનાર છે. સદર લોક-અદાલતમાં દાખલ થયેલા અને અદાલતમાં કેસ દાખલ થાય તે પહેલાં (પીલીટીગેશન) કેસો હાથ પર લેવામાં આવનાર છે. સદર લોક-અદાલતમાં ફોજદારી ,નેગોશીએબલ , બેન્ક લેણા ,મોટર અકસ્માત વળતરને , લગ્નવિષયક ,મજુર અદાલતના ,જમીન સંપાદન ને લગતા ,ઈલેકટ્રીસીટી તથા પાણીના બીલોને લગતા અને રેવન્યુ અને દિવાની અન્ય સમાધાન લાયક કેસો હાથ પર લેવામાં આવનાર છે. સીસીટીવી કંટ્રોલરૂમ, દવારા ટાફીક નિયમનો ભંગ કરતા વાહન ચાલકોને મોટર વ્હીકલ એકટ મુજબ આપવામાં આવતા ઈ-ચલણના નાણા ઓનલાઈન તથા ઓફલાઈન માધ્યમથી લોક અદાલતમા ભરી શકાશે તેમજ લોક અદાલતનો લાભ લઈ બાકી ઈ-ચલણના નાણાની ચુકવણી કરી દેવાથી ભવીષ્યમા તે અંગે કોઈ કોર્ટ કાર્યવાહી થશે નહી. જાગૃત નાગરીક તરીકે લોક અદાલતનો લાભ લેવા અનુરોધ કરેલ છે.જીલ્લા કાનુની સેવા સત્તા મંડળ, રાજકોટના ચેરમેન તથા મુખ્ય જીલ્લા ન્યાયાધીશ પી.બી.ગોહીલએ તમામ પક્ષકારોને અનુરોધ કરવામાં આવે છે, કે, લોક-અદાલતમાં તેઓના કેસ સુત્રી નિર્ણિત કરવામાં આવે તો બન્ને પક્ષકારો વચ્ચે સમાધાનથી કેસનો નિકાલ થાય છે. તથા કોઈનો વિજય નહી તેમજ કોઈ નો પરાજય નહી તેવી પરીસ્થિતી ઉદભવે છે. તે કારણસર પક્ષકારો વીવાદ મુક્ત બને છે તથા વૈમનસ્યથી મુક્ત થવાય છે તેમજ પક્ષકારોની સમજણ તથા સમજુતીથી કેસનો નિકાલ થયેલ હોય આપીલ થતી નથી જેથી ભવિષ્યના વિવાદથી પણ પક્ષકારોને છૂટકારો મળે છે. જેથી આગામી તારીખઃ- ૧૪/૦૯/ ૨૦૨૪ ના રોજ યોજાનાર લોક-અદાલતમાં તમામ પક્ષકારોને સક્રીય ભાગ લેવા તથા જે પણ પોતાનો કેસ આગામી લોક-અદાલતમાં મુકવા માંગતા હોય, તેઓ તેઓના વકીલ મારફતે અથવા તો સીધા જે તે કોર્ટનો સંપર્ક કરી અથવા જીલ્લા કાનૂની સેવા સતા મંડાળ તથા તાલુકા કાનૂની સેવા સમીતીનો સંપર્ક કરી પોતાના કેસો લોક-અદાલતમાં મુકવા કાર્યવાહી હાથ ધરી શકે છે. જેથી લોક-અદાલતનો મહત્તમ લાભ લઈ વધુને વધુ કેસો લોક-અદાલતમાં મુકાવી, લોક-અદાલતાને સફળ બનાવવા અનુરોધ કરેલો છે.

# સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ શાખાએ ૧૨.૬૨૫ કિગ્રા પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કર્યું

## ગંદકી કરનારા પાસેથી રૂ.૪૫,૩૫૦નો ચાર્જ વસૂલ્યો



**અબતક, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ (એમેન્ડમેન્ટ) રૂલ્સ-૨૦૨૧ અન્વયે તારીખ ૨૩ થી ૨૮ કુલ ૬ દિવસ દરમિયાન ત્રણેય ઝોન વિસ્તાર અલગ-અલગ મુખ્ય માર્ગો પર સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગની ટીમ દ્વારા પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરવાની તથા ગંદકી કરતા આસામી પાસેથી દંડ વસુલ કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જેમાં ત્રણેય ઝોનમાંથી કુલ ૧૭૭ આસામીઓ પાસેથી ૧૨.૬૨૫ કી.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ.૪૫,૩૫૦/-નો વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવ્યો હતો.

સેન્ટ્રલ ઝોનના વિવિધ મુખ્ય માર્ગો પર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૭૪ આસામીઓ પાસેથી ૪.૧૩ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ ૧૬,૬૫૦/-નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે.વેસ્ટ ઝોનના વિવિધ મુખ્ય માર્ગો પર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૫૬ આસામીઓ પાસેથી ૬.૧૨૫ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ ૧૫,૬૫૦/-નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે.

ઈસ્ટ ઝોનનાવિવિધ મુખ્ય માર્ગો પરઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૪૭ આસામીઓ પાસેથી ૨.૩૭ કિ.ગ્રા.પ્રતિબંધિત પ્લાસ્ટીકજપ્ત કરીતથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ.૧૩,૦૫૦/-નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે.

## એસજીવીપી સંસ્કૃત મહાવિદ્યાલયમાં ચારેય વેદનું ગાન કરતા ઋષિકુમારો



**અબતક,રાજકોટ**

એસજીવીપી દર્શનમ્ સંસ્કૃત મહાવિદ્યાલયમાં હાલ ૨૦૦ ઋષિકુમારો ચારેય વેદ,ન્યાયશાસ્ત્ર,વેદાન્ત, વગેરે શાસ્ત્રોનો અભ્યાસ કરી રહ્યા છે ત્યારે કર્ણાટક, મધ્યપ્રદેસ મૈસુર વગૈરે રાજ્યોમાંથી આવેલ ઋષિકુમારો શુકલ શ્રીકાંન્ત, ઉપેન્દ્ર તિવારી, અચ્યુતમ પ્રસન્નકુમાર, શ્રીકાંત ઉપેન્દ્રકુમાર, શ્રીકેતન ઐયંગારને દર્શનમ્ સંસ્કૃત મહાવિદ્યાલયના પ્રધાનાચર્ય રામપ્રિયજી પાસે સંસ્કૃમાં કઠિન શાસ્ત્ર પંચરાત્ર આગમનો અભ્યાસ કરી રહ્યા છે.

પવિત્ર શ્રાવણ માસ ચાલી રહયો છે ત્યારે મહાદેવજીને અભિષેક કરી પાચેય ઋષિકુમારો ચારેય વેદનું ગાન કરી રહ્યા છે.

# ગુજરાત પાવર એન્જિનિંયરીંગ રિસર્ચ ઈન્સ્ટી.માં કૃષ્ણ જન્મોત્સવની ઉજવણી



**અબતક, રાજકોટ**

ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી સંલગ્ન ગુજરાત પાવર એન્જિનિયરિંગ એન્ડ રિસર્ચ ઈન્સ્ટિટયૂટ, મહેસાણા ખાતે જન્માષ્ટમીની ઉજવણી ઈન્સ્ટીટચુટ ખાતે આનંદ અને ઉલ્લાસભર્યા વાતાવરણમાં ઉજવવામાં આવી હતી. આ પ્રસંગે ભગવાન શ્રી કૃષ્ણની પૂજા-અર્ચના કરાઈ હતી. કૃષ્ણ જન્મોત્સવના આ પ્રસંગને માણવા માટે વિદ્યાર્થીઓએ સ્વયંભૂ ઉત્સાહથી પરંપરાગત દહીં-હાંડીની રમત પણ રમી હતી.'દહીં હાંડી' તુટી ત્યારે વિદ્યાર્થીઓની સાથે સમગ્ર કર્મચારીઓએ પણ ખૂબ જ આનંદિત થઈ ગયા હતા. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન કોલેજના આચાર્ય ડો.ચિરાગ વિભાકરના માર્ગદર્શન તળે વિદ્યાર્થી અગ્રણીઓ શિવમ પાંડે, તરંગ પટેલ, કાવ્યા શાહ, તિષા પ્રજાપતિ તથા સર્વ વિદ્યાર્થીઓ દ્વારા સફળતાપૂર્વક કરાયું હતું. આવા વિશિષ્ટ કાર્યક્રમના આયોજન બદલ ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટીના કુલપતિ ડો.રાજુલ ગજ્જર તથા કુલસચિવ ડો.કે.એન.ખેરે સંસ્થાને અભિનંદન પાઠવ્યા હતા.

# જાહેરમાં ગંદકી કરવા બદલ પાંચ દુકાનને સીલ કરતું કોર્પોરેશન




**અબતક, રાજકોટ**

રાજકોટ શહેરમાં અતિથિ ચોક, નાના મૌવા રોડ પાસે, વોર્ડ નં.૮ ખાતે આવેલ ક્રિષ્ના ટી એન્ડ રેસ્ટોરન્ટ, કનૈયા ટી, ક્રિષ્ના પાન, આશાપુરા પાન એન્ડ કોલ્ડ્રીંક્સ અને જય દ્વારકાધીશ પાન, કુલ પાંચ શોપ દ્વારા જાહેરમાં સ્વચ્છતા જાળવતા ન હોવાથી અને ગંદકી સબબ ન્યુસંન્સ ફેલાવતા હોવાથી જાહેર આરોગ્યને નુકસાન કરે તે રીતે જાહેર ગંદકી તેમજ કચરો કરવામાં આવતો હોય, આ બાબતે નોટીસ આપી, વહીવટી ચાર્જની વસુલાત કરવામાં આવેલ. આ ઉપરાંત આ શોપના સંચાલકોને જાહેરમાં ગંદકી ન કરવા તેમજ સ્વચ્છતા જાળવવા અવાર-નવાર સુચના આપવામાં આવેલ. તેમ છતાં જાહેર સ્વચ્છતા ન જળવતા સ્થળ તપાસ કરતાં શોપની આસપાસ ખુબજ ગંદકી તેમજ કચરો જોવા મળેલ હતો.

જેથી તા.૨૮ના રોજ સાંજે ક્રિષ્ના ટી એન્ડ રેસ્ટોરન્ટ, કનૈયા ટી, ક્રિષ્ના પાન, આશાપુરા પાન એન્ડ કોલ્ડ્રીંક્સ અને જય દ્વારકાધીશ પાન, કુલ પાંચ દુકાનોના સંચાલકોને નોટીસ આપીને ધી જી. પી. એમ. સી. એક્ટ - ૧૯૪૯ની કલમ - ૩૭૬ એ હેઠળ સીલ કરવાની કાર્યવાહી કરવામાં આવેલ.

# વોર્ડ નં.૧૪ માં પાણીમાં ફસાયેલાં લોકોનું રેસ્કયુ કરતાં કોર્પોરેટર નિલેશ જલુ



**અબતક, રાજકોટ**

રાજકોટ વોર્ડ નંબર ૧૪ ના લલુડી વોકળા વિસ્તારમાં રાતથી પાણી ભરાયાં હતાં તેની જાણ થતાં વહેલી સવારથી જ જાગૃત કોર્પોરેટર નિલેશભાઈ જલુ એ "સેવા હિ પરમો ધર્મ" નું સૂત્ર સાચા અર્થમાં સાર્થક કરી પાણીમાં ફસાયેલ લોકોને તાત્કાલિક રેસ્ક્યું કર્યા તેમજ લોકો ની જમવાની વ્યવસ્થા કરવામાં આવી નીલેશભાઈ જલુ સાથે વિપુલ માખેલા તથા સમગ્ર ટીમ સાથે રહી હતી

# ખૂનના બનાવને આપઘાતમાં ખપાવવાની કોશિશમાં હાઈકોર્ટની ફટકાર બાદ ગુનો દાખલ

## નવાગામના યુવકની લાશ મળ્યા બાદ કુવાડવા પોલીસે ઝેરી દવા પી આપઘાત કરી લીધાનું માની એડી ની નોંધ કરતા પરિવારજનોએ હાઈકોર્ટમાં દાદ માંગીતી

## કુવાડવા પોલીસે ૪ મહિનામાં ખૂનની ૩ ઘટનાને સાવ હળવાશથી લીધી

**રાજકોટ, અબતક**

શહેરનહ કુવાડવા રોડ પર માલિયાસણ ગામ નજીક આઠ મહિના પૂર્વે નવાગામના યુવકની લાશ મળી હતી. યુવકે ઝેરી દવા પી આપઘાત કરી લીધાનું પોલીસે એ.ડી.નોંધી મામલો થાળે પાડી દીધો હતો. પરંતુ મૃતક યુવકના પરિવારજનોને પોલીસની કામગીરીથી સંતોષ ન થતા હાઈકોર્ટમા દાદ માંગી હતી. હાઈકોર્ટના આદેશ બાદ પોલીસે હત્યાનો ગુનો નોંધવો પડ્યો હતો. નવાગામની રંગીલા સોસાયટી નજીક રહેતા અને પાનની દુકાન ધરાવતો ઘનશ્યામ છગનભાઈ મેર (ઉં.વ.૩૨) ગત તા.૭ ડિસેમ્બરના રોજ પોતાના ઘરેથી નીકળ્યા બાદ લાપતા થયો હતો. અને મોબાઈલ બંધ મળતો હતો. મેર પરિવારે ઘનશ્યામના ગુમ થવા અંગે તત્કાલીન સમયે પોલીસમાં જાણ કરી હતી. તા.૮ના ઘનશ્યામના મોબાઈલનું લોકેશન મુંબઈનું મળ્યુ હતું અને તા. ૯ના માલિયાસણ નજીક ખેરડી તરફ જતાં રસ્તા નજીક તેની લાશ મળી આવી હતી. ઘટનાની જાણ થતાં મેર પરિવાર અને કુવાડવા પોલીસની ટીમ સ્થળ પર પહોંચી હતી. ઘનશ્યામના શરીર પર ઈજાના નિશાનો હતા. તેના મોંમાંથી આગળના ત્રણ દાંત તૂટેલા હતા. ઘનશ્યામ પાસે બે મોબાઈલ ફોન રહેતા હતા તેમાંથી એક જ ફોન મળ્યો હતો અને તેમાંથી પણ સિમકાર્ડ ગાયબ હતું. ઘનશ્યામના લાશ મળી તેનાથી દૂર બૂટ વાડીની ઝાડીઓમાંથી મળી આવ્યા હતા અને ઘનશ્યામના શર્ટના તમામ બટન ખુલ્લા હતા. ઘનશ્યામની હત્યા કરાયાનો આક્ષેપ પરિવારજનોએ કર્યો હતો. પોલીસે લાશને પોસ્ટમોર્ટમ

અર્થે હોસ્પિટલમાં ખસેડ્યો હતો. હત્યાનો ગુનો નોંધવામાં નહીં આવે ત્યાં સુધી લાશ સ્વીકારવાનો મેર પરિવારે ઈનકાર કરી દેતા પોલીસમાં દોડધામ મચી ગઈ હતી. પોલીસે યોગ્ય કાર્યવાહીની ખાતરી આપતા મેર પરિવારે અંતે લાશ સ્વીકારી લીધી હતી. બીજી બાજુ ઘનશ્યામનું ઝેરી દવા પીવાથી મૃત્યુ થયાનું પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં સ્પષ્ટ થતાં પોલીસે ઘનશ્યામે આપઘાત કરી લીધાનું નોંધ્યું હતું. જોકે મેર પરિવારે ઘનશ્યામની હત્યા થયા અંગેની દઢ શંકા વ્યક્ત કરી હતી. એટલું જ નહીં કેટલાક શંકાસ્પદના નામ પણ આપ્યા હતા. પરંતુ પોલીસે કોઈ કાર્યવાહી કરી નહોતી. અંતે મેર પરિવારે હાઈકોર્ટનું નું શરણું લીધું હતું અને હાઈકોર્ટના આદેશ બાદ આઠ મહિના પછી પોલીસે ઘનશ્યામની હત્યા થયાનો અજાણ્યા શખ્સ સામે ગુનો નોંધ્યો હતો.

કુવાડવા પોલીસે ૪ મહિનામાં ખૂનની ૩ ઘટનાને સાવ હળવાશથી લીધી, કમિશનર પણ સાવ હળવા જ રહ્ય બેદકારને કારણે મેર પરિવારે ન્યાય માટે ૮ મહિના રાહ જોવી પડી! ઘટનાએ પોકળ સાબિત કરી દીધા છે. નવાગામના ઘનશ્યામ મેરની ઘટના પણ હાઈકોર્ટના આદેશ બાદ હત્યાનો ગુનો નોંધવો પડ્યો છે. હત્યાની ત્રણેય ઘટનાને પોલીસે હળવાશથી લીધી હતી. એટલું જ નહીં પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા પણ ગંભીર ઘટનાઓને હળવાશથી લઈ રહ્યા છે. તેવું ચિત્ર ઉપસી રહ્યું છે. બેદરકારી દાખવનાર અધિકારીની આંતરિક બદલી કરી હતી.

ઘનશ્યામની લાશ મળી તેના પાંચમા જ દિવસે કુવાડવાના પીઆઈ જેઠવા રજા પર ઉતરી ગયા હતા. તેમની જગ્યાએ પીઆઈ પરમારની નિયુકિત કરવામાં આવી હતી. પરમારે પણ મેર પરિવારની વાત ધ્યાને લીધી નહોતી. એકાદ મહિનાનો સમય વીતી ગયા બાદ આ મામલે ક્રાઈમ બ્રાંચને સોંપવામાં આવી હતી. સાત મહિના સુધી પીએસઆઈ સાકરિયાએ તપાસ ચાલુ હોવાનું રટણ રટયાં રાખ્યું હતું. અંતે હાઈકોર્ટની સૂચના બાદ હત્યાનો ગુનો નોંધવો પડ્યો હતો.


ગત ૨૪મીએ શાપર વેરાવળ ઈન્ડસ્ટ્રીયલ એસો.ના પ્રમુખની કારને નડ્યો'તો અકસ્માત

# અકસ્માતમાં ઘવાયેલા કિશોરભાઈ ટીલાળાનું નિધન

## શ્રીજી માર્કેટીંગના શૈલેષભાઈ મકવાણા બાદ કિશોરભાઈએ પણ સારવાર દરમિયાન દમ તોડ્યોઃ ઉદ્યોગ જગત સ્તબ્ધ

**અબતક, રાજકોટ**

રાજકોટ દક્ષિણના ધારાસભ્ય રમેશભાઈ ટીલાળાના પિતરાઈ ભાઈ કિશોરભાઈ ટીલાળા તેમજ તેમના મીત્રો પરિવાર સાથે આબુ જવા ગત શનિવારે રાજકોટથી રવાના થયા હતા. જો કે રાજકોટ-અમદાવાદ હાઈ-વે પર ડોળિયા નજીક ફોર્ચ્યુનર કારને અકસ્માત નડતાં પાંચ લોકો ઘાયલ થયા હતા. જ્યારે એક વ્યકિતનું સારવાર દરમિયાન મૃત્યુ થતાં પરિવાર પર આભ ફાટી પડ્યું હતું. દરમિયાન આજે સવારે કિશોરભાઈ ટીલાળાએ પણ સારવાર દરમિયાન દમ તોડી દેતા ઉદ્યોગ જગત સ્તબ્ધ થઈ ગયો છે.



જાણવા મળતી વિગતો પ્રમાણે શાપર વેરાવળ ઈન્ડસ્ટ્રીયલ એસોસિએશનના પ્રમુખ કિશોરભાઈ ટીલાળા, તેમના પત્ની જયશ્રીબેન ટીલાળા, અનિલભાઈ મોરડ, તેમના પત્ની ઈલાબેન તેમજ ગોંડલ ચોકડી પાસે, માલધારી ફાટક નજીક શ્રીજી માર્કેટિંગના નામે વ્યવસાય કરતાં શૈલેષભાઈ રામજીભાઈ મકવાણા તેમજ તેમના પત્ની સોનલબેન મકવાણા વહેલી સવારે ૬ વાગ્યે રાજકોટથી આબુ જવા માટે કિશોરભાઈની ફોર્ચ્યુનર કાર નં.જીજે૦૩-એલઆર-૩૨૧૧ લઈને રવાના થયા હતા. આબુમાં તેમને બ્રહ્માકુમારીઝના એક કાર્યક્રમમાં હાજરી આપવાની હોવાથી સૌ સાથે જ નીકળ્યા હતા. જો કે સવારે ૭:૩૦ વાગ્યા આસપાસ ડોળિયા નજીક પહોંચ્યા ત્યારે અચાનક જ એક વૃદ્ધ વચ્ચે આવી જતાં તેમને બચાવવા માટે ચાલકે અચાનક જ કારની બ્રેક મારી દીધી હતી.

આ સમયે પાછળથી આવેલા ટ્રકે ફોર્ચ્યુનરને જોરદાર ટક્કર મારતાં કાર ડિવાઈડર કૂદીને સામી બાજુને રસ્તે પટકાઈ હતી. આ જ સમયે ત્યાંથી પણ એક ટ્રક પસાર થઈ રહ્યો હોય તેણે પણ કારને ટક્કર મારતાં અકસ્માત ગોઝારો બની જવા પામ્યો હતો.

અકસ્માતની જાણ થતાં જ એમ્બ્યુલન્સ, સાયલા પોલીસ સહિતનો કાફલો દોડી ગયો હતો અને ઘાયલોને સારવાર માટે હોસ્પિટલે ખસેડવા તજવીજ શરૂ કરી હતી. કિશોરભાઈ ટીલાળાને માથામાં ગંભીર ઈજા પહોંચતાં તેમને સુરેન્દ્રનગર ખસેડી ત્યાં તેમનું ઓપરેશન કરવામાં આવ્યું હતું. આ માટે સિનર્જી હોસ્પિટલના ડો.સંજય ટીલાળા સહિતની ટીમ સુરેન્દ્રનગર પહોંચી હતી. જ્યારે અનિલભાઈ મોરડ અને તેમના પત્ની ઈલાબેન ઉપરાંત શૈલેષભાઈ, તેમના પત્ની સોનલબેન સહિતનાને રાજકોટ સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. જો કે સારવાર દરમિયાન શૈલેષભાઈનું મૃત્યુ થતાં ગમગીની વ્યાપી જવા પામી હતી.દરમિયાન આજે સવારે રાજકોટની ખાનગી હોસ્પિટલમાં સારવાર દરમિયાન કિશોરભાઈ ટીલાળાએ દમ તોડી દેતા ઉદ્યોગ જગત સ્તબ્ધ થઈ ગયો છે. હાલ ટીલાળા પરિવાર પર દુઃખનું આભ ફાટ્યું હોય તેવી સ્થિતિનું સર્જન થવા પામ્યું છે.

(પહેલા પાનાનું ચાલું)

**ખમૈયા કરો મેઘરાજા...**

અને કચ્છમાં રેડ એલર્ટ આપવામાં આવી છે. એટલે કે, આ વિસ્તારોમાં અત્યંત ભારે વરસાદની આગાહી આપવામાં આવી છે.ગુજરાતમાં અત્યારે મેઘરાજા જોરદાર મહેરબાન થયા છે. મધ્ય ગુજરાત અને દક્ષિણ ગુજરાતમાં ધબધબાટી બોલાવ્યા બાદ હવે કચ્છ અને સૌરાષ્ટ્રમાં મેઘો તોફાની બેટિંગ કરી રહ્યો છે. દેવભૂમી દ્વારકામાં છેલ્લા બે દિવસથી અવિરત વરસાદ પડી રહ્યો છે. આજે પણ વહેલી સવારથી જ ભારે વરસાદ પડી રહ્યો છે. જેના પગલે દેવભૂમી દ્વારકા સહિત સૌરાષ્ટ્રમાં જળબંબાકારની સ્થિતિ સર્જાઈ છે. છેલ્લા ૨૪ કલાકમાં વાગ્યા સુધીમાં ગુજરાતમાં ૨૩૮ તાલુકામાં વરસાદ નોંધાયો હતો. જેમાં સૌથી વધારે વરસાદ દેવભૂમિ દ્વારકામાં પડ્યો હતો. ગુજરાતમાં છેલ્લા ચાર દિવસથી મેઘરાજાએ રોદ્ર સ્વરૂપ ધારણ કર્યું છે. રાજ્યમાં સૌથી ખરાબ હાલત સૌરાષ્ટ્ર-કચ્છની થઈ છે. સૌરાષ્ટ્રમાં છેલ્લા ચાર દિવસથી વરસી રહેલો અવિરત વરસાદ વિરામ

લેવાનું નામ લેતો નથી. આજે પણ હવામાન વિભાગ દ્વારા સૌરાષ્ટ્ર અને કચ્છમાં રેડએલર્ટ આપ્યું હોય આ જિલ્લાના લોકોને રાહત મળે તેવા અણસાર નથી. છેલ્લા ચોવીસ કલાક દરમિયાન રાજયના ૨૩૮ તાલુકાઓમાં વરસાદ નોંધાયો છે. જેમાં સૌથી વધુ દેવભૂમિ દ્વારકાના ભાણવડમાં ૧૨ ઈંચ વરસાદ નોંધાયો છે. રાજ્યમાં સિઝનનો ૧૦૯ ટકા વરસાદ વરસી ચૂક્યો છે. ગતરાત્રિએ માળિયા મિયાણા તાલુકાના ચીખલી ગામના વાડી વિસ્તારમાં શ્રમિક પરિવારના પાંચ લોકો ફસાતા આર્મી દ્વારા તેનું રેસ્ક્યૂ કરવામાં આવ્યું હતું. દેવભૂમિ દ્વારકાના ભાણવડમાં સૌથી વધુ ૧૧.૮ ઈંચ જેટલો વરસાદ ખાબક્યો છે. આ સાથે કચ્છના અબડાસામાં ૧૧ ઈંચ વરસાદ નોંધાયો છે. આ ઉપરાંત કલ્યાણપુરમાં ૧૦.૫૨ ઈંચ વરસાદ નોંધાયો છે. જ્યારે ખંભાળિયામાં ૯ ઈંચ વરસાદ વરસ્યો છે. એટલે કે, બુધવારે સૌરાષ્ટ્ર અને કચ્છનાં વિસ્તારોમાં અતિભારે વરસાદ ખાબક્યો હતો.નખત્રાણા, દ્વારકા અને જામજોધપુરમાં ૮ ઈંચથી વધારે વરસાદ નોંધાયો છે. કચ્છનાં માંડવી, કાલાવાડ, લાલપુરમાં ૬ ઈંચથી વધારે વરસાદ વરસ્યો છે. આ સાથે પોરબંદર, રાજકોટ, જામનગર, રાણાવાવ, અંજાર, જામકંડોરણા, કુતિયાણા, ધોરાજી, લોધિકામાં ચાર ઈંચ અને તેથી વધારે વરસાદ નોંધાયો છે.આજે સૌરાષ્ટ્ર અને કચ્છના તમામ જિલ્લાઓમાં અત્યંત ભારે વરસાદની સાથે રેડ એલર્ટ આપવમાં આવી છે. આ સાથે ગુજરાત રિજનના (સૌરાષ્ટ્ર અને કચ્છ સિવાયના) તમામ જિલ્લાઓમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી સાથે યલો એલર્ટ આપવામાં આવ્યું છે.

**વડાપ્રધાન મોદી...**

રાહત અને બચાવ કાર્યની જાણકારી મેળવી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ સાથે ટેલિફોનિક વાતચીત કરીને ગુજરાતની પૂરની સ્થિતિ અંગે તાગ મેળવ્યો હતો. 'વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુજરાતમાં અતિભારે વરસાદની સ્થિતિને લઈને મારી સાથે ટેલિફોનિક વાતચીત કરીને રાહત અને બચાવ કામગીરીની ઝીણવટભરી વિગતો મેળવી હતી. વડાપ્રધાને નાગરિકોના જાનમાલ તેમજ પશુધનના રક્ષણ અંગે માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. તેમજ, ગુજરાતને કેન્દ્ર સરકાર તરફથી તમામ જરૂરી સહયોગ અને મદદ પુરી પાડવાની ખાતરી આપી હતી. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વધુમાં લખ્યું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગુજરાતની ચિંતા કરી સ્થિતિ પર સતત ધ્યાન રાખી રહ્યા છે. ગુજરાતના લોકો પ્રત્યે તેમના હૃદયમાં ઊંડો સ્નેહભાવ છે. કુદરતી આફતની વેળાએ અને જ્યારે પણ જરૂર હોય ત્યારે તેમણે હંમેશા કેન્દ્ર સરકાર રાજ્યના લોકોની પડખે ઉભા રહી છે.

**મોત...**

વિભાગે ૩૦ ઓગસ્ટ સુધી ભારે વરસાદનું એલર્ટ જાહેર કર્યું છે.ગુજરાતમાં વધુ ૨૫ લોકોએ વરસાદના કારણે જીવ ગુમાવ્યો છે. આ સાથે રવિવારથી ચાર દિવસમાં મૃત્યુઆંક ૩૫ પર પહોંચી ગયો છે, જ્યારે બુધવારે સતત ચોથા દિવસે રાજ્યના ભાગોમાં ભારે વરસાદ પડતાં લગભગ ૧૭,૮૦૦ લોકોને પૂર પ્રભાવિત વિસ્તારોમાંથી સ્થળાંતર કરવામાં આવ્યા હતા.

રાજ્યમાં ડીપ ડિપ્રેશન સર્જાતા સાર્વત્રિક ભારેથી અતિભારે વરસાદ વરસ્યો છે. છેલ્લા પાંચ દિવસથી મેઘો મંડાતા સેંકડો લોકોનું જીવન પ્રભાવિત થયું છે જ્યારે લાખો લોકો અસરગ્રસ્ત થયાં છે. તેવામાં સત્તાવાર રીતે પ્રાપ્ત થયેલા આંકડા અનુસાર ફક્ત ચાર દિવસમાં જ સૌરાષ્ટ્રના ૧૨ સહીત રાજ્યમાં કુલ ૩૫ લોકોના મોત નીપજ્યા છે.

આકાશી આફતમાં ક્યાંક ડૂબી જવાથી તો ક્યાંક મકાન પડી જતાં દબાઈ જવાથી તો ક્યાંક વૃદ્ધ ધરાશાયી થતાં કુલ ૩૫ લોકોના મોત નીપજ્યા છે. મૃતકોની જો વાત કરવામાં આવે તો સૌ પ્રથમ સૌરાષ્ટ્રના અલગ અલગ જિલ્લાઓમાં બાર લોકોના મોતના અહેવાલ પ્રાપ્ત થયાં છે. જેમાં ૨૫ ઓગસ્ટના રોજ મોરબી જિલ્લાના હળવદ તાલુકામાં પાણીમાં ડૂબી જવાથી ધર્મિષ્ઠાબેન વજુભાઈ પટેલનું મોત નીપજ્યું છે.

જ્યારે સુરેન્દ્રનગર જિલ્લાના ધ્રાંગધ્રા તાલુકામાં પાણીમાં ડૂબી જવાથી બે લોકોના મોત થયાં છે.વસાવડા ગામના વતની ધનજીભાઈ છગરામભાઈ અખયાણી(ઉ.વ.૪૫) અને કોંઢના વતની મેરાભાઈ દાનાભાઈ વિઠલાપરા (ઉ.વ.૫૦)નું મોત થયું છે. જામનગરના ધ્રોલના વતની રાજેશભાઈ લવજીભાઈ પેઠડીયા અને દ્વારકાના ભાણવડના ગુંદા ગામના વતની ભીખલીબાઈ તુકરામ બામણીયાનું ઝાડ પડવાથી મોત નીપજ્યું છે.

જ્યારે ભરૂચના પીલુદરા ગામ, જૂનાગઢના માંગરોળ ગામ, પંચમહાલના હાલોલ તેમજ અમદાવાદના ધોળકા તાલુકા અને અમદાવાદ શહેરના મણિનગરમાં એક-એક વ્યક્તિનું ડૂબી જવાથી મોત થયું છે.

પૂરમાં ફસાયેલા લોકોને સુરક્ષિત સ્થળે ખસેડવામાં આવી રહ્યા છે. એનડીઆરએફ અને એસડીઆરએફની સાથે, આર્મી, એરફોર્સ અને કોસ્ટ ગાર્ડ અસરગ્રસ્ત વિસ્તારોમાં બચાવ અને રાહત કામગીરી કરી રહ્યા હતા, જેમાં લગભગ ૧૭,૮૦૦ લોકોનું સ્થળાંતર કરવામાં આવ્યું હતું અને અન્ય ૨,૦૦૦ લોકોને બચાવી લેવામાં આવ્યા હતા. રાજ્ય સરકારના જણાવ્યા અનુસાર, આ ચોમાસામાં અત્યાર સુધીમાં ૪૧,૦૦૦ થી વધુ લોકોનું સ્થળાંતર કરવામાં આવ્યું છે અને ૩,૦૦૦ થી વધુ લોકોને બચાવી લેવામાં આવ્યા છે.

ગાંધીનગરના સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટરે જણાવ્યું હતું કે મંગળવારે ૧૫ લોકોના મોત થયા હતા, જ્યારે બુધવારે ચાર મૃત્યુ નોંધાયા હતા. જિલ્લા કલેકટરે મોરબીમાં ચાર અને રાજકોટ શહેરમાં ત્રણ મૃત્યુ નોંધ્યા છે. મંગળવારે દીવાલ ધરાશાયી થવાની ઘટનાઓમાં આણંદ જિલ્લાના ખડોધી ગામમાં ત્રણ, મહીસાગરના હરિપુરા ગામમાં બે, અમદાવાદના ઢીંગરા ગામ અને સાણંદમાં બે તેમજ ખેડાના ચિત્રાસર ગામમાં એક વ્યક્તિનું મોત થયું હતું.

**વીજ શોકથી મોત...**

રહેતા હતા. નિસંતાન અશ્વિનભાઈ પત્ની લીલાબેન સાથે રહેતા હતા. ભક્તિનગર પોલીસના સૂત્રોએ જણાવ્યું કે શહેરમાં ભારે વરસાદને પગલે ગઈકાલે રાત્રે જ તેમના સગા-સંબંધીઓએ મકાનમાંથી સ્થળાંતર કરવાનું કહ્યું હતું. પરંતુ રાતના સમયે અનુકૂળતા ન હોવાથી આજે સવારે અશ્વિનભાઈ પત્ની સાથે ઘરેથી નીકળ્યા હતા. વસુંધરા એપાર્ટમેન્ટ પાસે લલુડી વોંકળીમાંથી પસાર થઈ રહ્યા હતા ત્યારે પાણીના પ્રવાહમાં તણાઈ ગયા બાદ થોડી વાર પછી બેભાન હાલતમાં મળી આવ્યો હતા. તેમને પાણીમાંથી બહાર કાઢી સિવીલ લઈ અવાયા હતા. જયાં ફરજ પરના તબીબે મૃત જાહેર કર્યા હતા.

**હાઈવે...**

તેવા જિલ્લામાં છોટાઉદેપુર, જામનગર, દેવભૂમિ દ્વારકા અને પોરબંદરના બે માર્ગનો સમાવેશ થાય છે. પંચાયત હસ્તકના ખરાબ થઈ ગયેલા માર્ગોને દુરસ્ત કરાય તે પહેલા વધુ માર્ગોનો તેમાં ઉમેરો થઈ કુલ ૭૮૧ માર્ગ હાલ વિવિધ જિલ્લામાં બંધ સ્થિતિમાં છે. જેમાં પાણી ભરાયાની સ્થિતિનો પણ સમાવેશ થાય છે. કરોડો રૂપિયાના ખર્ચે બનાવાયેલા માર્ગોની ગુણવત્તા કેટલી ખરાબ અને તકલાદી છે તે પણ ભારે વરસાદના કારણે બહાર આવ્યું છે. તંત્ર દ્વારા સ્ટેટ હાઈવે ઉપર ખરાબ માર્ગ અને ગાબડાનું રિપેરિંગ કરીને વાહન વ્યવહાર પૂર્વવત્ થાય તે માટે સતત કામગીરી ચાલી રહી છે.

(અગીયારમા પાનાનું ચાલું)

**મહાપાલીકા...**

બોલબાલા ચેરી. ટ્રસ્ટ, રામકૃષ્ણ આશ્રમ, સ્વામિનારાયણ ગુરુકુલ, રણછોડદસજી બાપુ આશ્રમ, અર્હમ ગ્રુપ,શ્રી સોનલબેન વાછાણીના ગ્રપ્ચ્ઘ, પંચનાથ ટ્રસ્ટ દ્વારા ફૂડ પેકેટ માટે ખૂબ સારો સહયોગ પૂરો પાડવામાં આવી રહી છે.

**આપા ગીગાના ઓટલા...**

નગર, કોઠારીયા સોલવન્ટ સહિતના વિસ્તારોનો સમાવેશ થાય છે.

શહેરમાં જ્યારે પાણી ભરાયા હોય લોકો ઘરની બહાર ન નીકળી શકે તે સમયે પોતાની ગાડી અને પોતાનો કિંમતી સમય ફાળવી

## રાજકોટ ભાજપ આગેવાન નાડોદા રાજપુત સમાજના આગેવાન કિશનભાઈ જાદવનું અવસાન



**રાજકોટ મનપાના જુના વોર્ડ ૧૧ના ભાજપ આગેવાન નાડોદા રાજપુત સમાજના આગેવાન કિશનભાઈ જાદવનું અવસાન થતા સામાજીક રાજકીય ક્ષેત્રે શોક છવાયો હતો. તેમના નીવાસસ્થાન ન્યુ સુભાષનગર ખાતેથી નીકળેલી સ્મશાન યાત્રામાં લોકો મોટી સંખ્યામાં જોડાયા હતા. પ્રાર્થના સભામાં કિશનભાઈ જાદવના પુત્ર કમલેશભાઈ, રૂપેશભાઈ, પુત્રીઓ ભાવનાબેન, ગીતાબેન, સોનલબેન અને ધર્મપત્ની હેમુબેનને સૌએ સાત્વના આપી હતી.**

શહેરની જાણીતી સેવાકીય સામાજિક સંસ્થા લોક સંસદ વિચાર મંચના કાર્યકરોના સહયોગથી આપાગીગા ઓટલાના મહંતના આશીર્વાદથી આ સેવાકીય કાર્યમાં સામાજિક રાજકીય આગેવાનો જોડાયા હતા જેમાં ગજેન્દ્રસિંહ ઝાલા, પૂર્વ ફોજી નટુભા ઝાલા, દીપકભાઈ વાઘેલા, મનોજભાઈ ચોટલીયા, પુરણસિંહ જરીવાલા (સાફા વાળા), મહેશભાઈ ચોટલીયા, હિરેનભાઈ સોલંકી સહિતના આગેવાનોએ જહેમત ઉઠાવી હતી.

**એનીમલ હેલ્પલાઈન...**

વર્તમાન સમયનાં વરસાદી વાતાવરણમાં માણસોને પોતાના ઘરમાં રહીને જ તકલીફો પડી રહી છે ત્યારે રખડતા પશુ, પક્ષીઓની દુઃખદ પરીસ્થિતિ વિષે અંદાજ લાગવી શકાય છે.

કામચલાઉ આશ્રયસ્થાનો બનાવવા : વાંસ અથવા ટ્રેમ્પોલીન શીટ્સમાંથી સૂકી જગ્યાએ કામચલાઉ આશ્રયસ્થાનો બનાવવા જે જમીનના સ્તરથી ઊંચું હોય,સારી રીતે વેન્ટિલેટેડ હોય અને સલામત સ્થળોએ હોય કે જ્યાં રખડતા પશુ, પક્ષીઓ ભારેવરસાદઅથવા પૂર જેવી પરિસ્થિતિઓમાં આશ્રય મેળવી શકે.

હચોખ્ખું પાણી રાખવું : વિવિધ કન્ટેનરમાં પીવાનું શુદ્ધ પાણી પૂરું પાડવું જેથીવરસાદમાં પશુ, પક્ષીઓને પાણીની શોધમાં બહાર રખડવું ન પડે.

ઈમરજન્સી વેટરનરી સેવાઓ ઉપલબ્ધ રાખવી : બીમાર અથવા ઈજાગ્રસ્ત પશુ, પક્ષીઓ માટે ઝડપી સારવાર સુનિશ્ચિત કરવા માટે સ્થાનિક પશુચિકિત્સા સેવાઓ સાથે સંકલન કરવું.

સમુદાયની ભાગીદારી અને સ્વયંસેવક કાર્યક્રમો ગોઠવવા : સમુદાયના સભ્યોને જો ઉપલબ્ધ હોય,તો રખડતા પશુ, પક્ષીઓને તેમના મંડપ,ગેરેજ અથવા કોઈપણ અન્ય ઢંકાયેલ જગ્યામાં આશ્રય લેવાની મંજૂરી આપવા માટે પ્રોત્સાહિત કરો.

(૧૨માં પાનાનું ચાલુ)

**તુલસીશ્યામ...**

ચડી ના શકયા ત્યારે ત્યાં ફરજપર ઉભેલા પોલીસ સ્ટાફ ના ગોવિંદભાઈ આહિર પાસે માજી એ મદદ માગતા પહેલાજ ગોવિંદભાઈ આહિર એ માજી સાથે વાતચીત કરતા માજીએ તેમને શ્યામ સુંદર ભગવાન ની માનતા વિશે વાત કરી કે મારે વર્ષો જુની માનતા છે શ્યામ ભગવાન ના દર્શન કરવાની પરંતુ હુ સાલી ને પગથીયા ચડી શકું તેમ નથી તો હુ અહિયાં જ માનતા પુરી કરી નાખુ ત્યારે જમાદાર ગોવિંદભાઈ આહિર બોલ્યા માજી હુ હમણાં તમારા માટે વિલ ચેર લય આવુ વિલ ચેર લાવી માજીને માનતા પુરી કરાવી હતી.

માનતા પુરી થતાની સાથે જ માજીનુ હૃદય ભરાઈ ગયું અને આંખમાંથી આંસુ પડવા લાગ્યા ત્યાં ફરજપર ના પોલીસ સ્ટાફ પણ થોડીક ક્ષણ માજીને માનતા પુર્ણ થયા ની ખુશી ના આંસુ જોઈ સ્તબ્ધ થઈ ગયા હતા.

ગીર ગઢડા પોલીસ સ્ટેશનના સ્ટાફની સરાહનીય કામગીરી જોતા લાગે છે કે પોલીસ એના કડક વલણથી ઓળખાય છે તે માન્યતાને આજે ગીર ગઢડા પોલીસ સ્ટાફે ખોટી સાબિત કરી બતાવી હતી.

(છેલ્લા પાનાનું ચાલું)

**વરસાદી માહોલ...**

ભારે વરસાદ ખાબકશે. બનાસકાંઠા, મહેસાણા, અરવલ્લી, મહીસાગર, દાહોદમાં ભારે વરસાદની આગાહી સાથે યલો એલર્ટ આપવામાં આવ્યુ છે. સૌરાષ્ટ્ર અને કચ્છ પ્રદેશમાં છૂટાછવાયા સ્થળોએ અત્યંત ભારેથી અસાધારણ અને ભારે વરસાદની સંભાવના છે. આગામી ૩જી સપ્ટેમ્બરે હવામાન વિભાગે વરસાદની ચેતવણી આપી છે.

**રામનાથ મહાદેવ...**

તમામ લોકોનું રેસક્યુ કરવામાં આવ્યુ હતું. જ્યાં પણ નજર પડે ત્યા પાણી જ પાણી જોવા મળી રહ્યુ છે. સર્વત્ર સ્થળ ત્યાં જળની સ્થિતિ સર્જાઈ છે. એ ડિવિઝન પોલીસ સ્ટેશનના પીઆઈના જણાવ્યા મુજબ પોલીસકર્મી, મહાનગરપાલિકાના ફાયર બ્રિગેડના કર્મીઓ અને એનડીઆરએફના જવાનો સતત ખડેપગે રેસક્યુ કામગીરી કરી રહ્યા છે અને ૫૫ થી ૬૦ લોકોને સલામત સ્થળે ખસેડવામાં આવ્યા છે. વિસ્તારના સ્થાનિકોના જણાવ્યા મુજબ તેમના પુષ્કળ પાણી ભરાઈ ગયા છે. સ્થાનિકોએ પોલીસકર્મીઓ અને ફાયરના કર્મીઓની કામગીરીની પ્રશંસા કરી રહ્યા છે.

**ડો.ડોલરરાય માંકડ...**

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિ પ્રોફે. ડો.કમલસિંહ ડોડીયા સાહેબે આ તકે જણાવ્યું હતું કે, સૌરાષ્ટ્રના વિદ્યાર્થીઓ શિક્ષણથી વંચિત ન રહે એવા શુભહેતુથી ડો.ડોલરરાય માંકડના અથાગ પરિશ્રમ થકી સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની સ્થાપના થઈ છે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીને આપણે સહિયારા પ્રયાસો થકી અગ્રીમ હરોળમાં સ્થાન અપાવીશું એવી મને શ્રદ્ધા છે. પૂજ્ય ડોલરકાકાએ શિક્ષણની જે અખંડ જયોત પ્રગટાવી છે એને આપણે સૌ અવિરત પ્રગટાવતા રહીએ.આ પુષ્પાંજલિ કાર્યક્રમમાં ભવનોના અધ્યક્ષઓ, અધિકારીઓ, શૈક્ષણીક-બિનશૈક્ષણીક કર્મચારીઓ જોડાયા હતા.

**આચાર્ય લોકેશજી...**

ફિલસૂફી અને જૈન જીવનશૈલી દ્વારા વ્યક્તિ, પરિવાર અને સમાજ વચ્ચે સંતુલન બનાવવાનો માર્ગ મોકળો થશે. આ કેન્દ્ર વિશ્વ શાંતિ અને સદભાવના સ્થાપવામાં મહત્વની ભૂમિકા ભજવશે.

ઉલ્લેખનીય છે કે છેલ્લા એક દાયકામાં આચાર્ય લોકેશજીના માર્ગદર્શન હેઠળ અમેરિકા, કેનેડા, બ્રિટન, સિંગાપોર અને મલેશિયામાં અનેક વખત પર્યુષણ પર્વનું આયોજન કરવામાં આવ્યું છે.

**પર્યુષણ પર્વ...**

શાંત અને સ્વસ્થ કરીને વર્ધમાન પરીણામનું લક્ષ રાખવા આ પર્યુષણ પર્વના મહાન અને પવિત્ર દિવસો રહેલાં છે. તેમ મનોજ ડેલીવાળાએ જણાવ્યું છે. વધુમાં જણાવ્યું હતું કે ૩૧ ઓગસ્ટને શનિવારથી દેરાવાસી અને ૧ સપ્ટેમ્બરથી સ્થાનકવાસી જૈનોના પર્યુષણ પર્વનો પ્રારંભ થશે. વિવિધ ધર્મ સ્થાનકો, ઉપાશ્રયોમાં પ્રાર્થના, પ્રવચન, પ્રતિક્રમણ, તપ-જપ સહિતના ધર્મભીના આયોજનો કરાશે. અઠ્ઠાઈ ઘરથી આઠ દિવસ જૈનો મહાવીરમય બનશે.

**લાલપરી નદી....**

ઘરવખરીની સાથે જાન માલને પણ નુકશાન થયાના અનેક કિસ્સાઓ સામે આવ્યા છે.ત્યારે શહેરના ગ્રીનલેન્ડ ચોકડી નજીક બેઠા પુલમાં એક મોટું ગાબડું પડતાં પુલનો એક ભાગ લાલપરી નદીમાં ધસી જતા અહી વાહન વ્યવહાર ઠપ થઈ ગયો છે.

શહેરમાં આશરે ત્રણેક દિવસથી અવિરત વરસાદ પડતાની સાથે પુલના એક ભાગમાં ભારે નુકશાન થયું છે.તસવીરમાં નજરે પડતા પુલનો એક ભાગ ધસી પડતા વાહન ચાલકોને અહીથી નીકળતી વખતે ડરનો સામનો કરવો પડે છે.સ્થાનિક લોકો મેઈન હાઈવે વાળા રસ્તેથી ફરીને અવર જવર કરતા લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.સ્થાનિક લોકોના જણાવ્યા અનુસાર,પુલની નીચે મોટું નાળું વહી રહ્યું હોય,જેમાં લાલપરી નદીનું પાણી ભળી જતા વરસાદી માહોલમાં નાળાનું પાણી પુલની ઉપરથી પસાર થતું નજરે પડી રહ્યું હતું.જેથી લોકોમાં ડરનો માહોલ જણાઈ રહ્યો હતો.સ્થિતિ અંગે જાણ થતાં તંત્ર દોડતું થયું છે.હાલ પાણીનું સ્તર નીચું આવી જતા પુલના સમાર કામની કામગીરી હાથ ધરવામાં આવી રહી છે.

**પીજીવીસીએલ....**

કામગીરીને નિહાળી વહેલીતકે ગામનો વીજ પુરવઠો પુનઃ શરૂ કરવા જરૂરી સૂચનાઓ આપી હતી.

આ સાથે તેઓએ સેન્ટ્રલાઈઝડ કસ્ટમર કેર સેન્ટરની મુલાકાત લીધી હતી. વધુમાં સૌરાષ્ટ્ર-કચ્છના વિવિધ વિસ્તારોમાંથી આવતા ફોન-કોલને રીસીવ કરવા માટે સીસીસી સેન્ટરમાં ૩૫ વ્યક્તિઓનો સ્ટાફ ૩ શિફટમાં મુકવામાં આવેલ ઉપરાંત તાત્કાલિક વધુ ૧૦ વ્યક્તિનો પીજીવીસીએલનો સ્ટાફ ફાળવવામાં આવેલ. જેથી પીજીવીસીએલના વીજ ગ્રાહકોને તેમની ફરિયાદનું નિરાકરણ લઈ આવવામાં મદદ કરી શકે.

## દુઃખદ અવસાન

### સદ્‌ગતના આત્માને શાંતિ અને સ્વજનને સધિયારો મળે એ જ પ્રભુ પ્રાર્થના



**રાજકોટ :** ગુર્જર સુતાર સ્વ.ખીમજીભાઈ જેરામભાઈ ભારદિયા (લાંબાબંદરવાળા)ના પત્ની, અમુભાઈ અને જગુભાઈના માતા કાંતાબેન ખીમજીભાઈ ભારદિયાનું ૯૩ વર્ષની વયે તા.૨૩-૮-૨૪ના રોજ શુક્રવારે અવસાન થયું છે. તેમની પ્રાર્થનાસભા તા.૨૯-૮-૨૪ના રોજ ગુરૂવારે સાંજે ૪ થી ૫.૩૦ કલાકે રાષ્ટ્રીયશાળા-મધ્યસ્થ હોલ, યાજ્ઞિક રોડ, રાજકોટ ખાતે રાખેલ છે.

**રાજકોટઃ** સ્વ.ભગવાનજીભાઈ રણછોડભાઈ તન્નાના પુત્ર અશ્વિનભાઈ (રવિભાઈ ગોલાવાળા) નું તા.૨૭ના અવસાન થયું છે. તે સ્વ.નટવરભાઈ, પ્રવીણભાઈ, સ્વ.હિતેષભાઈ, પ્રજ્ઞાબેન,રમાબેન, રીટાબેનના ભાઈ તેમજ લીલાબેનના પતિ, સ્વ.ગંગાબેન અમરશીભાઈ મકવાણાના જમાઈ તથા સ્વ.મયુરભાઈ, હાર્દિકભાઈ, જયેશભાઈના કાકા થાય છે. સદગતનું બેસણું અને પિયરપક્ષની સાદડી તા.૩૦ના ધર્મેશ્વર મહાદેવ મંદિર, સ્ટર્લિંગ હોસ્પિટલ પાછળ, રાજ બેન્ક વાળી શેરી ખાતે બપોરે ૪ થી ૬ રાખવામાં આવેલ છે.

**રાજકોટઃ** મુળ ચિત્રોડ નિવાસી, હાલ રાજકોટ વાગડ લોહાણા ધીરજબેન ચંદ્રકાંતભાઈ કોટક (ઉ. વ- ૭૪) તે ચંદ્રકાંતભાઈ ખીમજીભાઈ કોટકના પત્ની, સ્વ. અમૃતબેન ખીમજીભાઈ કોટક ના પુત્રવધુ, તે સ્વ. મંગળજીભાઈ જોબનપુત્રા(તુણા વાળા)ના પુત્રી, તે સ્વ. કાંતાબેન જગજીવનભાઈ ગંધા(રાપર) ,હંસાબેન ચુનીલાલ કાથરાણી (ગાંધીધામ) તથા પ્રફુલભાઈ, હર્ષદભાઈ ,હરેશભાઈ ના ભાભી, તે દેવીબેન તથા પલ્લવીબેન તથા જ્યોતિબેન ના માતા, તે હિતેશકુમાર ચત્રભુજ રાજદે (ભુજ),સુનીલકુમાર નટવરલાલ સચદે (ભુજ) ,રમેશકુમાર ચમનલાલ પૂજારા (ગાંધીધામ) ના સાસુ, તથા તે દમયંતીબેન, સ્વ.નયનાબેન, હેતલબેન ના જેઠાણી, તે મહેશ ,દીપક,નરેન્દ્ર,જયેશ,કિશન(ભાવેશ), ભરત,શીતલ,દક્ષા,મીરા તથા રૂપલ ના ભાભુ, રાણીબેન,જાનવીબેન,રાધિકાબેન તથા કોમલબેન ના મોટા સાસુ, દીક્ષિત,ખુશી,પૌરવી,રાહી તથા ઈશા ના મોટા દાદી, ભક્તિ,વિરલ,ઝલક તથા ભવ્ય, વંશિકા , વેદાંગી નાનીનું તા.૨૨ના ગુરુવારે અવસાન થયુ છે. તેમની પ્રાર્થના સભા આજે સાંજે ૪:૦૦ થી ૫:૦૦ કલાકે જાગનાથ મહાદેવ મંદિર સ્થળ :- ડો. યાજ્ઞિક રોડ, રાજકોટ ખાતે રાખેલ છે.

**રાજકોટ :** મૂળ પીઠડ હાલ રાજકોટ નિવાસી નથુ તુલસી ઔદીચ્ય ગોહિલવાડી બ્રાહ્મણ, રસિકલાલ લાભશંકર જોષી, ઉ.વ.૮૬, ઉષાબેન જોષીના પતિ, સ્વ.બંસીલાલ લાભશંકર જોષી, સ્વ.વિજયાબેન બી પંડ્યા, કાંતાબેન વી મહેતા, સ્વ.ઈન્દુબેન કે વ્યાસ, સુશીલાબેન પી પંડ્યા, ઉષાબેન ડી ભટ્ટના ભાઈ તથા ભાઈશંકરભાઈ મકનજીભાઈ પંડ્યા (ચાડિયા)ના જમાઈ, ફાલ્ગુનીબેન જોષીના પિતા તથા નિમિષાબેન અલ્પેશભાઈ વ્યાસના ભાઈજીનું અવસાન તા.૨૫/૦૮/૨૪ના થયેલ છે. તેમનું બેસણું તા.૨૯-૮-૨૪ને ગુરૂવારે સાંજે ૫ થી ૬ બાલકુંજ હોબી સેન્ટર, વિવેકાનંદ સોસાયટી મેઈન રોડ, એરપોર્ટ ફાટક પાસે, રાજકોટ ખાતે રાખેલ છે.

**રાજકોટ :** રાજકોટ નિવાસી ઔદિચ્ય ઝાલાવાડી બ્રાહ્મણ દીપ ભરતભાઈ મહેતા (ઉ.વ.૨૨) તે સ્વ. ભરતભાઈ ટી મહેતા તથા રશ્મિબેન ભરતભાઈ મહેતાના પુત્ર તથા જલવી ઋષિકેશ પંડ્યા અને નિરાલીબેનના ભાઈ તથા જીતેન્દ્રભાઈ ટી. મહેતાના ભત્રીજાનું તા.૨૫ના રોજ અવસાન થયેલ છે. બેસણું તા.૨૯ને ગુરૂવારના રોજ સાંજે ૪ થી ૬ નાગર બોર્ડિંગ ટાગોર રોડ, વિરાણી હાઈસ્કૂલની સામે, રાજકોટ ખાતે રાખેલ છે.

**રાજકોટ :** જયંતીભાઈ મોહનભાઈ અનોવાડીયા તે સ્વ.મોહનલાલ કેશવજી અનોવાડીયાના પુત્ર તે પુષ્પાબેનના પતિ રાકેશભાઈ તથા કેતનભાઈના પિતા તે વજુભાઈ સ્વ.પ્રભુદાસભાઈ સ્વ.હરિભાઈના મોટાભાઈ તથા નિમુબેન મુકેશભાઈ આમરણીયાના મોટાભાઈનું બેસણું આજે પર્ણ કુટી કોમ્યુનિટી હોલ, વિદ્યુત નગર મેઈન, રોડ ફ્લોરેન્સ હોસ્પિટલ બાજુમાં રાજનગર ચોક પાસે, સાંજે ૪:૦૦ થી ૬:૦૦ વાગ્યે રાખવામાં આવેલ છે.

**રાજકોટ :** દશા સોરઠીયા વણિક જયંતિલાલ પ્રભુદાસ શેઠ (ઉ.વ.૯૨) તે હિનાબેન, સિમાબેન, બિનાબેન, તુષાર શેઠના પિતાનું તા.૨૪ ને શનિવારના રોજ અવસાન થયેલ છે. સદ્‌ગતનું ટેલીફોનિક બેસણું તા.૨૯ ને ગુરૂવારના રોજ રાખવામાં આવેલ છે.

**રાજકોટઃ** મુળ ધારી હાલ અમરેલી નિવાસી નથુ તુલસી ગોહિલવાડી ઔદિચ્ય બ્રાહ્મણ જ્ઞાતિના મંજુલાબેન નટવરલાલ વ્યાસ, સ્વ. મુળ શંકર હીરજી મહેતાના દીકરી, નટવરલાલ કરુણાશંકર વ્યાસના પત્ની, તે હર્ષદભાઈ, નીલેશભાઈ, જશવંતિબેન, હિનાબેન, માલવિકાબેનના માતા, ભારવી, ખ્યાતિ, જાનકી, હર્ષના દાદીમાનું તા. ૨૫ ના રોજ અવસાન થયેલ છે. તેમનું બેસણુ તા. ૩૦ ના રોજ દરજી જ્ઞાતિની વાડી, રૈયા રોડ રાજકોટ ખાતે સાંજે ૪ થી ૬ રાખેલ છે. પિયર પક્ષની બેસણું સપણ સાથે રાખેલ છે.

Editor, Printer and Publisher: Satishbhai Shantilal Mehta, Owner: Arham Publication - Rajkot, Printed and Published from Arham Publication, Abtak Media House, Rashtriya Shala Road, Rajkot - 360001, Gujarat.

# શુ પ્રોત્સાહિત સંલગ્ન રોજગારી અનુકૂળ છે ? ટ્રેડ યુનિયનોની રાય લેતા માંડવિયા

## કેન્દ્રીય શ્રમ અને રોજગાર મંત્રી ડો.મનસુખ માંડવિયાએ સેન્ટ્રલ ટ્રેડ યુનિયન ઓર્ગેનાઈઝેશનના હોદેદારો સાથે યોજી બેઠક

**અબતક, નવી દિલ્હી**

પ્રોત્સાહિત સંલગ્ન રોજગારી યોજના દેશમાં રોજગારીની તકો ઊભી કરવામાં મદદરૂપ થશે. તેમ કેન્દ્રીય શ્રમ અને રોજગાર મંત્રી ડો.મનસુખ માંડવિયાએ બુધવારે સેન્ટ્રલ ટ્રેડ યુનિયન ઓર્ગેનાઈઝેશનના અધિકારીઓ સાથેની બેઠકમાં જણાવ્યું હતું.



આ યોજના રૂ. ૨ લાખ કરોડના રોકાણ સાથે લગભગ બે કરોડ રોજગારીની તકોનું સર્જન કરશે. મીટીંગ દરમિયાન ઈએલઆઈ સ્કીમને લગતું પ્રેઝન્ટેશન પણ આપવામાં આવ્યું હતું, જેમાં જણાવવામાં આવ્યું હતું કે યોજના હેઠળ કયા પ્રકારનું કામ કરવામાં આવશે. આ પ્રસંગે તેમણે આ યોજના અંગે ટ્રેડ યુનિયનો પાસેથી સૂચનો મંગાવ્યા હતા. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે આ યોજના વ્યવસાયોને વધારવા અને મોટી સંખ્યામાં રોજગારીની તકો ઉભી કરવા તેમજ યુવાનો માટે અર્થપૂર્ણ અને ટકાઉ નોકરીઓ પૂરી પાડવા પ્રોત્સાહિત કરે છે. તે મુજબ યોજના પણ તૈયાર કરવામાં આવી છે. તેથી, તમામ પક્ષોના હિતોને ધ્યાનમાં રાખીને યોજના તૈયાર કરવામાં આવે તેની ખાતરી કરવા માટે ટ્રેડ યુનિયનોના સૂચનો મૂલ્યવાન છે. યુનિયનના પ્રતિનિધિઓએ સરકાર દ્વારા લેવામાં આવતી યોજના અને અન્ય શ્રમ કલ્યાણના પગલાં અંગે તેમના સૂચનો રજૂ કર્યા હતા. ડો. માંડવિયાએ યુનિયનોને ખાતરી આપી હતી કે આવી બેઠકો નિયમિતપણે યોજવામાં આવશે. સરકાર આને સુનિશ્ચિત કરવા માટે યુનિયનો પાસેથી મૂલ્યવાન સૂચનો લેવા આતુર છે. તેમણે કહ્યું કે અમારો પ્રયાસ એ રીતે નીતિઓ અને યોજનાઓ ઘડવાનો છે કે તે ન્યાયીતા, સમાવેશીતા અને સમાન વિકાસને પ્રોત્સાહન આપે.

# જય શાહ ઈન્ડિયન ક્રિકેટની ક્ષિતિજોને વિશ્વ ફલક પર ચમકાવશેઃ સચિન તેંડુલકર

## ક્રિકેટના ભગવાન તરીકે પ્રખ્યાત સચિન તેંડુલકરે જય શાહને આઈસીસીના અધ્યક્ષ બનવા બદલ અભિનંદન પાઠવ્યા

**અબતક, નવી દિલ્હી**

ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડના સચિવ જય શાહને આઈસીસીના નવા અધ્યક્ષ તરીકે નિયુકત કરવામાં આવ્યા છે. જય શાહનો કાર્યકાળ ૧ ડિસેમ્બરથી શરૂ થશે. જય શાહને ચેરમેન બનવા બદલ અનેક મોટી હસ્તીઓએ અભિનંદન પાઠવ્યા છે. હવે ક્રિકેટના ભગવાન તરીકે પ્રખ્યાત સચિન તેંડુલકરે પણ જય શાહને અભિનંદન આપતા ટ્વિટર પર એક લાંબો સંદેશ લખ્યો છે. સચિન તેંડુલકરે જય શાહના આઈસીસીના નવા અધ્યક્ષ બનવા પર એક ખાસ ટ્વિટ કર્યું છે. તેણે લખ્યું, 'ક્રિકેટ માટે કંઈક સારું કરવાનો ઉત્સાહ હોવો એ ક્રિકેટ એડમિનિસ્ટ્રેટર માટે જરૂરી ગુણો છે. બીસીસીઆઈના સેક્રેટરી તરીકેના તેમના કાર્યકાળ દરમિયાન જય શાહે આ ગુણો શાનદાર રીતે દર્શાવ્યા હતા. મહિલા ક્રિકેટ અને પુરૂષ ક્રિકેટ બંનેને પ્રાધાન્ય આપવાના તેમના પ્રયાસોએ જેને અન્ય બોર્ડ અનુસરી શકે છે. હું તેને તેની સફરના આગામી તબક્કા માટે શુભેચ્છા પાઠવું છું. તેઓ આઈસીસીના સૌથી યુવા પ્રમુખ બન્યા છે. પ્રશાસક તરીકે આઈસીસીનું નેતૃત્વ કરવા માટે ભારતે ઘણા દિગ્ગજ લોકોને મોકલ્યા છે. જગમોહન દાલમિયા, શરદ પવાર, એન. શ્રીનિવાસન અને શશાંક મનોહર. મને ખાતરી છે કે તે પોતાનો વારસો આગળ ધપાવશે અને ક્રિકેટની રમતને આગળ લઈ જશે.



# વિમલનાથ સ્વામિ દેરાસરે ભાવભેર ઉજવાશે પર્યુષણ પર્વ

## અનેક વિધ ધાર્મિક કાર્યક્રમોનો ધર્મલાભ લેવા ભાવિકોને આહવાન

**અબતક, રાજકોટ**

બલસાણા તિર્થ સ્વરૂપ વિમલનાથ સ્વામિ જૈન દેરાસર નાં આંગણે મહાપર્વાધિરાજ પર્યુષણ પર્વ દરમ્યાન રોજ સાંજે ત્રણેય પરમાત્માની આંગી - આરતિ - પ્રભાવના રાત્રે ૯ કલાકે લાભ લેનાર ભાગ્યશાળીઓ શ્રાવણ વદ૧૩(૫થમ)ને શનિવાર તા. ૩૧-૮-૨૦૨૪ (અઠાઈ ઘર) રમેશચંદ્ર ગુલાબચંદ વસા પરિવારને રવિવાર તા.૧-૯-૨૦૨૪ દ્રષ્ટિ હર્ષ દોશી પરિવાર, સોમવાર તા. ૦૨-૦૯-૨૦૨૪ સૌમીબેન અતુલભાઈ મોદી પરિવાર, ને મંગળવાર તા. ૩-૯-૨૦૨૪ (કલ્પધર) જયશ્રીબેન કિશોરભાઈ કામદાર પરિવાર, ભાદરવા સુદ૧ને તા. ૪-૯-૨૦૨૪ (મહાવીર જન્મ વાંચન) આશાબેન અશ્વિનભાઈ જસાણી પરિવાર હઃ નાયશા, નીશ્રા, શ્રી ગુરૂ ગૌત્તમ સ્વામીનો પક્ષાલ સવારે ૬-૩૦ કલાકે(બેસતો મહિનો), ભાદરવા સુદ બીજ ને ગુરૂવાર તા. ૫-૯-૨૦૨૪ (ગણધરવાદવાંચન) રંજનબેન હેમેન્દ્રભાઈ શાહ ભાડલાવાળા પરિવાર, ભાદરવા સુદ ૩ ને શુક્રવાર તા. ૬-૯-૨૦૨૪ ઉર્વીબેન કૌશલભાઈ મહેતા પરિવાર, ભાદરવા સુદ ૪ ને શનિવાર તા. ૭-૯-૨૦૨૪ (સંવત્સરી) સંગીતાબેન હરેશભાઈ શાહ, રવિવાર તા. ૮-૯-૨૦૨૪ માણિભદ્ર વીર અને ઘંટાકર્ણવીરનું અનુષ્ઠાન સવારે ૮-૧૫ કલાકે, સમગ્ર પર્વ દરમ્યાન મુળનાયકની રોજે-રોજની અષ્ટપ્રકારી પૂજાના આદેશો સવારે ૬-૩૦ કલાકે બોલી બોલીને આપવામાં આવશે. જિનાલયમાં વપરાતા દેવ દ્રવ્યના લાભાર્થીઃ વિનયકાંત પાનાચંદ ટોળીયા હઃ નિપુલભાઈ, નિલાબેન ટોળીયા પરિવાર, પર્યુષણ પર્વ દરમ્યાન પ્રભાવનાનો લાભલેનાર ભાગ્યશાળી પરિવારો શ્રાવણ વદ ૧૩(પ્રથમ)ને શનિવાર તા. ૩૧-૮-૨૦૨૪ આશાબેન અશ્વિનભાઈ જસાણી પરિવાર, શ્રાવણ વદ ૧૩(બીજી)ને રવિવાર તા. ૧-૯-૨૦૨૪ જયોતિબેન સુરેશભાઈ દોશી પરિવાર, સોમવાર તા. ૨-૯-૨૦૨૪ સપાણી પરિવાર વાંકાનેરવાળા, ને મંગળવાર તા. ૩-૯-૨૦૨૪ (કલ્પધર) સપાણી પરિવાર વાંકાનેરવાળા, બુધવાર તા. ૪-૯-૨૦૨૪ (મહાવીર જન્મ વાંચન) શીરીષભાઈ ભીખુભાઈ ધ્રુવ અને ભામીનીબેન ભરતભાઈ પારેખ, ગુરૂવાર તા. ૫-૯-૨૦૨૪ સપાણી પરિવાર શુક્રવાર તા. ૬-૯-૨૦૨૪ સપાણી પરિવાર શનિવાર તા. ૭-૯-૨૦૨૪ (સંવત્સરી) નિતાબેન અશ્વિનભાઈ શાહ પરિવાર બનારસવાળા, પર્યુષણ પર્વ દરમ્યાન જિનાલય સુ-શોભનનો લાભલેનાર પરિવાર દીપ્તીબેન મુકેશભાઈ દોશી, જિનાલયની તેરમી સાલગીરી શનિવાર તા.૭-૧૨-૨૦૨૪ના રોજ આવે છે. જિનાલયની બધી ધજાનો આદેશ સિલ્વર કલાસીક પરિવારે લીધેલ છે. શત્રુંજય ભાવયાત્રાના લાભાર્થી. ગુણવંતીબેન ભગવાનદાસ શાહ હઃચેતનાબેન ધર્મેન્દ્રભાઈ શાહ વલ્લભીપુરવાળા પરિવાર, બહેનોનું પ્રતિક્રમણ સાંજે ૭-૧૫ કલાકે સાધનાબેન વિપુલભાઈ દોશી, એ-૨૧, એફીલ ટાવર, વિમલનાથ જિનાલયની સામે, રાજકોટ. મો.: ૯૭૧૨૩૪૩૦૧૯, ભાઈઓનું પ્રતિક્રમણ સાંજે ૭-૦૦ કલાકે કાલાવાડ રોડ જૈન દેરાસર, જય પારસધામ, ખાતે ઉપરના ઉપાશ્રય હોલમાં રાખેલ છે. બુધવાર તા.૧૧-૯-૨૦૨૪ના રોજ રાખેલ છે. સર્વ સાધારણની કાયમી તિથિરૂ. ૨૫૦૦૦/-લાભાર્થીનું નામ આરસની તકતીમાં લખવામાં આવશે.



# અમદાવાદના માંડલમાં ચાર લાખની લૂંટ ચલાવનાર લૂંટારૂઓ ઝડપાયા

## મુસાફરને ઉતારવા આવેલા ટેક્સી ડ્રાયવર અને મુસાફરને લૂંટી લેનાર ટોળકી આણી સભ્યને સુરેન્દ્રનગર એસઓજીએ પકડ્યો

**અબતક, રાજકોટ**

અમદાવાદમાં રહેતો અને ઓલા ઉબેરમાં ડ્રાઈવીંગ કરતો યુવાન તા. ૨૭ના રોજ રાત્રે કાલુપુર રેલવે સ્ટેશનથી મુસાફરને મુકવા અમદાવાદ ગ્રામ્યના માંડલ તાલુકાના ઉકરડી ગામે આવ્યા હતા. દરમિયાન સાતેક શખ્સોએ આવી છરી બતાવી રોકડ, ઓનલાઈન ટ્રાન્સફર અને કાર મળી રૂપિયા ૪,૩૫,૮૦૦ની મત્તાની લૂંટ ચલાવી હતી. આ કેસમાં ફરાર આરોપીને સુરેન્દ્રનગર એસઓજી ટીમે ઝડપી લીધો છે.

અમદાવાદના પાલડી વિસ્તારમાં રહેતા કલ્પેશ કિર્તીભાઈ ઠાકોર ઓલા ઉબેર ટ્રાન્સપોર્ટ કંપનીમાં તેમના શેઠ મુકેશભાઈ પટેલની કાર ચલાવે છે. તા. ૨૭ના રોજ કાલુપુર રેલવે સ્ટેશનથી શુભમ શર્મા અને પુજા શર્મા નામના મુસાફરોને બેસાડી તેઓ અમદાવાદ ગ્રામ્યના માંડલ તાલુકાના ઉકરડી પહોંચતા પુજા શર્માને ગામના ગેટ પાસે ઉતાવાના હતા. જયારે કલ્પેશભાઈ અને શુભમ શર્મા કારમાં હાજર હતા. ત્યારે પાંચ શખ્સોએ આવી તેઓને કારમાંથી નીચે ઉતારી છરો બતાવી જે હોય તે આપી દેવા કહ્યુ હતુ. આ શખ્સોને બન્ને પાસેથી રોકડા રૂપીયા ૫૮૦૦, કયુઆર કોડથી ઓનલાઈન રૂ. ૨૩ હજાર, રૂ. ૭ હજારનો મોબાઈલ અને રૂ. ૪ લાખની કાર મળી કુલ ૪,૩૫,૮૦૦ની લૂંટ ચલાવી હતી. બનાવની જાણ પોલીસને થતા આ કેસનો એક આરોપી સુરેન્દ્રનગરના સાયલા હાઈવે પર હોવાની માહિતી સુરેન્દ્રનગર એસઓજી પીઆઈ એચ.જે.ભટ્ટને મળી હતી. આથી સ્ટાફે વોચ રાખી દસાડા તાલુકાના ઝીંઝુવાડાના અને હાલ માંડલના ઉકરડી ગામે રહેતા ૨૬ વર્ષીય જયપાલસીંહ દિલીપસીંહ ઝાલાને ઝડપી લીધો હતો. આ શખ્સ પાસેથી કાર સહિત ૪,૦૫,૯૦૦નો મુદ્દામાલ જપ્ત કરી હાલ સાયલા પોલ હવાલે કરી તેની જાણ પોલીસને કરાઈ છે.

# 'અબતક'ના સિનિયર ક્રાઈમ રિપોર્ટર ગૌરવરાજસિંહ ગોહિલનો જન્મદિવસ



'અબતક' પેપરના જાંબાઝ રીપોર્ટર ગૌરવરાજ સિંહ ગોહિલનો આજે જન્મ દિવસ છે. નાની વયે તેઓએ મિડિયા ક્ષેત્રમાં મોટી ચાહના મેળવી છે. યશસ્વી જીવનના ૨૫ વર્ષ પૂર્ણ કરી આજે તેઓ ૨૬માં વર્ષમાં મંગલ પ્રવેશ કરી રહ્યા છે. તેઓ છેલ્લા આઠ મિડિયામાં કામ કરી રહ્યા છે. 'અબતક' ન્યુઝ પેપરમાં પોતે નિષ્ઠાપુર્વક ફરજ બજાવી રહ્યા છે. તેઓ ક્રાઈમનું બખુબી રિપોર્ટીંગ કરવાની સાથે દરેક ફિલ્ડમાં ખુબ જ માહીર છે. 'અબતક' મિડિયા સાથે જોડાઈ તેઓએ પત્રકારત્વમાં આગવી ઓળખ ઉભી કરી છે. લાઈવ રિપોર્ટીંગમાં માહીર ગૌરવરાજસિંહ ગોહિલે મળતાવડા સ્વભાગને કારણે 'અબતક' પરિવારમાં બહોળી ચાહના મેળવી છે. આજે તેમના જન્મ દિને તેઓ સફળતા શિખરો સર કરે તેવી 'અબતક' પરિવાર શુભકામના પાઠવે છે. મિડિયાના મિત્રો, શુભેચ્છકો, સગા-સ્નેહીઓ તેમના મો. નં. ૯૯૭૪૩ ૫૪૨૬૦ પર શુભકામનાનો ધોધ વરસાવી રહ્યા છે.

# રૂપિયા ૩.૨૬ કરોડની ઠગાઈમાં બિલ્ડરના જામીન મંજૂર

## આર્યન એવન્યુ પ્રોજેક્ટમા ફ્લેટ અને દુકાન ના નામે બુકિંગ લઈ અને રોકાણકારોને ચૂનો ચોપડ્યો

**અબતક રાજકોટ**

શહેરમાં આર્યન ડેવલોપર્સ ભાગીદારી પેઢીના ભાગીદારે આર્યન એવન્યુ નામથી ચાલતા પ્રોજેક્ટમાં ફ્લેટ અને દુકાનોમાં રોકાણ કરવાના બહાને પરિવાર સાથે રૂ.૩,૨૬,૬૯,૮૩૦ ની છેતરપિંડી આચરી હોવાના ગુનામાં હાઈકોર્ટે આરોપીને જામીન મુક્ત કરવા હુકમ કર્યો છે.આ કેસની હકીકત મુજબ રાજકોટમાં મોરબી રોડ ઉપર સેટેલાઈટ ચોકથી આગળ આર્યન ડેવલોપર્સ ભાગીદારી પેઢીના આર્યન એવન્યુ નામના ચાલતા કોમ્પ્લેક્સના પ્રોજેક્ટ બાબતે આર્યન ડેવલોપર્સ ભાગીદારી પેઢીના ભાગીદાર સંજય ડોબરીયાએ સેટેલાઈટ ચોક પાસે રહેતા અર્જુનભાઈ ભગવાનભાઈ મજેઠીયાને પ્રોજેક્ટમાં રોકાણ કરવાની લાલચ આપી આર્યન એવન્યુ પ્રોજેક્ટમાં આરોપી સંજય ડોબરિયાની કોઈ સ્વતંત્ર મિલકત ન હોવા છતાં ફ્લેટ અને દુકાનમાં રોકાણ કરવાના બહાને અર્જુનભાઈ મજેઠીયા અને તેના માતા-પિતા પાસેથી રૂ.૩,૨૬,૬૯,૮૩૦ ની રકમ મેળવી લીધી હતી. અને કોઈ પણ સતા ન હોવા છતાં સંજયભાઈ ડોબરીયાએ નોટરાઈઝ ચૂકતે અવેજની પહોંચ, નોટરાઈઝ પ્રોમીસરી નોટ, નોટરાઈઝ કબજા રહિત સમજૂતી કરારના બનાવટી લખાણ કરી આપી રકમ ભાગીદારી પેઢીમાં જમા નહીં કરાવી ફ્લેટ અને દુકાનનો કબજો નહીં સોંપી પૈસા પણ પરત નહીં કર્યા હોવાની અર્જુનભાઈ મજેઠીયાએ બી ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી ફરિયાદના આધારે પોલીસે દંપતિની ધરપકડ કરી હતી જે કેસમાં જેલ હવાલે રહેલા આરોપી સંજય ડોબરીયાએ સેશન્સ કોર્ટમાં કરેલી જામીન અરજી નામંજૂર થતા હાઈકોર્ટમાં જામીન અરજી કરી હતી જે જામીન અરજી ચાલવા ઉપર આવતા બંને પક્ષની રજૂઆત બાદ આરોપીના બચાવ પક્ષે રોકાયેલા વકીલ દ્વારા કરવામાં આવેલી દલીલોને ધ્યાને લઈ હાઈકોર્ટે આર્યન ડેવલોપર્સ ભાગીદારી પેઢીના ભાગીદાર સંજય ડોબરીયાને રેગ્યુલર જામીન પર મુક્ત કરતો હુકમ કર્યો છે.

આ કેસમાં ફરિયાદી વતી રાજકોટના જાણીતા એડવોકેટ સુરેશ ફળદુ, ભુવનેશ શાહી, કુણાલ શાહી, ચેતન ચોવટીયા, રીપલ ગેવરીયા, પાર્થ સંઘાણી, મંથન વીરડીયા જય પીઠવા તથા મદદમા યુવરાજ વેકરીયા, નીરવ દોગા, પ્રીન્સ રામાણી, આર્યન કોરાટ, ભાવીન ખુંટ, અભય સભાયા અને જસ્મીન દુધાગરા તેમજ હાઈકોર્ટમાં પ્રતીક જસાણી રોકાયા હતા.

# અબતક પરિવારના સોહમ મકવાણાનો જન્મદિવસ



'અબતક' મિડિયાના મશીન વિભાગના સોહમ મકવાણાનો આજે જન્મ દિવસ છે. તેઓના યશસ્વી જીવન ૧૭ વર્ષ પૂર્ણ કરીને ૧૮ વર્ષમાં મંગલ પ્રવેશ કર્યો છે. જેઓ મશીન વિભાગમાં ખંતથી કામગીરી સંભાળી રહ્યા છે. તેઓના મળતાવળા સ્વભાવને કારણે ટુંકા સમયમાં તેઓએ સારી કામગીરીથી આગવું સ્થાન પ્રાપ્ત કર્યુ છે. ત્યારે આજે જન્મ દિવસ નીમીતે તેઓના મો. નં. ૭૦૪૧૯ ૯૦૦૪૪ પર ઠેર ઠેરથી શુભેચ્છા વર્ષા થઈ રહી છે.

# બ્રહ્મ અગ્રણી નિરંજનભાઈ દવેનો જન્મ દિવસ



રાજકોટ પરશુરામ યુવા સંસ્થાનના આદ્ય સ્થાપક અને બ્રહ્મ સમાજના અગ્રણી નિરંજનભાઈ દવેનો આજે જન્મ દિવસ છે મંગલમય જીવનના ૬૫ માં વર્ષમાં પ્રવેશ કરી રહેલા નિરંજનભાઈ દવે આઈ. ટી. આઈ. પ્રોફેસર તરીકે ફરજ બજાવી અનેક યુવાનોની કારકીર્દીને જળહળાવી છે. બ્રહ્મ સમાજ આયોજીત દરેક કાર્યક્રમોમાં તેઓ હંમેશા મોખરે રહે છે બ્રહ્મ સંગથનને મજબુત બનાવવા પ્રયત્નશીલ નિરંજનભાઈ દવે (મો. નં. ૯૪૨૬૯૯૮૯૪૦)ને જન્મ દિવસની શુભેચ્છાઓ ઠેર ઠેરથી મળી રહી છે.

# સ્વામિનારાયણ ગુરૂકુળમાં જશોદાના જાયાનો ઉજવાયો જન્મદિવસ



**અબતક, રાજકોટ**

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ, ઢેબરરોડભગવાન કૃષ્ણચંદ્રજીનો જન્મોત્સવ ધામધૂમથી ભક્તિભાવ સાથે ઉજવાયો હતો.

ગોકુળ મથુરામાં પ્રભુ પ્રગટે તેનો ઉત્સવ મનાવવો એ આપણી પરંપરા છે. પરંતુ રાગ-દ્વેષ અને ઈર્ષાના ગંદવાડાથી ખરડાયેલા હૃદયને શુદ્ધ કરી, આચારશુદ્ધ, વિચારશુદ્ધ, જ્ઞાનશુદ્ધ, સમજણશુદ્ધ અને સંગશુદ્ધ બનાવશું ત્યારે જ પ્રભુ આપણા હૃદયમાં પ્રગટશે.

પ્રભુના પ્રાગટ્ય પૂર્વે બાલ વિદ્યાર્થીઓએ જુદા જુદા વેશમાં શ્રીકૃષ્ણ ભગવાનની લીલાઓનું દર્શન કરાવેલું. અંતમાં સૌ ભક્તોને પંચાજીરીની પ્રસાદી વહેંચવામાં આવેલ.


# જય શાહ ઈન્ડિયન ક્રિકેટની ક્ષિતિજોને વિશ્વ ફલક પર ચમકાવશેઃ સચિન તેંડુલકર

## ક્રિકેટના ભગવાન તરીકે પ્રખ્યાત સચિન તેંડુલકરે જય શાહને આઈસીસીના અધ્યક્ષ બનવા બદલ અભિનંદન પાઠવ્યા

**અબતક, નવી દિલ્હી**

ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડના સચિવ જય શાહને આઈસીસીના નવા અધ્યક્ષ તરીકે નિયુકત કરવામાં આવ્યા છે. જય શાહનો કાર્યકાળ ૧ ડિસેમ્બરથી શરૂ થશે. જય શાહને ચેરમેન બનવા બદલ અનેક મોટી હસ્તીઓએ અભિનંદન પાઠવ્યા છે. હવે ક્રિકેટના ભગવાન તરીકે પ્રખ્યાત સચિન તેંડુલકરે પણ જય શાહને અભિનંદન આપતા ટ્વિટર પર એક લાંબો સંદેશ લખ્યો છે. સચિન તેંડુલકરે જય શાહના આઈસીસીના નવા અધ્યક્ષ બનવા પર એક ખાસ ટ્વિટ કર્યું છે. તેણે લખ્યું, 'ક્રિકેટ માટે કંઈક સારું કરવાનો ઉત્સાહ હોવો એ ક્રિકેટ એડમિનિસ્ટ્રેટર માટે જરૂરી ગુણો છે. બીસીસીઆઈના સેક્રેટરી તરીકેના તેમના કાર્યકાળ દરમિયાન જય શાહે આ ગુણો શાનદાર રીતે દર્શાવ્યા હતા. મહિલા ક્રિકેટ અને પુરૂષ ક્રિકેટ બંનેને પ્રાધાન્ય આપવાના તેમના પ્રયાસોએ જેને અન્ય બોર્ડ અનુસરી શકે છે. હું તેને તેની સફરના આગામી તબક્કા માટે શુભેચ્છા પાઠવું છું. તેઓ આઈસીસીના સૌથી યુવા પ્રમુખ બન્યા છે. પ્રશાસક તરીકે આઈસીસીનું નેતૃત્વ કરવા માટે ભારતે ઘણા દિગ્ગજ લોકોને મોકલ્યા છે. જગમોહન દાલમિયા, શરદ પવાર, એન. શ્રીનિવાસન અને શશાંક મનોહર. મને ખાતરી છે કે તે પોતાનો વારસો આગળ ધપાવશે અને ક્રિકેટની રમતને આગળ લઈ જશે.




# જીવદયાપ્રેમી સુનિલ દામાણીનો જન્મદિવસ



સહારા યુવા ગ્રુપનાં પ્રમુખ જીવદયાપ્રેમી સુનિલભાઈ દામાણીનો આજરોજ જન્મદિવસ છે. એલ.આઈ.સી. ઈન્ડીયા કંપની સાથે વીમાનાં વ્યવસાય સાથે સંકળાયેલા છે. દરરોજ મણીયારનાં દેરાસરમાં સેવા પૂજા બાદ પોતાના દિવસની શુભ શરૂઆત કરે છે. સહારા યુવા ગ્રુપનાં પ્રમુખ તરીકે છેલ્લા ૨૩ વર્ષથી કાર્ય કરી રહ્યા છે. સહારા યુવા ગ્રુપ દ્વારા બ્લડ ડોનેશન કેમ્પ, શિયાળામાં ધાબળા વિતરણ, ઝુંપડપટ્ટીઓમાં નાસ્તાનું વિતરણ વગેરે સેવા કાર્યો કરવામાં આવી રહ્યા છે. સમર્પણ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલીત ૨૨ વ્હાલુડી દીકરીઓનાં વિવાહ, દીકરાનું ઘર વૃધ્ધાશ્રમ, શ્રી જનસેવા ટ્રસ્ટ, બાપા સીતારામ ગૌ સેવા મંડળ તથા જીવદયા ગ્રુપ રાજકોટ વગેરે સેવાકીય સંસ્થાઓમાં પોતાની નિઃસ્વાર્થ સેવાઓ આપી રહ્યા છે. આજનાં જન્મદિવસે સુનિલભાઈને મોબાઈલ ૯૮૨૫૪૧૬૯૬૦ પર શુભેચ્છાવર્ષા થઈ રહી છે.

# ભુજ-અમરેલીમાં હવે ખાનગી એફએમ ચેનલો શરૂ થશે

## ૨૩૪ શહેરોમાં ૭૩૦ ખાનગી એફએમ ચેનલોની હરાજીને મંજૂરી આપતી કેન્દ્ર સરકાર

**અબતક, નવી દિલ્હી**

સરકારે વિવિધ ભાષાઓ, ખાસ કરીને માતૃભાષામાં કાર્યક્રમોને પ્રોત્સાહન આપવાના ઉદ્દેશ્ય સાથે ૨૩૪ શહેરોમાં ૭૩૦ ખાનગી એફએમ ચેનલોની હરાજીને મંજૂરી આપી છે. જેમાં ભુજ અને અમરેલીનો પણ સમાવેશ થાય છે.વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં બુધવારે મળેલી કેન્દ્રીય કેબિનેટની બેઠકમાં આ અંગેના પ્રસ્તાવને મંજૂરી આપવામાં આવી હતી. માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે બેઠક બાદ પત્રકાર પરિષદમાં જણાવ્યું કે ખાનગી એફએમ રેડિયોની ત્રીજા તબક્કાની નીતિ હેઠળ આ મંજૂરી આપવામાં આવી છે. આ તબક્કામાં રૂ. ૭૮૪.૮૭ કરોડની અંદાજિત અનામત કિંમત સાથે મહત્તમ ઈ-ઓક્શન હાથ ધરવાનો પ્રસ્તાવ છે.



કેબિનેટે એફએમ ચેનલો માટે ગૂડ્ઝ એન્ડ સર્વિસ ટેક્સને બાદ કરતાં કુલ આવકના ૪ ટકાના દરે વાર્ષિક લાઈસન્સ ફી વસૂલવાની દરખાસ્તને પણ મંજૂરી આપી હતી. આ ૨૩૪ નવા શહેરો અને નગરોમાં લાગુ થશે.આનાથી વિવિધ ભાષાઓ, ખાસ કરીને માતૃભાષાઓમાં સ્થાનિક કાર્યક્રમો કરવા પ્રોત્સાહિત થશે. આનાથી રોજગારીની નવી તકો ઊભી થશે, સ્થાનિક બોલી અને સંસ્કૃતિને પ્રોત્સાહન મળશે અને 'સ્થાનિક માટે અવાજ' પહેલને આગળ લાવશે.

ખાનગી એફએમ ચેનલો માટે મંજૂર કરાયેલા શહેરો અને નગરોમાં ઘણા મહત્વાકાંક્ષી જિલ્લાઓ અને ડાબેરી ઉગ્રવાદ પ્રભાવિત વિસ્તારોનો પણ સમાવેશ થાય છે. આ વિસ્તારોમાં ખાનગી એફએમ રેડિયોની સ્થાપનાથી સરકારની પહોંચ વધુ મજબૂત બનશે.

મંજૂર થયેલા શહેરો અને નગરોમાં પોર્ટ બ્લેર, જગદલપુર, કોરબા, ઈમ્ફાલ, દીમાપુર, ડિબ્રુગઢ, અરાહ, બેગુસરાઈ, અમરેલી, ભુજ, રોહતક, અનંતનાગ, ધનબાદ, બેલગામ, પલક્કડ, મંદસૌર, લાતુર, ગોઈંદિયા, પુરી, સંબલપુર, લુધિયાણા, અલવર, કોનૂર, તંજાવુર, નાલગોંડા, નિઝામાબાદ, એટાહ, હરિદ્વાર અને દાર્જિલિંગનો સમાવેશ થાય છે.હાલમાં, દેશના ૧૧૩ શહેરોમાં ૩૬ ખાનગી એફએમ બ્રોડકાસ્ટર્સ ૩૮૮ એફએમ રેડિયો સ્ટેશન ચલાવે છે.

# મોદીના ઝીરો બેલેન્સે રંગ જમાવ્યો : જનધનમાં ધનાધન ૫૩ કરોડ ખાતાઓ ખુલી ગયા

## યોજનાને ૧૦ વર્ષ પૂર્ણ : જન ધન ખાતામાં મહિલાઓનો હિસ્સો ૮૦ ટકા

**અબતક, નવી દિલ્હી**

ભારત સરકારે વર્ષ ૨૦૧૪માં પ્રધાનમંત્રી જન ધન યોજના શરૂ કરી હતી. તમામ લોકો પાસે બેંક ખાતું હોય તેવા આશય સાથે શરૂ થયેલા આ યોજનાને ૧૦ વર્ષ પૂર્ણ થયા છે. હાલ દેશમાં જન ધન યોજના હેઠળ ૫૩ કરોડથી વધુ બેન્ક ખાતા ખુલ્યા છે.

આ યોજનામાં પુરુષોની સરખામણીમાં મહિલાઓની ભાગીદારી સૌથી વધુ હતી. જન ધન ખાતામાં મહિલાઓનો હિસ્સો ૮૦ ટકા છે. આ યોજનામાં મહિલાઓની ભાગીદારી ૨૦૧૧માં વધીને ૨૬ ટકા અને ૨૦૨૧માં ૭૮ ટકા થઈ. આ આંકડાઓ જ દર્શાવે છે કે જન ધન યોજના મહિલાઓમાં ઘણી લોકપ્રિય છે.




મંત્રાલય દ્વારા જારી કરવામાં આવેલા આંકડા અનુસાર, કુલ ૫૩.૧૩ કરોડ જનધન ખાતા છે. આ ખાતાઓમાંથી ૩૦ કરોડ ખાતા મહિલાઓના છે. ગ્રામીણ અને અર્ધ-શહેરી વિસ્તારોમાં ૩૫ કરોડ ખાતા ખોલવામાં આવ્યા છે. પીએમ જન ધન યોજનાએ બેંક ખાતાના સંદર્ભમાં ગ્રામીણ-શહેરી અંતરને એક હદ સુધી ઘટાડી દીધું છે.

આ યોજનાએ નાણાકીય સેવાઓની ઍક્સેસમાં લિંગ તફાવતને પણ સંકુચિત કર્યો. નાણાકીય સેવાઓની ઍક્સેસમાં લિંગ તફાવત ૨૦૧૧માં ૨૦ ટકા હતો અને ૨૦૧૭માં તે ઘટીને ૬ ટકા થયો હતો.

ઓગસ્ટ ૨૦૨૪ સુધી પીએમ જન ધન યોજના હેઠળ ૩૬.૧૩ કરોડ રુપે ડેબિટ કાર્ડ જારી કરવામાં આવ્યા છે. આ કાર્ડ જારી કરવામાં કોઈ ખર્ચ સામેલ નથી. આ સિવાય ખાતાધારકને આ કાર્ડ પર રૂ. ૨ લાખનો વીમા લાભ અને રૂ. ૧૦,૦૦૦ની ઓવરડ્રાફ્ટ સુવિધા પણ મળે છે. સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાએ તેના એક અહેવાલમાં જણાવ્યું છે કે જન ધન ખાતામાં વધારો થયા બાદ ગુનાના દરમાં ઘટાડો થયો છે, જેની સમાજ પર સકારાત્મક અસર પડી છે.જન ધન યોજનાની લોકપ્રિયતા દેશની બહાર પણ છે. વિદેશમાં પણ આ યોજનાના વખાણ થઈ રહ્યા છે. ૨૦૨૩માં જી૨૦ મીટિંગ બાદ વર્લ્ડ બેંકે પોતાના રિપોર્ટમાં કહ્યું હતું કે ભારતે માત્ર ૬ વર્ષમાં તેના નાણાકીય સમાવેશના લક્ષ્યાંકો હાંસલ કર્યા છે. આ એક મોટી સિદ્ધિ છે.

# લ્યો કરો વાત...સોશિયલ મીડિયામાં ધૂમ મચાવનારાઓને મહિને ૮ લાખ સુધી વળતર આપશે યુપી

## યુપી કેબિનેટે સોશિયલ મીડિયા પોલિસી પસાર કરી, સરકારની વાહ-વાહ અને યોજનાઓનો પ્રચાર કરનારને અપાશે તગડી રકમ

**અબતક, નવી દિલ્હી**

લોકસભા ચૂંટણીના પરિણામોની આડઅસર દેખાવા લાગી છે. યુપીમાં ભાજપનું પ્રદર્શન ખરાબ રહ્યું હતું. આ વખતે પાર્ટીને ૨૯ બેઠકોનું નુકસાન થયું છે. હારનું મુખ્ય કારણ સોશિયલ મીડિયા પર વિપક્ષનું વર્ચસ્વ માનવામાં આવતું હતું. ત્યારપછી યુપીની યોગી સરકારે પણ હોમવર્ક કરવાનું શરૂ કરી દીધું છે. સરકારના કામને અસરકારક રીતે પ્રમોટ કરવા માટે સોશિયલ મીડિયા પોલિસી તૈયાર કરવામાં આવી છે. જેમાં સોશિયલ મીડિયા ઈન્ફલુએન્સર દર મહિને ૮ થી ૨ લાખ રૂપિયા મળી શકે છે.યુપી કેબિનેટે સોશિયલ મીડિયા પોલિસી પસાર કરી છે. કેબિનેટની બેઠક બાદ પ્રેસ કોન્ફરન્સમાં તેનો ઉલ્લેખ કરવામાં આવ્યો ન હતો, પરંતુ સરકારે તેને પાસ કરી દીધો છે. એક્સ, યુટ્યુબ,



ફેસબુક અને ઈન્સ્ટાગ્રામના ઈન્ફલુએન્સરને ફોલોઅર્સની સંખ્યા અનુસાર દર મહિને પૈસા મળશે. શરત માત્ર એટલી છે કે તેઓએ યુપી સરકારનો પ્રચાર કરવો પડશે. તેઓએ માહિતી વિભાગમાં પણ નોંધણી કરાવવી પડશે. જો ક્યારેય યુપી સરકારને લાગે છે કે સામગ્રી અશ્લીલ અને રાષ્ટ્ર વિરોધી છે, તો તેમની સામે કાયદાકીય કાર્યવાહી થઈ શકે છે.એક્સ, ફેસબુક અને ઈન્સ્ટાગ્રામના પ્રભાવકો માટે સમાન શ્રેણી બનાવવામાં આવી છે. ચાર અલગ-અલગ ગ્રુપ બનાવવામાં આવ્યા છે. ફોલોઅર્સ અનુસાર, તેમને દર મહિને ૫, ૪, ૩ અને ૨ લાખ રૂપિયા મળશે. યુટ્યુબર્સ માટે અલગ-અલગ રીતે ચાર કેટેગરી બનાવવામાં આવી છે. તેમને દર મહિને ૮, ૭,૬ અને ૪ લાખ રૂપિયા આપવાની યોજના છે. યુપી પહેલા રાજસ્થાનમાં પણ આવી પોલિસી લાવવામાં આવી હતી. ત્યારે અશોક ગેહલોત ત્યાં મુખ્યમંત્રી હતા. જો કે હવે સરકાર બદલાઈ છે અને ભાજપના ભજનલાલ મુખ્યમંત્રી છે.

લોકસભા ચૂંટણીના પરિણામો બાદ ભાજપ સોશિયલ મીડિયાના પ્રભાવને લઈને ગંભીર બની ગઈ છે. ચૂંટણી બાદ યોજાયેલી બેઠકોમાં પાર્ટીના નેતાઓ અને કાર્યકરોને ગ્રાઉન્ડ તેમજ સોશિયલ મીડિયા પર સક્રિય રહેવા માટે કહેવામાં આવ્યું છે. પાર્ટી હાઈકમાન્ડે નિર્દેશ આપ્યો છે કે નેતાઓએ સોશિયલ મીડિયા પર સરકારી યોજનાઓનો સક્રિયપણે પ્રચાર અને પ્રસાર કરવો જોઈએ.


# ન હોય... પુરુષ લુપ્ત થઈ રહ્યો છે! વાય રંગસૂત્રમાં તીવ્ર ઘટાડો 'ચિંતાજનક'

## મનુષ્યો અને સસ્તન પ્રાણીઓના પુરુષમાં વાય રંગ સૂત્રની કમી થઈ રહી હોવાનું એક અભ્યાસનું ચોંકાવનારું તારણ

**અબતક, નવી દિલ્હી**

મનુષ્યનું લિંગ એટલે કે સ્ત્રી થશે કે પુરુષ તે વાય રંગસૂત્ર પર આધારિત છે. તેની હાજરીમાં જ વ્યક્તિનું લિંગ પુરુષ હોય છે પરંતુ, પ્રોસિડિંગ્સ ઓફ ધ નેશનલ એકેડેમી ઓફ સાયન્સમાં પ્રકાશિત થયેલ સંશોધન મુજબ પુરુષોમાં આ રંગસૂત્ર ધીમે-ધીમે અદશ્ય થઈ રહ્યો છે. વૈજ્ઞાનિકોનું માનવું છે કે, જો તેની જગ્યાએ કોઈ નવું સેક્સ જીન વિકસિત નહીં થાય તો પુરુષો દુનિયામાંથી લુપ્ત થઈ જશે.

મનુષ્યો અને સસ્તન પ્રાણીઓની જો વાત કરીએ તો, માદામાં બે એક્સ રંગસૂત્રો હોય છે. તે જ સમયે, મેઈલમાં એક્સ રંગસૂત્રોની સાથે એક નાનો વાય રંગસૂત્ર પણ હોય છે. એક્સ રંગસૂત્રમાં ૯૦૦ જનીન હોય છે. લિંગ નક્કી કરવા સાથે તેમને કોઈ લેવાદેવા નથી. વાય રંગસૂત્રમાં ૫૫ જનીન હોય છે. આ રંગસૂત્ર કદમાં ભલે નાનું હોય પરંતુ, તેનું કાર્ય મોટું અને મહત્ત્વનું હોય છે. તેમાં એક આવશ્યક જનીન એસઆરવાય હોય છે, જે ગર્ભાવસ્થાનાં ૧૨ અઠવાડિયા પછી બાળકમાં અંડકોષ વિકસાવે છે. ગર્ભમાં આ અંડકોષ પુરુષનાં હોર્મોન્સ રિલીઝ કરે છે, જેમાંથી બાળક નર જન્મે છે.



રિસર્ચ મુજબ નર વ્યક્તિ અને મેમલ્સમાં વાય રંગસૂત્ર ઘટી રહ્યો છે. તેનો અંદાજો ઓસ્ટ્રેલિયન પ્લેટીપસથી લગાવી શકાય છે. તેમાં એક્સ અને વાય ક્રોમોસોમમાં હાજર જીન્સની સંખ્યા બરાબર છે. રિસર્ચ અનુસાર, નર મનુષ્ય અને સસ્તન પ્રાણીઓમાં વાય રંગસૂત્ર ઘટી રહ્યો છે. આનો અંદાજ ઓસ્ટ્રેલિયન પ્લેટિપસ પરથી લગાવી શકાય છે. એક્સ અને વાય રંગસૂત્રોમાં હાજર જનીનોની સંખ્યા સમાન છે. આ સાથે જ વૈજ્ઞાનિકોએ શોધી કાઢ્યું કે, એક સમયે મનુષ્યમાં પણ એક્સ અને વાય રંગસૂત્રો પર સમાન સંખ્યામાં જનીનો હતા એટલે કે વાય રંગસૂત્રમાં પણ ૫૫ને બદલે ૯૦૦ જનીન હશે.

તેના પરથી અનુમાન લગાવી શકાય કે, ૧૬.૬ કરોડ વર્ષથી અત્યાર સુધી માણસ વાય રંગસૂત્રનાં ૮૪૫ જીન્સ ખોઈ ચૂક્યું છે. તેનો અર્થ આપણે દર ૧૦ લાખ વર્ષમાં ૫ જીન્સ ખોઈ રહ્યા છીએ. જો આ સ્થિતિ રહી તો આવનાર ૧.૧ કરોડ વર્ષમાં વાય રંગસૂત્ર સંપૂર્ણ રીતે ખત્તમ થઈ જશે.

વિશેષજ્ઞોની માનીએ તો ઉંદરોની બે પ્રજાતિઓએ વાય રંગસૂત્ર ગુમાવી દીધું છે, પરંતુ તે હજી પણ લુપ્ત થયા નથી. આ પૂર્વી યુરોપના મોલ વોલ્સ અને જાપાનના સ્પિની ઉંદરો છે. સંશોધકોને તેમાં માત્ર એક્સ રંગસૂત્રો જ જોવા મળ્યા છે. એસઆરવાય જનીન પણ તેમનામાં જોવા મળ્યું ન હતું. વૈજ્ઞાનિકોએ શોધી કાઢ્યું કે, સ્પિની ઉંદરમાં એસઓએક્સ ૯ નામનું સેક્સ જનીન છે. નર ઉંદરમાં આ જનીન નજીક ડુપ્લિકેટ ડીએનએ મળી આવ્યા હતા. આના દ્વારા એસઓએક્સ ૯ જનીન એસઆરવાયની જેમ કામ કરવાનું શરૂ કરે છે. આ ડીએનએ પ્રવૃત્તિ નર અને માદા ઉંદરને એકબીજાથી અલગ કરે છે. ભવિષ્યમાં, મનુષ્યમાં અન્ય જનીન એસઆરવાયનાં ગુણધર્મો વિકસાવી શકે છે અથવા નવા લૈંગિક જનીનનું નિર્માણ થઈ શકે છે.

# ડીએમકેના સાંસદને રૂ.૯૦૮ કરોડનો દંડ ફટકારતું ઈડી

## વિદેશી હૂંડિયામણના નિયમોના ઉલ્લંઘન બદલ ઈડીની કાર્યવાહી રૂ.૮૯.૧૯ કરોડ રૂપિયાની પ્રોપર્ટી પણ એટેચ કરાઈ

**અબતક, નવી દિલ્હી**

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ એટલે કે ઈડી દ્રવિડ મુનેત્ર કઝગમ (ડીએમકે)ના લોકસભા સાંસદ એસ જગતરક્ષકન અને તેમના પરિવારના સભ્યો પર ૯૦૮ કરોડ રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો છે. આ સાથે ૮૯.૧૯ કરોડ રૂપિયાની પ્રોપર્ટી પણ એટેચ કરવામાં આવી છે. વિદેશી હૂંડિયામણના નિયમોના ઉલ્લંઘન સાથે સંબંધિત કેસમાં ઈડીએ ડીએમકે સાંસદ જગતરક્ષકન અને તેમના પરિવારના સભ્યો સામે રૂ. ૯૦૮ કરોડનો મોટો દંડ ફટકાર્યો છે. ઈડીએ તેના નિવેદનમાં જણાવ્યું છે કે ૨૬ ઓગસ્ટે જારી કરાયેલા આદેશ બાદ સપ્ટેમ્બર ૨૦૨૦માં ફેમાં કાયદા હેઠળ જપ્ત કરાયેલી ૮૯.૧૯ કરોડ રૂપિયાની સંપત્તિ જપ્ત કરવામાં આવી છે.

૭૬ વર્ષીય ડીએમકે નેતા એસ જગતરક્ષકન તમિલનાડુની અરક્કોનમ લોકસભા બેઠક પરથી સાંસદ છે. તેઓ તમિલનાડુના જાણીતા બિઝનેસમેન પણ છે. ઈડીએ માહિતી આપી છે કે સાંસદ એસ જગતરક્ષકન, તેમના પરિવાર અને સંબંધિત ભારતીય સંસ્થાઓ સામે ફોરેન એક્સચેન્જ મેનેજમેન્ટ એક્ટ અને ફેમા હેઠળ તપાસ શરૂ કરવામાં આવી છે.

તપાસ બાદ, સાંસદ જગતરક્ષકન અને તેમના પરિવારના સભ્યોના નામે ફેમાની કલમ ૩૭અ હેઠળ ૧૧ સપ્ટેમ્બર, ૨૦૨૦ના રોજ જપ્તીનો આદેશ પસાર કરવામાં આવ્યો હતો. તેમની કિંમત ૮૯.૧૯ કરોડ રૂપિયા છે. આ પ્રોપર્ટી એટેચ કરવામાં આવી છે અને હવે સાંસદ પર ૯૦૮ કરોડ રૂપિયાનો દંડ પણ લગાવવામાં આવ્યો છે.

# અણુ શસ્ત્રો સાથે સજ્જ બીજી સબમરીન તરતું મુકતું ભારત

## અરિહંત સબમરીનનું અપગ્રેડેડ વર્ઝન આઈએનએસ અરીઘાટ નૌકાદળને સોપાયું

**અબતક, નવી દિલ્હી**

ભારતની બીજી પરમાણુ સબમરીન આઈએનએસ અરીઘાટ તૈયાર છે. તેને આજે એટલે કે ૨૯ ઓગસ્ટે ભારતીય નૌકાદળને સોંપવામાં આવી છે. અરિઘાટને ૨૦૧૭માં લોન્ચ કરવામાં આવી હતું. ત્યારથી તેનું પરીક્ષણ ચાલુ હતું. હવે આખરે તેને કાર્યરત કરવામાં આવશે.

અરિઘાટ એ આઈએનએસ અરિહંતનું અપગ્રેડેડ વર્ઝન છે. તે વિશાખાપટ્ટનમમાં ભારતીય નૌકાદળના જહાજ નિર્માણ કેન્દ્ર ખાતે બનાવવામાં આવ્યું હતું. અરિહંતની જેમ અરિઘાટ પણ ૭૫૦ કિમીની રેન્જ ધરાવતી કે-૧૫ મિસાઈલોથી સજ્જ હશે. આ સબમરીનનું વજન ૬ હજાર ટન (૬૦ હજાર ક્વિન્ટલ) છે.

ભારતીય નૌકાદળે અત્યાર સુધીમાં ૩ પરમાણુ સબમરીન તૈયાર કરી છે. તેમાંથી, એક અરિહંત કાર્યરત છે, બીજો અરિઘાટ પ્રાપ્ત થવાનો છે અને ત્રીજા જ૩ પર પરીક્ષણ ચાલી રહ્યું છે. આ સબમરીન દ્વારા દુશ્મન દેશો પર ન્યુક્લિયર મિસાઈલ છોડી શકાય છે. ૨૦૦૯ માં પ્રથમ વખત, આઈએનએસ અરિહંતને કારગિલ વિજય દિવસના અવસર પર ભૂતપૂર્વ વડા પ્રધાન મનમોહન સિંહની પત્ની દ્વારા પ્રતીકાત્મક રીતે લોન્ચ કરવામાં આવ્યું હતું. આ પછી તેને ૨૦૧૬માં નેવલ ફ્લીટમાં સામેલ કરવામાં આવ્યું હતું.




ભારતીય નેવીએ આગામી ૫ વર્ષમાં વધુ બે સબમરીન લોન્ચ કરી છે.

૨૦૦૯માં તેને લોન્ચ કરતા પહેલા ભારતે સબમરીનને દુનિયાથી છુપાવી હતી. ૧૯૯૦ માં, ભારત સરકારે એટીવી એટલે કે એડવાન્સ ટેક્નોલોજી વેસેલ પ્રોગ્રામ શરૂ કર્યો. તેના અંતર્ગત જ આ સબમરીનનું નિર્માણ શરૂ થયું હતું.

આઈએનએસ અરિઘાટ ૧૪ ઓક્ટોબર ૨૦૨૨ ના રોજ અરિહંતનું પરીક્ષણ કરવામાં આવ્યું હતું તે જ રીતે પાણીની અંદર મિસાઈલ હુમલા કરવામાં સક્ષમ છે. ત્યારબાદ અરિહંત તરફથી કે-૧૫ એસએલબીએમનું સફળતાપૂર્વક પરીક્ષણ કરવામાં આવ્યું હતું. આ સાથે ભારત અમેરિકા, રશિયા, બ્રિટન, ફ્રાન્સ અને ચીન સિવાય વિશ્વનો છઠ્ઠો પરમાણુ ત્રિપુટી દેશ બન્યો છે.

આ વાત આપણે ભારત અને પાકિસ્તાનના ઉદાહરણ પરથી સમજીએ છીએ. ધારો કે ભારત અને પાકિસ્તાન કાશ્મીર મુદ્દે યુદ્ધની તૈયારી શરૂ કરે છે. પરમાણુ શસ્ત્રોને બાજુ પર રાખીએ તો, લશ્કરી શક્તિની બાબતમાં ભારત પાકિસ્તાન કરતાં ઘણું આગળ છે. એટલે કે જો યુદ્ધ થાય તો ભારતની જીત નિશ્ચિત છે.

# સાયન્સ ઓલમ્પીયાડમાં ભારતે ડંકો વગાડ્યો

## ભારતમાંથી ૧૮ વિદ્યાર્થીઓએ લીધો ભાગઃ પાંચે ગોલ્ડ, ૧૨એ સિલ્વર અને એક વિદ્યાર્થીએ બ્રોન્ઝ જીત્યો

**અબતક, નવી દિલ્હી**

ભારતીય ટીમે ૧૭થી ૨૬ ઑગસ્ટ દરમિયાન બ્રાઝિલના રિયો ડી જાનેરોમાં આયોજિત ૧૭મી ઈન્ટરનેશનલ ઓલિમ્પિયાડ ઓન એસ્ટ્રોનોમી એન્ડ એસ્ટ્રોફિઝિક્સમાં એક ગોલ્ડ અને ચાર સિલ્વર મેડલ જીત્યા હતા. મેડલ ટેલીમાં ટીમ ૫૨ દેશોમાં આઠમા ક્રમે રહી હતી. જેમાં બેંગલુરુના દક્ષ તાયાલિયાએ ગોલ્ડ જીત્યો, જ્યારે પૂણેના વિદ્યાર્થીઓ આયુષ કુઠારી અને સાનિધ્યા



સરાફ અને હૈદરાબાદ અને બિહારના એક-એક વિદ્યાર્થીએ સિલ્વર મેડલ મેળવ્યો હતો.

ઓલિમ્પિયાડમાં ૨૩૦થી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ વર્ષે સિનિયર સાયન્સ ઓલિમ્પિયાડ્સમાં આ છેલ્લું હતું. ભારતમાંથી આ ઓલિમ્પિયાડ્સમાં ભાગ લેનારા ૧૮ વિદ્યાર્થીઓમાંથી પાંચે ગોલ્ડ, ૧૨એ સિલ્વર અને એક વિદ્યાર્થીએ બ્રોન્ઝ જીત્યો હતો. ભારત આગામી ઈન્ટરનેશનલ ઓલિમ્પિયાડ ઓન એસ્ટ્રોનોમી એન્ડ એસ્ટ્રોફિઝિક્સનું ઑગસ્ટ ૨૦૨૫માં મુંબઈમાં આયોજન કરશે, તેમજ આ કાર્યક્રમનું આયોજન વિજ્ઞાન શિક્ષણ માટે હોમી ભાભા સેન્ટર દ્વારા કરવામાં આવશે.

# કરાર આધારિત સ્પેશિયાલીસ્ટના વળતરમાં ૩૫ હજારનો ધરખમ વધારો

**અબતક ગાંધીનગર**

## તબીબોનું માસિક મહેનતાણું ૯૫,૦૦૦ રૂપિયાથી વધારીને ૧.૩૦ લાખ રૂપિયા કરાયું

ગુજરાત સરકારે બુધવારે સામુદાયિક આરોગ્ય કેન્દ્રો , પેટા-જિલ્લા અને જિલ્લા હોસ્પિટલોમાં કોન્ટ્રાક્ટ પર કામ કરતા નિષ્ણાત ડોકટરો માટે પગાર વધારાની જાહેરાત કરી છે. જેમાં કરાર આધારિત નિષ્ણાંત તબીબોના પગારમાં ૩૫ હજારનો ધરખમ વધારો કરવામાં આવ્યો છે.

સત્તાવાર નિવેદન અનુસાર, આ નિષ્ણાતો, જેઓ અન્ય જગ્યાએ પ્રેક્ટિસ નથી કરતા, તેમના માટે માસિક મહેનતાણું ૯૫,૦૦૦ રૂપિયાથી વધારીને ૧.૩૦ લાખ રૂપિયા કરવામાં આવ્યું છે.

વધુમાં, આ ડોકટરોને સર્જરી દીઠ રૂ. ૨૦૦ થી રૂ. ૩૦૦ સુધીની વધારાની ચુકવણી મળશે, તેવું નિવેદનમાં જણાવવામાં આવ્યું છે. એનેસ્થેટિસ્ટને દરેક પ્રક્રિયા માટે નિષ્ણાત ડોકટરોને આપવામાં આવતી વધારાની રકમના ૫૦% પ્રાપ્ત થશે.




અબતક ડ્રોન તસવીર
કરન વાડોલીયા

**અબતક, રાજકોટઃ** ગુજરાતમાં છેલ્લા ચાર દિવસથી અનરાધાર મેઘો વરસી રહ્યો છે. ત્રણ ત્રણ સાયકલોનિક સિસ્ટમ સક્રિય થઈ જવાને પગલે ભારે વરસાદ વરસી રહ્યો છે. જેના પગલે ગુજરાતમાં જળબંબાકાર જેવી સ્થિતિ ઉભી થઇ છે. રાજકોટમાં પણ ભારે વરસાદને પગલે સ્થિતિ ખરાબ જોવા મળી રહી છે. સતત ત્રણ દિવસથી વરસી રહેલા વરસાદને કારણે રાજકોટનો જીવાદોરી સમાન આજી ડેમ ૨૦ મી વખત ઓવરફ્લો થયો છે. ૨૯ ફૂટની સપાટીએ આજીડેમ ઓવરફ્લો થયો છે.શનિવારે મોડી રાત્રીના ૩ વાગ્યાથી વરસવાનું શરુ કરી દેતા બુધવાર સવાર સુધી અનરાધાર વરસી જતા રાજકોટની જીવાદોરી સમાન આજીડેમ ૬૭ વર્ષમાં ૨૦મી વખત ઓવરફ્લો થતા આજીએ ફરી એક વખત રાજકોટવાસીઓને રાજી કરી દીધા છે. જેના નયનરમ્ય દ્રશ્યો આવ્યા છે.રાજકોટ શહેરને પીવાનું પાણી પૂરું પાડતો આજી ડેમ છલકાતાં છેલ્લા ત્રણ દિવસથી ઘરમાં પૂરાયેલા લોકો નયનરમ્ય નજારો માણવા આજી ડેમ ઊમટી પડ્યા હતા. પરંતુ સુરક્ષાના લીધે ત્યાં બંદોબસ્તમાં મુકાયેલા પોલીસ સ્ટાફે લોકોને ત્યાંથી દૂર રાખ્યા હતા. ઘણા લોકોએ દૂરથી પણ ઓવરફ્લો થયેલા ડેમની મોજ માણી હતી.રાજકોટ શહેરની પાણીની જરૂરીયાતને પહોંચી વળવા માટે ગુજરાત સરકારે આ ડેમ આજી નદી ઉપર ઈ.સ. ૧૯૫૨ માં બનાવ્યો હતો. આ ડેમ આજી નદી ઉપર બનાવેલ હોવાથી તેનુ નામ આજી ડેમ રાખવામાં આવ્યું છે.

# સૌરાષ્ટ્રમાં વરસાદી હેલીમાં માનવતાના ઘોડાપુર

## કપરી ઘડીમાં મદદરૂપ થવા સેવાભાવી સંસ્થાના સ્વયંસેવકોએ રાત ઉજાગરા કરી સેવા યજ્ઞ ધમધમાવ્યો

**અબતક, રાજકોટ**
સૌરાષ્ટ્રભરમાં સાતમ આઠમના તહેવારો દરમ્યાન આવેલી વરસાદી હેલીથી સર્વત્ર જળબંબાકારની સ્થિતિ ઉભી થવાથી લોકમેળાનામેદાનોમાં નદીઓ વહી હોયતેમ નીચાણવાળાવિસ્તારોમાં પાણી ફરી વળ્યા હતા સૌરાષ્ટ્રમાં વરસાદી હેલી અને મુશ્કેલીઓ વચ્ચે માનવતાના ઘોડાપુર લાવીને સેવાભાવી સંસ્થાઓએ ઠેર ઠેર સેવા કાર્યકરી માનવતા મહેકાવી હતી.

### બોલબાલા ચેરીટેબલ ટ્રસ્ટની અતિવૃષ્ટિ સમયે નોંધનીય ભોજન સેવા



માનવ સેવા એજ પ્રભુ સેવા'' સુત્ર ને વરેલી બોલબાલા સંસ્થા દ્વારા વધુ એકવાર સમયોચીત સેવામાં અગ્રેસર રહી હતી. સાતમ-આઠમ-નોમ ના વરસાદ ની હેલી ને કારણે ઘણા લોકો બેઘર થયા હતા, સ્થળાતંર કરેલા હતા.

આ-સમયે આરએમસી/જીલ્લા વહીવટ તંત્ર/લોકમેળા સમીતી/ તથા સ્થાનીક આગેવાનો દ્વારા જયાં જયા પાણી ભરાયા હતા અને ડેમ ઓવરફલો ના કારણે ફેરબદલ કેટલા સ્થળો ઉપર ત્યાં બધી જ જગ્યા ૫૦ થી વધુ કાર્યકતાઓ ના સહયોગ થી બોલબાલા ટ્રસ્ટ ના ટ્રસ્ટી જયેશ ઉપાધ્યાય ના ૩૫નો સ્ટાફ સેવામાં રહી વહેલી સવાર થી મોડી રાત્રી સુધી જોડાયો હતો. આ સેવાયજ્ઞ માં જયા સુધી વરસાદ હશે ત્યાં સુધી બન્ને ટાઈમ નિયમીત ચાલુ રખાશે.

બોલબાલા કંટ્રોલ રૂમ રસોડાની મુલાકાતે ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા, આરએમસી પ્રોજેકટ ટીમ, કલેકટર, મામલતદારી, સરપંચઓ, કોર્પોરેટર, વિસ્તાર ના આગેવાનો ઓલ સેવા રૂપી સહયોગ માર્ગદર્શન આશીર્વાદ સાથે શુભેચ્છા પાઠવી હતી.

### નાથધામ હવેલી વીવાયઓ દ્વારા જરૂરિયાતમંદ પરિવારોને ૨,૦૦૦ ફૂડ પેકેટ્સનું વિતરણ



પ્રવર્તમાન ભારે વરસાદને કારણે ઉદભવેલી વિષમ પરિસ્થિતિને લઈને અસરગ્રસ્ત પરિવારોને મદદ કરવાની ભાવના સાથે ટ્ઢઘ સંસ્થાના સર્વાધ્યક્ષ વૈષ્ણવાચાર્ય વ્રજરાજકુમારજી દ્વારા દેશ વિદેશમાં કાર્યરત વીવાયઓ સંસ્થાના પરિવારોને કરાયેલ અપીલને ધ્યાનમાં લઈ વીવાયઓ નાથધામ હવેલી તેમજ વીવાયઓ શહેર કમિટી દ્વારા શહેરના રૈયાધાર અને લક્ષ્મીનગર વિસ્તારના જરૂરિયાત મંદ પરિવારોને ૨૦૦૦ ફૂડ પેકેટનું વિતરણ કરવામાં આવેલ હતું. તેમજ આગામી દિવસોમાં પણ વિતરણ ચાલુ રહેશે. ગુજરાત રાજ્ય ભરમાં અતિ વર્ષા ના કારણે ઉદ્દભવેલી વિષમ પરિસ્થિતિ ને લઈને અસરગ્રસ્તો માટે ૫ લાખ ફૂડ પેકેટ પુરા પાડવા નું ઉમદા કાર્ય ટ્ઢઘ સંસ્થા દ્વારા હાથ ધરવામાં આવ્યું છે.

### રેલવે ડીવીઝને ફસાયેલા મુસાફરોને જમાડયા



પશ્ચિમ રેલવેના રાજકોટ ડિવિઝન અને વડોદરા ડિવિઝનમાં ભારે વરસાદ અને પાણી ભરાવાને કારણે રાજકોટ ડિવિઝન ના ભીમરાણા-દ્વારકા-ગોરીંઝા સેકશનમાં ભારે વરસાદ અને પાણી ભરાવાને કારણે ઘણી ટ્રેનો ખંભાળિયા ખાતે શોર્ટ ટર્મિનેટ કરવામાં આવી હતી. આવી કપરી પરિસ્થિતિમાં મુસાફરોને મદદરૂપ થવા માટે રેલવે પ્રશાસન દ્વારા સ્થાનીય પ્રશાસન ની મદદ થી જયપુર-ઓખા એક્સપ્રેસ, ભાવનગર-ઓખા એક્સપ્રેસ અને મુંબઈ સેન્ટ્રલ-ઓખા સૌરાષ્ટ્ર મેલ ના મુસાફરો માટે કુલ ૧૫ બસોની વ્યવસ્થા કરવામાં આવી હતી જેમાં ખંભાળિયાથી ૯ અને દ્વારકાથી ૬ બસો દોડાવવામાં આવી હતી જેમાંથી ૧૦૧૦ જેટલા મુસાફરોને તેમના ગંતવ્ય સ્થાને લઈ જવામાં આવ્યા હતા. ઉપરાંત રેલવે પ્રશાસન દ્વારા ખંભાળિયા સ્ટેશન પર મુસાફરોને ફૂડ પેકેટ અને દ્વારકા સ્ટેશન પર મુસાફરોને ફ્રુટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

### મહાનગરપાલિકા દ્વારા સ્થળાંતરિત લોકો માટે ૩૫૬૫ ફૂડ પેકેટ્સનું વિતરણ

રાજકોટ શહેરમાં અતિ ભારે વરસાદને પગલે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા સાવચેતીના વિવિધ પગલાં લેવામાં આવી રહ્યા છે. જે અંતર્ગત લોકોનું રેનબસેરા અને સ્કૂલો ખાતે સ્થળાંતર કરવામાં આવેલ. સ્થળાંતરિત નાગરિકો માટે મધ્યાહન ભોજન કિચન અને સેવાકીય સંસ્થાઓ મારફત ફૂડ પેકેટ્સની વ્યવસ્થા, સ્વાસ્થ્ય ચકાસણીની વ્યવસ્થા, ધરાશાયી થયેલ વૃક્ષો રસ્તા પરથી દુર કરવા વગેરે સહીતની કામગીરી ફાયર એન્ડ ઈમરજન્સી શાખા તથા ટેકનિકલ શાખાઓ બાંધકામ, વોટર વર્કસ અને ડ્રેનેજ તેમજ વહીવટી વિભાગોના અધિકારીઓ/કર્મચારીઓ દ્વારા સતત કરવામાં આવી રહી છે.





મ્યુનિસિપલ કમિશનરશ્રી દેવાંગ દેસાઈ સહીતના અધિકારીશ્રીઓ અને કર્મચારીશ્રીઓ લોકોની જુદીજુદી ફરિયાદોના નિકાલ માટે સતત ફિલ્ડમાં રહ્યા. દરમિયાન રાજકોટનો આજી-૧ ડેમ આજે સતત બીજા દિવસે પણ ઓવરફલો થઈ રહ્યો હોઈ, નીચાણવાળા વિસ્તારોનાં લોકોની સલામતી માટે શાળાઓ અને રેનબસેરાની સુવિધા, ઉપરાંત સ્થળાંતરિત લોકોના સ્વાસ્થ્યની ચકાસણી માટે મેડિકલ સેવાઓ, ફૂડ પેકેટ્સનું વિતરણ વગેરે કામગીરી રાજકોટ મહાનગરપાલિકા દ્વારા કરવામાં આવી રહી છે. અસરગ્રસ્તો માટે રાજકોટ મહાનગરપાલિકાને (અનુ. આઠમા પાને)

### વરસતા વરસાદે આપા ગીગાના ઓટલા દ્વારા સ્લમ એરિયામાં ફૂડ પેકેટો, બિસ્કીટોનું વિતરણ



સાતમ આઠમના તહેવારો નિમિત્તે અતિવૃષ્ટિને પગલે લોકોનું જીવન જીવવું દુષ્કર બન્યું હતું. શહેર ભરની ઝૂંપડપટ્ટીઓમાં ઘરમાં પણ ગોઠણભેર પાણી ભરાયા હોય સતત વરસાદ અવિરત પણે ચાલુ હોય. લોકોના ઘરમાં ની ખાદ્ય સામગ્રી પણ પલળી ગઈ હોય તેવા સમયે વરસતા વરસાદે આપા ગીગાના ઓટલા ચોટીલા અને જીવરાજ ચેરીટેબલ ટ્રસ્ટ જીવરાજ ગ્રુપ દ્વારા શ્રી આપા ગીગાના ઓટલાના મહંત શ્રી નરેન્દ્ર બાપુ ગુરુ શ્રી જીવરાજ બાપુ (નરેન્દ્ર ભાઈ સોલંકી) દ્વારા શહેરની જાણીતી સામાજિક સંસ્થા લોક સંસદ વિચાર મંચ ના સહયોગથી શહેરની ઝૂંપડપટ્ટીઓમાં ફરસાણના ફૂડ પેકેટો અને બિસ્કીટોનું વિતરણ કરાયું હતું જેમાં સકકરપારા, ગુંદી, તીખા ગાઠીયા, મોરા ગાંઠિયા, સેવ સહિતના ફરસાણના ફૂડ પેકેટો આપવામાં આવ્યા હતા. જેમાં રાજકોટ શહેરના વોર્ડ નંબર ૭, ૧૪, ૧૭, ૧૮ના સ્લમ વિસ્તારો લલુડી વોકડી, જીલ્લા ગાર્ડન આસપાસ નો વિસ્તાર, નારાયણ (અનુ. આઠમા પાને)

### વરસતા વરસાદમાં પણ એનિમલ હેલ્પલાઈનની સેવાઓ યથાવત

#### દવા, ચણ, પાણી સહિત સારવારની વ્યવસ્થા કરાઈ





સતત અવિરત પડી રહેલા અનરાધાર વરસાદના કારણે માત્ર મનુષ્ય જ નહીં પરંતુ અબોલ જીવોની મુશ્કેલીઓમાં પણ વધારો જોવા મળી રહ્યો છે. કરુણા ફાઉન્ડેશન ટ્રસ્ટ, એનીમલ હેલ્પલાઈનની કર્મયોગી ટીમ દ્વારા હરહંમેશની જેમ જ ચાર દિવસમાં અસરગ્રસ્ત વિસ્તારમાંથી ૪૦૦ થી વધારે અબોલ જીવોનું રેસ્કયુ કરી સારવાર આપવામાં આવી હતી.

આ સાથે દરરોજ અબોલ પશુ, પક્ષીઓ માટે ચાલનાર અન્નક્ષેત્ર પણ શ્વાનો માટે દૂધ રોટલા, પક્ષીઓને ચણ વગેરે નિયમિતરૂપે તેમજ જરૂર પડ્યે વધારે માત્રામાં પણ ચાલુ રખાયું હતું જેથી પશુ, પક્ષીઓ ભૂખથી હેરાન ન થાય.

(અનુ. આઠમા પાને)

# ગોંડલ વેરીતળાવ, આશાપુરા તથા સેતુબંધ – મોતીસર ડેમ ઓવરફ્લો



**અબતક, જીતેન્દ્ર આચાર્ય,ગોંડલ**

ગોંડલ માં છેલ્લા ચાર દિવસ થી અવિરત વરસાદ વરસી રહ્યો છે.ભારે વરસાદ ને કારણે નદીમાં ઘોડાપુર આવ્યા હતા. ગોંડલની જીવાદોરી સમાન વેરીતળાવ ઓવરફ્લો થયુ છે.જેને પગલે આશાપુરા તથા સેતુબંધ ડેમ પણ ઓવરફ્લો થયા છે.ભારે વરસાદ ને કારણે નીચાણવાળા વિસ્તાર માં પાણી ભરાતા બસ્સો લોકોનું સ્થળાંતર કરાયુ છે.ભારે વરસાદ અને પવન નાં કારણે બે વૃક્ષો ધરાશઇ થયા હતા.સંગ્રામસિંહ હાઈસ્કૂલ નાં મેદાનમાં પાણી ભરાતા યોજાયેલ મેળો રદ કરાયો હતો.

# ધ્રોલમાં ૧૧ લોકોનું રેસ્કયુ



**અબતક, સંજય ડાંગર, ધ્રોલ**


ધ્રોલ ના નથુવડલા વડલા ગામે વાડી વિસ્તાર મા ઉંડ ૧ ના ૧૭ દરવાજા ખોલતા જોરદાર પાણીની આવક થતા સમગ્ર વિસ્તારમાં પાણી ભરી વળ્યા હતા જેને લઈને નથુવડલા ઉડ નંદીમા વિસ્તાર પાણી ફરી વળતા કુલ ૧૧ લોકો પાણી મા ફસાયા ગયા હતા.

તંત્ર અને સ્થાનિક લોકો દ્વારા તેમનુ રેસ્કયુ કરીને બહાર કાઢયા જેમા ૭૬ધારાસભ્ય મેઘજીભાઈ ચાવડા, ધ્રોલ મામલતદાર તન્વીબેન ત્રિવેદી, ટી.ડી.ઓ સોજીત્રા, તેમજ ગ્રામ પંચાયતના તલાટી મંત્રી સહિત કારોબારી અધ્યક્ષ પત્તી વિજય કાસુન્દ્રા સહિતના મોટી સંખ્યામા ગામના આગેવાનો સાથે રહી ૧૧ લોકોને બહાર કાઢ્યા



# દ્વારકા: ભારે વરસાદથી સર્વત્ર જળબંબાકાર





**અબતક, મહેન્દ્ર કકકડ, દ્વારકા**

દ્વારકામાં ભારે વરસાદના પગલે જળબંબાકારની સ્થિતિ સર્જાય હતી તંત્રએ જયા જરૂર પડી ત્યાં રેસ્કયુ કરવામાં આવ્યુ હતુ.

# ગીર ગઢડા પોલીસની તુલસીશ્યામ ખાતે સેવાકીય કામગીરીને સો-સો સલામ

**અબતક, મનુ કવાડ, ગીર ગઢડા**

ગીર ગઢડા તાલુકામાં આવેલા તુલસીશ્યામ તિર્થ ધામ એવા તુલશીશ્યામ મંદિર ખાતે ગીર ગઢડા પોલીસ સ્ટેશન ના જમાદાર ગોવિંદભાઈ સહિતના સ્ટાફ દ્વારા વ્રુધ્ધ માડી ને વર્ષો જુની માનતા પુર્ણ કરાવી હતી.

જાણવા મળતી વિગતો અનુસાર અંદાજીત ૭૦/૮૦ વર્ષ ના માજી મહિલાઓ સાથે શ્યામ સુંદર ભગવાન ના દર્શન કરવા તુલસીશ્યામ આવ્યા હતા પરંતુ તેમને ચાલવામાં તકલીફ ને હિસાબે તે શ્યામ ભગવાન ના પગથીયા (અનુ. આઠમા પાને)



## તુલશીશ્યામ ધામમાં ૮૦ વર્ષના માજીને પોલીસે વ્હીલચેરમાં કરાવ્યા દર્શન

# લીંબડીના જસમતપર ગામે NDRFની ટીમ ગ્રામજનોની વહારે

**અબતક, ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**



સુરેન્દ્રનગર જીલ્લામાં છેલ્લા ચાર દિવસથી પડી રહેલા અવિરત વરસાદને પગલે ગ્રામ્ય વિસ્તારોમાં રસ્તાઓ સહિત મુખ્યમાર્ગો પર પાણી ફરી વળતા અનેક ગામોને હાલાકી ભોગવવાનો વારો આવી રહ્યો છે ત્યારે પરિસ્થિતિને પહોંચી વળવા છેલ્લા ચાર દિવસથી જીલ્લામાં એન.ડી.આર.એફ.ની એક ટીમ તૈનાત કરવામાં આવી છે. જે લોકોને સલામત સ્થળે ખસેડવા તેમજ ભારે વરસાદમાં સાવચેત રહેવા સહિતની કામગીરી અને માર્ગદર્શન પુરૂ પાડી રહી છે ત્યારે લીંબડી તાલુકામાં પડેલ ભારે વરસાદને પગલે જસમતપર ગામ અન્ય વિસ્તારોનું સંપર્કવિહોણું બનતા ગ્રામજનો અને આગેવાનોએ આ અંગે તંત્રને જાણ કરી હતી આથી એન.ડી.આર.એફ.ની ટીમને જસમતપર ગામે રવાના કરવામાં આવી હતી અને સ્થળ પર પહોંચી ટીમ દ્વારા મુલાકાત લઈ પરિસ્થિતિનું નિરિક્ષણ કરવામાં આવ્યું હતું તેમજ ગ્રામજનો સાથે ચર્ચા વિચારણા કરી પરિસ્થિતિ અત્યંત વિકટ બને તો સંભવિત ઉપાયો અંગેની સમજણ આપવામાં આવી હતી.

આ તકે લીંબડી પ્રાંત અધિકારી, મામલતદાર, તાલુકા વિકાસ અધિકારી સહિતનાઓ ઉપસ્થિત રહ્યાં હતાં.


ગુજરાત સરકાર

પૂરની પરિસ્થિતિમાં બનીએ સભાન

## સલામત બનાવીએ આપણું જીવન

આપત્તિ વ્યવસ્થાપન એ જ સાચી સાવચેતી



### પૂરની સ્થિતિ પહેલાં

- અફવા ફેલાવશો નહિ, શાંત રહો, ગભરાશો નહીં
- સ્થાનિક વહીવટીતંત્રના સંપર્કમાં રહી તેમની સૂચનાઓનું પાલન કરો
- આસપાસમાં સૌથી નજીકના સલામત સ્થળે પહોંચવાનો સલામત માર્ગ જાણો
- હવામાન અને પૂરની ચેતવણીની અદ્યતન માહિતી માટે રેડિયો સાંભળો કે ટેલિવિઝન નિહાળો
- તમારા મોબાઈલ ફોનને ચાર્જ કરી રાખો
- સર્પદંશ અને ઝાડા ઊલટી માટેની વધારાની દવાઓ સાથેની પ્રાથમિક સારવાર કિટ તૈયાર રાખો
- છત્રી સાથે રાખો અને સાપ જેવા ઝેરી જીવજંતુથી બચવા લાકડીની વ્યવસ્થા રાખો
- શુદ્ધ પાણી, સૂકો ખાદ્યપદાર્થ, મીણબત્તી/દીવાસળીની પેટીઓ, કેરોસીન, ફાનસ, મજબૂત દોરડાં, ટોર્ચ સાથે વધારાના બેટરી સેલ હાથવગા રાખો
- પશુઓના બચાવ માટે તેમને ખૂંટાથી છૂટાં રાખો

### સ્થળાંતર કરવાનું થાય ત્યારે

- લોકો અને પશુઓ સલામત આશ્રય લઈ શકે તેવા ઊંચા સ્થળે સ્થળાંતર કરો
- ઘરને તાળું મારી બંધ કરો અને સૂચવેલા માર્ગે સલામત સ્થાને પહોંચો
- પૂરના પાણી ગટર દ્વારા ઘરમાં ન ઘૂસે તે માટે રેતીની કોથળીઓ મૂકી ગટર બંધ રાખો
- કપડાં, જરૂરી દવાઓ, કિંમતી ચીજવસ્તુઓ, અંગત દસ્તાવજો વગેરેને વોટરપ્રુફ પેકિંગમાં બાંધી સાથે રાખો
- ફર્નિચર, ઘર ઉપયોગી સાધનો વગેરેને પલંગ કે ટેબલ ઉપર ઊંચે મૂકી રાખો
- ઘર છોડતા પહેલાં વીજ પુરવઠો અને ગેસ સિલિન્ડર બંધ કરો
- અજાણ્યા અને ઊંડા પાણીમાં ઉતરવાનું ટાળો

### પૂર દરમિયાન

- ગટર અને પાણીના નિકાલ માર્ગોથી દૂર રહો
- વીજ કરંટથી બચવા વીજળીના થાંભલા અને જમીન પર પડેલાં વીજ વાયરોથી દૂર રહો
- ઉકાળેલું જ પાણી પીવો અથવા પાણીને જંતુમુક્ત કરી પીવો
- આસપાસની જગ્યાને જંતુમુક્ત રાખવા ચૂનો અને બ્લિચીંગ પાવડરનો છંટકાવ કરો
- બાળકોને ભૂખ્યાં ના રાખો
- તાજો રાંધેલો અને સૂકો ખોરાક ખાવ, ખોરાકને ઢાંકીને રાખો

### પૂર બાદ

- સ્થાનિક સત્તાધીશો અને આકસ્મિક સેવાઓ સાથે જોડાયેલાં કાર્યકરોની સલાહ ધ્યાનથી સાંભળી, તેનું પાલન કરો
- મેલેરિયાથી બચવા માટે મચ્છરદાનીનો ઉપયોગ કરો
- બાળકોને પૂરના પાણીમાં કે પૂરના પાણીની નજીક જવા દેશો નહીં
- તૂટેલાં વીજ થાંભલાઓ, ક્ષતિગ્રસ્ત પુલ-નાળાં, તૂટેલાં કાચ, ધારદાર ચીજવસ્તુઓ અને ભંગારથી સાવચેત રહો
- ક્ષતિગ્રસ્ત વીજ ઉપકરણોનો ઉપયોગ ટાળો, ઇલેક્ટ્રિશીયન પાસે ચેક કરાવ્યા બાદ જ આવા ઉપકરણોનો ઉપયોગ કરો
- પૂરના પાણીથી પલળેલો ખોરાક આરોગો નહીં
- આકસ્મિક સમયે રાહત અને બચાવ માટે અહીં દર્શાવેલા આપાતકાલિન કંટ્રોલ રૂમના ટેલિફોન નંબર ઉપર જાણ કરો

**આપાતકાલિન સંપર્ક (લેન્ડલાઈન ફોન માટે)* જિલ્લા કંટ્રોલ રૂમ - ૧૦૭૭ / રાજ્ય કંટ્રોલ રૂમ - ૧૦૭૦**

*મોબાઇલથી સંપર્ક કરવા માટે ડિસ્ટ્રીક્ટ કોડ જોડવો

## જવાબદાર બનો

તમારી અને તમારા આસપાસના લોકોની સુરક્ષા સુનિશ્ચિત કરો.

## વહીવટી તંત્રને સહકાર આપો

જેથી ભેગા મળી વહેલી તકે સમસ્યાઓનું સમાધાન થઈ શકે.

અદ્યતન અને વિશ્વસનીય માહિતી નીચેના સોશિયલ મીડિયા હેન્ડલ્સ પરથી મળી શકશે

@infogujarat | gujaratinformation.official | gujarat.information

## કળયુગી 'શ્રવણ'ના હાથે લોહીના સંબંધની હત્યા

# માતાને મોતને ઘાટ ઉતારી કપાતર પુત્રે સોશિયલ મીડિયામાં પોસ્ટ મૂકી

## છેલ્લા ૧૨ વર્ષથી માનસિક બીમાર જ્યોતિબેનને ગળેટુંપો દઈ પુત્ર નિલેષ યુનિવર્સીટી પોલીસ સમક્ષ હાજર

**અબતક, રાજકોટ**

રાજકોટમાં શહેરમાં સમાજ વ્યવસ્થા પર સવાલ ઉઠાવતો કિસ્સો સામે આવ્યો છે. કળયુગી શ્રવણના હાથે લોહીના સંબંધની હત્યા કરવામાં આવી છે. જનેતાની કરપીણ હત્યા નીપજાવી પુત્રએ સોશિયલ મીડિયા પર માતાને મોતને ઘાટ ઉતારી દીધાની પોસ્ટ મૂકી દીધા બાદ પોતે જ પોલીસ સમક્ષ હાજર થયાંનો બનાવ સામે આવતા ખળભળાટ મચી જવા પામ્યો છે.



પ્રાપ્ત વિગત અનુસાર શહેરના ભગતસિંહ ગાર્ડણ પાછળ આવેલ આરએમસી ક્વાર્ટરના બ્લોક નંબર ૧૦૩માં નીલેષ જસવંતગીરી ગોસ્વામી તેની માતા જ્યોતિબેન જસવંતગીરી ગોસાઈ(ઉ.વ.૪૬) સાથે રહેતો હતો. માતા જ્યોતિબેન છેલ્લા ૧૨ વર્ષથી માનસિક બીમારીથી પીડાતા હતા. પુત્ર નિલેષ જ માતાની સારસંભાળ રાખતો હતો તેવું પણ સ્થાનિકોએ જણાવ્યું છે.

ત્યારે આજે સવારે પુત્ર નિલેષે જનેતા જ્યોતિબેનને દુપટ્ટાં વડે ગળેટુંપો દઈ મોતને ઘાટ ઉતારી દીધા હતા. માતાની નિર્મમ હત્યા નીપજાવ્યા બાદ કપાતર પુત્રે સોશિયલ મીડિયામાં એક પોસ્ટ મૂકી હતી. જેમાં તેણે અંગ્રેજીમાં લખ્યું હતું કે, 'મેં મારી માતાને મોતને ઘાટ ઉતારી દીધી છે. હું જીવન હારી ગયો છું, મમ્મી મને માફ કરજે, ઓમ શાંતિ, હું સદાય તને યાદ કરીશ.'

સોશિયલ મીડિયામાં માતા સાથેનો ફોટો મૂકીને પુત્ર નિલેષ પોતે જ યુનિવર્સીટી પોલીસ મથક સમક્ષ હાજર થઈ ગયો હતો અને પોતે જનેતાની હત્યા નીપજાવી દીધાનું જણાવ્યું હતું. માતાનો મૃતદેહ હજુ પણ મકાન ખાતે પડેલો છે તેવું જણાવતા કપાતર પુત્રને કસ્ટડીમાં લઈ યુનિવર્સીટી પોલીસના પીએસઆઈ બોદર સહિતના ઘટનાસ્થળે દોડી ગયા હતા. જ્યાં જ્યોતિબેન ગોસાઈનો મૃતદેહ નીચે પડેલો જોવા મળ્યો હતો. પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડ્યો હતો.

બીજી બાજુ પોલીસે કપાતર પુત્રને કસ્ટડીમાં લઈ હત્યા સહીતની કલમો હેઠળ ગુનો નોંધી હત્યા કરવા પાછળનું સચોટ કારણ જાણવા તજવીજ હાથ ધરી છે.

### નિલેષે સોશિયલ મીડિયામાં મુકેલી પોસ્ટમાં શું લખ્યું?

નિલેષે માતાની હત્યા નીપજાવ્યા બાદ સોશિયલ મીડિયામાં એક પોસ્ટ મૂકી હતી. જે પોસ્ટમાં નિલેષે અંગ્રેજીમાં કરેલું લખાણ અહીં શબ્દસહ રજૂ કરવામાં આવ્યું છે. 'આઈ એમ કિલ ટુ માઈ મોમ, લોસ માઈ લાઈફ, સોરી મોમ, ૐ શાંતિ, મીસ યુ મોમ'.

## ચાલુ વરસાદે પરિવારની નીંદરને ખલેલ પહોંચાડ્યા વગર

# ન્યુ રામેશ્વર સોસાયટીમાં તસ્કરોના પરોણા, રૂ.૫.૮૫ લાખની ચોરી

## ભક્તિનગર પોલીસ અને ક્રાઈમ બ્રાન્ચે સીસીટીવી ફુટેજના આધારે તસ્કરોનું પગેરૂ દબાવ્યું

**અબતક, રાજકોટ**

શહેરના વિરાટનગર મેઈન રોડ પરની ન્યૂ રામેશ્વર સોસાયટી શેરી નં. ૩માં મકાનમાં બે દિવસ પહેલા રાત્રે વરસતા વરસાદમાં તસ્કરો પરિવારના સભ્યો પહેલા માળે સૂતા હતા ત્યારે તેમની નિંદરમાં ખલેલ પાડયા વગર નીચેના માળે આવેલા રૂમના કબાટને તોડી તસ્કરો એ રૂ. ૫.૮૫ લાખની ચોરી કરી ગયા હતા. બાઈક પર બાળક સાથે આવેલા બે તસ્કરો માત્ર ગણતરીની મિનિટમાં જ ચોરી કરી પલાયન થઈ ગયા હતાં. ભક્તિનગર પોલીસે સીસીટીવી કેમેરાના આધારે તસ્કરોનું પગેરુ દબાવ્યું છે. વધુ વિગત મુજબ શહેરના વિરાટનગર મેઈન રોડ પરની ન્યૂ રામેશ્વર સોસાયટી શેરી નં. ૩માં રહેતા અને ટ્રેક્ટરના શો રૂમમાં મેનેજર તરીકે નોકરી દર્શનભાઈ ભાવેશભાઈ જાદવ ના ગઈ તા. ૨૫ જુલાઈના રોજ તેના પિતા ભાવેશભાઈનું અવસાન થયું હતું. તેનો નાનોભાઈ આકાશની બે વર્ષ પહેલા સગાઈ થઈ હતી. ગઈકાલે રાત્રે તે પરિવારના સભ્યો સાથે ઉપરના માળે રૂમમાં સૂતો હતો. વહેલી સવારે તેના નાના ભાઈ આકાશે કોલ કરી નીચે આવવાનું કહ્યું હતું. જેથી નીચે આવતા આકાશે કહ્યું કે રાત્રે ૧૧-૩૦ વાગ્યે તે મેઈન દરવાજાને તાળું મારીને મિત્રના ઘરે ગયો હતો. ત્યાંથી બધા મિત્રો જામનગર રોડ પરની રેસ્ટોરન્ટમાં ગયા હતાં. જ્યાંથી ગોંડલ રોડ પરની રેસ્ટોરન્ટ આવ્યા હતાં. નાસ્તો કરી વહેલી સવારે ૪.૫૦ વાગ્યે ઘરે પહોંચ્યો ત્યારે મેઈન દરવાજાને જે તાળું માર્યું હતું તે દેખાયું ન હતું. આંકડીયો ખોલીને અંદર આવી માતાને તાળુ ક્યા ગયું તે બાબતે પૂછતાં માતા પણ નીચે ત્યાર પછી નીચેના રસોડામાં જવાના દરવાજાનો આંકડીયો ખોલી જોતાં અંદર તિજોરીનું ખાનું તૂટેલું હતું. પ્લાસ્ટિકની ડબી અને પાકીટમાં રાખેલા સોના-ચાંદીના દાગીના અને રોકડ રકમ ગાયબ હતી. તસ્કરો કુલ ૮ તોલા સોનાના દાગીના, ૧૬૦૦ ગ્રામ ચાંદીના દાગીના અને રોકડા રૂા. ૩૦ હજાર ચોરી ગયા હતાં. જેથી પાડોશમાં રહેતા હીરલબેન કડિયાને ત્યાં લગાડેલા સીસીટીવી કેમેરા ચેક કરતા બાઈક પર ત્રણ વ્યક્તિ દેખાયા હતાં. જે શેરીના ખૂણા પાસેથી પાછા જતાં જોવામાં આવ્યા હતા. એકાદ મિનિટ બાદ બાઈક રાખી, ચાલીને આવી, તેના મકાનના મેઈન દરવાજામાં સળિયા જેવા હથિયાર વડે તાળુ તોડી અંદર જતા દેખાયા હતાં. ચોરી કર્યો બાદ ૧૬ મિનિટ પછી એટલે કે ૧૨.૪૯ વાગ્યે મકાનની બહાર નીકળતા દેખાયા હતાં. ત્રણ વ્યક્તિમાંથી એક નાનુ બાળક હોય તેમ જણાયું હતું. ચોરી થઈ ત્યારે વરસાદ વરસી રહ્યો હતો. પરિણામે તસ્કરોના ચહેરા સીસીટીવી કેમેરામાં સ્પષ્ટ દેખાતા નથી. આમ છતાં બીજા કેમેરાની મદદથી તસ્કરોની ઓળખ મેળવવા માટે ભક્તિનગર પોલીસ દ્વારા પ્રયાસો કરવામાં આવી રહ્યાં છે. ક્રાઈમ બ્રાંચની ટીમો પણ ચોરીનો ભેદ ઉકેલવા કામે લાગી છે.

# રેલ્વેની ત્રણ પરિયોજના થી ૧૩૦૦ ગામડાઓને મળશે "કનેક્ટિવિટી" સાથે રોજગારી

## ચાર રાજ્યોની રેલ સુવિધા સુદ્રઢ બનાવવા ૬૪ ૫૬ કરોડ ખર્ચી ૨૦૨૯ સુધીમાં પરિયોજના પૂરી કરવાનું લક્ષ્ય

**અબતક રાજકોટ**

દેશભરમાં રેલ સુવિધા અને નેટવર્ક સુદ્રઢ બનાવવા માટે સરકારે કમર કસી છે,

મંત્રી મંડળે રેલવેમાં બે નવી લાઈન અને એક મલ્ટી ટ્રેકિંગ પ્રોજેક્ટ ને કનેક્ટિવિટી પ્રદાન કરવા માટે ત્રણ પરિયોજનાઓને આગળ ધપાવી છે, ૬,૪૫૬ કરોડના ખર્ચે થનારી આ પરિયોજના ૨૦૨૯ સુધીમાં પૂર્ણ કરવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે.

ઓરિસ્સા, ઝારખંડ ,પશ્ચિમ બંગાળ, છત્તીસગઢ ના ચાર રાજ્યોમાં બે નવી લાઈન અને મલ્ટી ટ્રેકિંગ પ્રોજેક્ટ થી ૧૧૪ લાખ માનવ દિવસ ની રોજગારી અને સંપર્ક વિહોણા વિસ્તારોની જોડીને પરિવહન નેટવર્કમાં વધારો કરી માલ પરિવહન સુદ્રઢ બનાવીને પુરવઠા સંકલન સુવ્યવસ્થિત કરી આર્થિક વૃદ્ધિને વેગ અપાશે.

ભારતીય રેલવે માટે કાર્યક્ષમતા અને સેવાની વિશ્વસનીયતા વધારતા આ પ્રોજેક્ટ થી રેલવે ની કાર્યક્ષમતા સુધરશે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નવા ભારતના વિઝનને અનુરૂપ આ પરિયોજનાઓ વિકાસની સાથે સાથે પર્યાવરણ જતન માટે પણ બનશે મોડેલ કનેક્ટિવિટી માટે પીએમ ગતિ શકિત નેશનલ માસ્ટર પ્લાન સંકલિત યોજના માં ચીજ વસ્તુઓને લોકોની મુસાફરીમાં સરળતા આવશે.

ઓરિસ્સા ઝારખંડ પશ્ચિમ બંગાળ છત્તીસગઢ સહિતના રાજ્યોમાં સાત જિલ્લાઓને આવરી લેતી ત્રણ યોજનાઓમાં ૩૦૦ કિલો મીટર નું નેટવર્ક વધશે ૧૪ નવા સ્ટેશનો નુંઆપાડા અને પૂર્વસિંહ ભૂમિ ની કનેક્ટિવિટી વધશે.

વિવિધ પ્રોજેક્ટોમાં ૧૩૦૦ ગામડાઓ અને ૧૧લાખની વસ્તી ને આ યોજનાઓનો લાભ મળશે અને ૧૯ લાખની વસ્તી ને ટ્રેનની કનેક્ટિવિટી સુવિધા વચ્ચે કૃષિ પેદાશો ખાતર કોલસા લોખંડની કાચી ધાતુઓ સ્થિર સિમેન્ટ ચૂનાના પથ્થરના પરિવહન માટે આ ત્રણેય ટ્રેક વર્ષે ૪૫ મિલિયન ટન નો પરિવહન કરશે ઈલેક્ટ્રોનિક ટ્રેનથી કાર્બન કાર્બન ડાયોક્સાઈડ ઉત્સર્જન ઘટશે અને ૧૦ કરોડ લિટર ડીઝલ બચશે અને તેની આયાત ઘટશે આ ટ્રેક પર જે ટ્રેનોનું પરિવહન થશે તેનાથી ૨૪૦ કરોડ કિલ્લો કાર્બન ડાયોક્સાઈડ ઉત્સર્જન ઘટશે જે ૯.૭ કરોડ વૃક્ષો નું કામ કરશે

# ભારે વરસાદના પગલે વિશ્વ પ્રસિધ્ધ તરણેતરનો મેળો રદ


## તરણેતર ગ્રામ પંચાયત દ્વારા વિશ્વ પ્રસિધ્ધ મેળો રદ્દ કરવાના ઠરાવ: ભારે વરસાદની પરિસ્થિતિના કારણે સરકારની એસઓપીનું પાલન થઈ શકે તેમ ન હોવાની રજુઆત

**અબતક, ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

સુરેન્દ્રનગર, વઢવાણ અને ધ્રાંગધ્રા ખાતે ભારે વરસાદને પગલે જન્માષ્ટમીના પરંપરાગત લોકમેળા તમામ દિવસો માટે રદ્દ કરવામાં આવતાં મેળા આયોજકો સહિતના છુટક વેપારીઓને નુકશાની ભોગવવાનો વારો આવ્યો છે ત્યારે હવે થાનના તરણેતર ખાતે ગ્રામ પંચાયત દ્વારા આયોજીત વિશ્વપ્રસિધ્ધ તરણેતરનો ભાતીગળ લોકમેળો પણ રદ કરવામાં આવે તેવો ગ્રામપંચાયત દ્વારા ઠરાવ કરી જીલ્લા કલેકટરને રજુઆત કરવામાં આવી હતી.

સુરેન્દ્રનગર જીલ્લાના થાન તાલુકામાં તાજેતરમાં પડેલ ભારે વરસાદને પગલે તરણેતર ગામનું તળાવ, ડેમ, નદી-નાળા ઓવરફ્લો થઈ ગયા છે તેમજ તરણેતર ગામને જોડતા તમામ રસ્તાઓ હાલની સ્થિતિ મુજબ ઉપરવાસમાં સામાન્ય વરસાદ પડેતો પણ સંપૂર્ણ બંધ થઈ જવાની શક્યતાઓ રહેલી છે જેના કારણે તરણેતરના લોકમેળામાં આવનાર તમામ લોકોને મુશ્કેલી પડી શકે છે અને આસ્મીક આફત સર્જાય તેમ લાગી રહ્યું છે ત્યારે આગામી તા.૦૬ સપ્ટેમ્બરથી ૦૯ સપ્ટેમ્બર સુધી યોજાનાર તરણેતરનો લોકમેળો ગ્રામ પંચાયત પોતાના હસ્તક યોજવા ન માંગતી હોવાના ઠરાવ સાથે જીલ્લા કલેકટરને રજુઆત કરવામાં આવી છે. તેમજ સરકારના નવા અને કડક મેળાને લગતી ગાઈડલાઈનનું તરણેતર ગ્રામ પંચાયત ભારે વરસાદ અને વાવાઝોડાના કારણે ચુસ્તપણે પાલન કરાવી શકે તેમ નહિં હોવાથી અકસ્માત કે દુર્ઘટના થવાની શક્યતાઓ સેવાઈ રહી છે તેવી પણ રજુઆત સાથે તરણેતરનો મેળો રદ્દ કરવામાં આવ્યાની જાહેરાત કરી હતી.





## પૂ.ધીરગુરૂદેવની નિશ્રામાં

# શાસનપ્રગતિ કમાણી જૈન ભવન ઉદ્ઘાટન વિશેષાંકની વિમોચન વિધિ




**અબતક,રાજકોટ**

શ્રી વર્ધમાન વૈયાવચ્ચ કેન્દ્ર ટ્રસ્ટ રાજકોટના ઉપક્રમે છેલ્લા ૩૭ વર્ષથી પ્રકાશીત શાસનપ્રગતિ માસિકનો કમાણી જૈન ભવન ઉદઘાટન વિશેષાંકની વિમોચન વિધિ સર્વ પ્રફુલભાઈ મોદી, અશોકભાઈ તુરખીયા, મનુભાઈ શાહ, ભાવેશ દામાણી, જયેશ લાઠીયા, દીપકભાઈ પારેખના હસ્તે કરવામાં આવેલ. પર્યુષણ પર્વ પ્રસંગે ૧૦૦૦નું ડીસ્કાઉન્ટ હોવાથી માત્ર ૧૦૦૦માં આજીવન સભ્ય બની શકાશે વધુ વિગત માટે મો. ૯૯૭૯૨૩૨૩૫૭નો સંપર્ક કરવો.

# પશુઓ માટે પુરતા ઘાસચારાની મંત્રી રાઘવજી પટેલ સમક્ષ કરૂણા ફાઉન્ડેશનની રજૂઆત

## તમામ ગૌ-શાળામાં ખાણ-દાણ દવાઓની વ્યવસ્થા કરવા માંગ

**અબતક,રાજકોટ**

કૃષિ મંત્રી, પશુ પાલન મંત્રી રાઘવજીભાઈ પટેલ ને અતિવૃષ્ટિ ને લઈને પશુઓ માટે તાત્કાલિક ધોરણે ઘાસચારો ખાણદાણ દવાઓ આપવા બાબત ગુજરાતની તમામ ગૌશાળા પાંજરાપોળ ને વિશેષ પેકેજ આપવા કરુણા ફાઉન્ડેશન ટ્રસ્ટ (એનિમલ હેલ્પલાઈન,રાજકોટ) દ્વારા રૂબરૂ મળી રજૂઆત કરાઈ હતી.



અત્રે ઉલ્લેખનીય છે કે, હાલમાં સમગ્ર ગુજરાતની અંદર ભારે થી અતિ ભારે વરસાદ વરસી રહ્યો છે અને ભયંકર પૂરનીં પરિસ્થિતિ સર્જાણી છે ત્યારે ઘણી જગ્યાએ પશુપાલકોએ,ગૌશાળા,પાંજરાપોળ દ્વારા સંઘરેલો ઘાસચારો ખાણદાણ પલળી ગયેલ છે અથવા તો પુર ના પાણીમા તણાઈ ગયેલ છે

જો સમયસર આ મૂંગા પશુઓને ઘાસચારો ખોરાક અને દવાઓના મળે તો મોટા પાયે મૂંગા પશુધનના મોત નીપજે તેમ છે અને પશુપાલકો ખૂબ મોટી વિકટ પરિસ્થિતિમાં મુકાઈ જાય તેવી પરિસ્થિતિનું નિર્માણ થયેલ છે જેથી ગુજરાત સરકારે તાત્કાલિક ધોરણે દરેક જિલ્લામાં જ્યાં જ્યાં પૂરના પાણી ફરી વળ્યા છે ત્યાં તાત્કાલિક ધોરણે ઘાસચારો ખાણ દાણ, દવાઓ ના ડેપો ખોલી તાત્કાલિક ધોરણે આ બાબતે કાર્યવાહી કરવામાં આવે અને જો મૂંગા પશુઓ માટે તાત્કાલિક ધોરણે ઉપરોક્ત વ્યવસ્થા ઉભી નહીં કરવામાં આવે તો ભૂખમરાથી અને રોગ ચાળા થી મોટી સંખ્યામાં મૂંગા પશુધનના મોત નીપજે તેવી પરિસ્થિતિનું નિર્માણ થઈ શકે છે,

ગુજરાતની તમામ ગૌશાળા-પાંજરાપોળોને વિશેષ પેકેજ આપવા બાબતે રૂબરૂ મળી કરુણા ફાઉન્ડેશન ટ્રસ્ટ દ્વારા રૂબરૂ મળી રજૂઆત કરાઈ હતી.

# ઋતુજન્ય રોગચાળાએ યુવકનો ભોગ લીધો

## અમદાવાદથી જન્માષ્ટમીની રજાઓ માણવા ઘરે આવેલા યુવાનને લોહીની ઉલ્ટી થયા બાદ સારવારમાં દમ તોડયો

**અબતક, રાજકોટ**

વરસાદી માહોલને પગલે શહેરમાં ઠેર ઠેર કાદવ કીચડ અને ગંદકી વધી છે.જેનાથી મેલેરિયા,ડેન્ગ્યુ અને ચિકનગુનિયા જેવા રોગોમાં વધારો થયો છે.ત્યારે એવો જ એક બનાવ સામે આવ્યો છે,શહેરના રેલનગર વિસ્તારમાં કર્ણાવતી સ્કૂલ પાસે રહેતા યુવકને તાવ આવ્યા બાદ ખાનગી ક્લિનિકમાં બાટલા ચડાવવામાં આવ્યા,બાદમાં લોહીની ઉલ્ટી થતા તેને સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો,જ્યાં સારવારમાં મોત નીપજતાં પરિવારમાં ઘેરો શોક છવાયો છે,જ્યારે કાલાવડ રોડ પર કોસ્મોપ્લસ સિનેમાની પાછળ રહેતા ઉં.૮ માસ નામના બાળકનું બીમારી સબળ મોત નિપજ્યું હતું.પોલીસે વિશેષ તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર,શહેરના રેલનગર વિસ્તારમાં કર્ણાવતી સ્કૂલ પાસે રહેતા યશભાઈ પ્રફુલભાઈ ખખ્ખર (ઉં.વ.૨૪) નામના યુવકને તાવમાં સપડાયાં બાદ સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો જ્યાં સારવારમાં મોત નિપજતા પરિવારમાં શોકનું મોજુ ફરી વળ્યુ છે.પોલીસની પ્રાથમિક તપાસમાં યુવકને તાવ આવ્યા બાદ ખાનગી કિલનિકમાં બાટલા ચડાવવામાં આવ્યા,બાદમાં લોહીની ઉલ્ટી થતા તેને સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો,જ્યાં સારવારમાં મોત નીપજતાં પરિવારમાં ઘેરો શોક છવાયો છે.બનાવ અંગે હોસ્પિટલ ચોકીના સ્ટાફે પ્ર.નગર પોલીસને જાણ કરતા પોલીસે હોસ્પિટલ પહોંચી જરૂરી કાગળો કરી ધોરણસરની તપાસ હાથ ધરી છે.યુવક અમદાવાદની ખાનગી કંપનીમાં કમ્પ્યુટર વર્ક કરતો હતો,અને રજાઓ માણવા રાજકોટ ઘરે આવ્યો હતો.મૃતક અપરણિત અને ને ભાઈઓમાં મોટો હતો.બનાવથી પરિવારમાં શોકનું મોજુ ફરી વળ્યુ છે.

જ્યારે અન્ય બનાવમાં પ્રાપ્ત માહિતી મુજબ,કાલાવડ રોડ પર કોસ્મોપ્લસ સિનેમાની પાછળ રહેતા રાહુલભાઈ પરમારના પુત્ર હેપ્પી (ઉં.૮ માસ) નામના બાળકનું બીમારી સબળ મોત નિપજ્યું હતું.બનાવથી પરિવારમાં ઘેરો શોક છવાઈ જવા પામ્યો છે.

બનાવ અંગે યુનિવર્સિટી પોલીસને જાણ થતાં હેડ કોન્સ્ટેબલ વિરેન્દ્રસિંહ ઝાલા સહિતના સ્ટાફે સ્થળે પહોંચી જરૂરી કાગળો કરી તપાસ હાથ ધરી છે.

# રાજકોટ જિલ્લા પંચાયતના તત્કાલીન ઈજનેરને લાંચના ગુનામાં ત્રણ વર્ષની જેલ

## કોન્ટ્રાક્ટર પાસેથી ૫૦૦૦ની લાંચ લેનાર ઈજનેરને ૭૨ વર્ષની વયે સજા ઉપરાંત એક લાખ દંડ

**અબતક, રાજકોટ**



રાજકોટ જિલ્લા પંચાયત હસ્તક તળાવ ઊંડા ઉતારવાના કામના બિલ મંજૂર કરવા ૨૦૧૦ની સાલમાં રૂ. ૫,૦૦૦ની લાંચ લેવાના ૧૪ વર્ષ પહેલાના કેસમાં સ્પેશિયલ કોર્ટ જજ એસ.વી. શર્માએ તત્કાલીન અધિક મદદનીશ ઈજનેર ભરત નાગરભાઈ કાછડીયા (હાલ ઉ.વ.૭૨)ને તકસીરવાર ઠરાવી ત્રણ વર્ષની કેદ અને રૂપિયા એક લાખ દંડનો હુકમ કર્યો છે. આ કેસની હકીકત એવા પ્રકારની છે કે, કોન્ટ્રાક્ટર લક્ષ્મણભાઈ મોહનભાઈ સિંધવે વર્ષ ૨૦૧૦માં પાડાસણ અને મેસવાડા ગામના તળાવો ઉંડા કરવાનું પુર્ણ કર્યું હતું, આ ટેન્ડરનું કુલ કામ રૂ. ૧૮.૪૨ લાખ પૈકી બાકી રકમ રૂ. ૨.૫૦ લાખ ચુકવવા જિલ્લા પંચાયત સિંચાઈ વિભાગના સેક્શન ઓફિસર ભરત નાગરભાઈ કાછડીયા અને તેના સહકર્મી પરસોંડાએ રૂપિયા દસ -દસ હજારની લાંચની માંગી હતી. આથી કોન્ટ્રાક્ટર લક્ષ્મણભાઈએ તા. ૩૦/૦૬/૨૦૧૦ના રોજ એ.સી.બી. પો.સ્ટે.માં ફરિયાદ નોંધાવી હતી, જે મુજબ પ્રથમ હપ્તાના રૂપિયા પાંચ-પાંચ હજાર ચુકવવાના હતા. તેમાં ટ્રેપની કાર્યવાહી દરમ્યાન જિલ્લા પંચાયત કચેરીમાં કર્મચારી પરસોંડા હાજર ન હતા. લાંચની રકમ રૂ. પાંચ પાંચ હજારના બંને બંડલો એસ.ઓ. ભરત નાગરભાઈ કાછડીયાને આપી દીધેલ હતા. આ રકમ સ્વીકારતા એ.સી.બી. પી.આઈ. કે.બી. ઝાલાએ ભરત કાછડીયાને રંગે હાથ પકડી લીધેલ હતા. એસીબી દ્વારા ધોરણસરની કાર્યવાહી બાદ આરોપી સામેનો કેસ સ્પેશિયલ એસીબી કોર્ટમાં પુરાવા પર આવતા ટ્રાયલ દરમ્યાન આરોપી વતી બચાવ લેવામાં આવેલ હતો કે 'સોગંદ ઉપરની જુબાની દરમ્યાન ફરિયાદી હોસ્ટાઈલ જાહેર થયેલ છે અને તેઓએ સોગંદ ઉપર જણાવેલ છે કે આરોપી ભરતભાઈએ લાંચની માંગણી કરેલ ન હતી, પરંતુ તેઓએ પરસોંડાભાઈ વતી રકમ સ્વીકારેલ હતી' આથી રજુઆત કરવામાં આવેલ કે કાયદાની જોગવાઈ મુજબ જયારે લાંચની કોઈ માંગણી સાબિત થતી ન હોય ત્યારે આરોપીને તકસીરવાર ઠરાવી શકાય નહી.

આ સામે સરકાર તરફે જિલ્લા સરકારી વકીલ એસ.કે.વોરાએ રજુઆત કરતા જણાવેલ હતું કે, "ફરીયાદી જયારે આરોપીને બચાવવા માટે લાંચની માંગણી અંગે સોગંદ ઉપર ફરીયાદની હકીકતથી વિરુધ્ધ ખોટી જુબાની આપે ત્યારે આરોપી પ્રોસીક્યુશનના સાહેદોને ફોડી નાંખે છે તેમ સાબિત થાય છે." સરકાર તરફેની આ રજુઆતોને ધ્યાનમાં લઈ ખાસ અદાલતના જજ એસ.વી. શર્માએ આરોપી ભરત નાગરભાઈ કાછડીયાને ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ હેઠળ તકસીરવાર ઠરાવી છ આરોપીને સજાની માત્રા અંગે સાંભળતા તેઓની ૭૨ વર્ષની ઉંમરને ધ્યાનમાં લઈ અદાલતે ૩ વર્ષની સખ્ત કેદની સજા અને રૂ. ૧ લાખનો દંડ ફરમાવેલ છે. આ કેસમાં સરકાર તરફે જિલ્લા સરકારી વકીલ સંજયભાઈ કે. વોરા રોકાયા હતા.

વરસાદનો અનેરો ઈતિહાસઃ રાજકોટમાં ૧૯૮૭માં સૌથી ઓછો સાડા સાત ઈંચઃ ૨૦૧૯માં સૌથી વધુ ૬૧ ઈંચ વરસાદ

# ૨૧મી સદીમાં દુષ્કાળ ભૂતકાળ બની ગયોઃ ચાલુ સિઝનનો વરસાદ ૫૦ ઈંચને આંબુ આંબુ

## બે દિવસ રેડ એલર્ટની આગાહીને પગલે શહેરમાં વરસાદ યથાવતઃ સતત ચોથા દિવસે રાજકોટના લોકોને ધરાર ઘરમાં પૂરાઈ રહેવું પડ્યું, અનેક સ્થળે નુકસાની પણ થઈ






**અબતક, રાજકોટ**

રાજકોટ શહેરમાં સતત પાંચ દિવસથી વરસાદ પડી રહ્યો છે. ડીપ ડિપ્રેશનને કારણે ૨૯ તારીખ સુધી રેડ એલર્ટ અપાયું છે. ૨૭મીએ અનરાધાર વરસાદ પડ્યા બાદ રાતથી વરસાદે વિરામ લીધો હતો. બુધવારે બપોર સુધી માત્ર છાંટા પડ્યા હતા. બપોરે ૧૨ કલાકે વરસાદ શરૂ થયો હતો જે સાંજ સુધી અલગ અલગ ગતિએ પડ્યો પણ સાથે સાથે ભારે પવનોએ લોકોની મુશ્કેલી વધારી દીધી હતી. જનજીવન થાળે પડે તે પહેલાં જ ભારે પવન અને વરસાદે ફરીથી લોકોને ઘરમાં જ રહેવા મજબૂર કરી દીધા હતા. છેલ્લા ૪૮ વર્ષના ઈતિહાસ પર નજર કરવામાં આવે તો વર્ષ ૨૦૧૯ માં રાજકોટમાં સૌથી વધુ ૬૧ ઈંચ જેટલો વરસાદ વરસ્યો હતો. જયારે ૧૯૮૭માં શહેરમાં માત્ર ૭.૪૩ ઈંચ જ વરસાદ વરસવાના કારણે કારમી જળ કટોકટી ઉભી થવા પામી હતી.ગત વર્ષ પણ ચોમાસુ પ્રમાણમાં સામાન્ય રહ્યું હતું ૩૮ ઈંચ જેટલો વરસાદ પડ્યો હતો. રાજકોટ શહેરમાં આ વર્ષે સિઝનનો કુલ વરસાદ ૪૮ ઈંચ થયો છે. ગત વર્ષે ૨૦૨૩માં ૨૬ ઈંચ અને તે પહેલાંના વર્ષે ૩૮ ઈંચ હતો. ૨૦૨૧માં ૫૧ ઈંચ વરસાદ નોંધાયો હતો. હાલની સ્થિતિએ ૩ વર્ષનો સૌથી વધુ વરસાદ આ વખતે નોંધાયો છે. હજુ સપ્ટેમ્બરના બીજા સપ્તાહ સુધી વરસાદની આગાહી કરવામાં આવી છે. જો કુલ વરસાદ ૬૦ ઈંચથી વધુ નોંધાશે તો તે ૧૪ વર્ષનો નવો રેકોર્ડ બનશે.બુધવારે બપોરે વરસાદ અને ભારે પવન શરૂ થયા બાદ શહેરના અલગ અલગ અન્ડરબ્રિજમાં ફરીથી પાણી ભરાયાં હતાં જેથી તાત્કાલિક વાહન વ્યવહાર બંધ કરી દેવાયો હતો. 30 કિ.મી. પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાવા લાગ્યો હતો જેથી અનેક વૃક્ષો ધરાશાયી થઈ ગયા હતા. મનપાના ચોપડે ૧૬૦ વૃક્ષ ધરાશાયી થયાનું નોંધાયું છે જેમાં મોટાભાગના વૃક્ષો હટાવીને રસ્તો સાફ કરાયાનું મનપાએ કહ્યું છે. ભારે વરસાદને પગલે રૈયા સહિતનો વિસ્તાર બેટમાં ફેરવાયો હતો અને લોકોને બહાર નીકળવું પણ મુશ્કેલ બની ગયું હતું.

## રાજ્યમાં સિઝનનો ૧૦૯.૪૨ ટકા વરસાદ વરસી ગયો

રાજ્યના મોટાભાગના જિલ્લાઓમાં ધોધમાર વરસાદ ખાબક્યો છે. ગુજરાતમાં સિઝનનો કુલ ૧૦૦ ટકાને પાર વરસાદ વરસ્યો છે. કચ્છમાં ૧૫૪.૦૩ ટકા, ઉત્તર ગુજરાતમાં ૮૬.૪૧ ટકા વરસાદ વરસ્યો છે. મધ્ય અને પૂર્વમા. ૧૦૪.૦૭ ટકા અને સૌરાષ્ટ્રમાં ૧૨૩.૩૪ ટકા વરસાદ ખાબક્યો છે. તેમજ દક્ષિણ ગુજરાતમાં ૧૧૦.૮૪ ટકા વરસાદ વરસ્યો છે. ગુજરાતના ૭૬ ડેમ સંપૂર્ણ ભરાયો છે. ૯૬ ડેમ હાઈ એલર્ટ પર મુકાયા છે. ૪૬ ડેમ અને ૭૦ થી ૧૦૦ ટકાની વચ્ચે વરસાદ ખાબક્યો છે. રાજ્યમાં ૩૬ જેટલી નદીઓ અને તળાવ ઓવરફ્લો થયા છે. ભારેથી અતિભારે વરસાદની આગાહીના પગલે હવામાન વિભાગે માછીમારોને ૩૦ ઓગસ્ટ સુધી દરિયો ન ખેડવા સૂચના આપવામાં આવી છે.

### સિઝનનો કુલ વરસાદ

| ઝોન | વરસાદ |
| --- | --- |
| કચ્છ | ૧૫૪.૦૩ ટકા |
| ઉત્તર ગુજરાત | ૮૬.૪૧ ટકા |
| મધ્ય ગુજરાત | ૧૦૪.૦૭ ટકા |
| સૌરાષ્ટ્ર | ૧૨૩.૩૪ ટકા |
| દક્ષિણ ગુજરાત | ૧૧૦.૮૪ ટકા |
| કુલ | ૧૦૯.૪૨ ટકા |

# આર્મીની ટુકડી રાજકોટની વ્હારે : બે મેજર સહીત ૬૦ જવાનો ખડેપગે

## એસડીઆરએફ અને ગોંડલ એસઆરપી ગ્રુપ -૮ના જવાનો પણ રેસ્ક્યુ અને રિલીફની કામગીરી માટે રાઉન્ડ ધ ક્લોક ફરજ પર તૈનાત







**અબતક, રાજકોટ**

રાજકોટમાં ભારે વરસાદને પગલે રાજ્ય સરકાર દ્વારા આર્મીની એક ટુકડી તૈનાત કરવામાં આવી છે, જેમાં ૨ મેજર સહિત ૬૦ જેટલા જવાન ખડેપગે છે. આ ટુકડી શહેરના સોરઠિયાવાડી સર્કલ પાસે આવેલી લલુડી વોકળી, આજી નદી આસપાસના નીચાણવાળા વિસ્તારો તેમજ રામનાથ મહાદેવ મંદિર આસપાસના એરિયામાં પહોંચી હતી અને પરિસ્થિતિનું નિરીક્ષણ કર્યું હતું, જોકે હાલ વરસાદ થોડો ધીમો પડતાં ધીમે ધીમે શહેરના વિસ્તારોમાંથી વરસાદી પાણી દૂર થઈ રહ્યાં છે, પરંતુ વરસાદ હાલ ચાલુ હોવાથી નોર્મલ પરિસ્થિતિ નહીં થાય ત્યાં સુધી આર્મીની ટીમ રાજકોટ શહેરમાં જ રહેશે. આ ઉપરાંત રાજકોટ જિલ્લામાં રેસ્ક્યુ અર્થે એસડીઆરએફની એક ટુકડી અને ગોંડલ એસઆરપી જૂથના જવાનો પણ રાઉન્ડ ધ કલોક ફરજમાં હાજર છે. ઉલ્લેખનીય બાબત છે કે, હાલ સુધીમાં રાજકોટ જિલ્લામાંથી અંદાજિત ૨૫૦૦ લોકોને રેસ્ક્યુ કરવામાં આવ્યા છે.

આર્મી ટુકડીના મેજર જિતેન્દ્ર બડગુજર દ્વારા જણાવવામાં આવ્યું હતું કે અમારી હાયર ઓથોરિટી દ્વારા કહેવામાં આવ્યું છે કે ગુજરાતમાં ભારે વરસાદ હોવાથી આર્મીની ટીમ ફ્લડ રિલીફ માટે મોકલવાની છે, એ સાથે જ હું અમારી મેડિકલ ટીમ સાથે અહીં રાજકોટમાં પહોંચી ગયો. ગઈકાલે રાત્રે ૧૦ વાગ્યે અમે રાજકોટ પહોંચી ગયા અને ત્યાર બાદ વહેલી સવારથી અલગ અલગ વિસ્તારો, જ્યાં હાઈ એલર્ટ છે એ જગ્યાનું નિરીક્ષણ કર્યું. હાલ ભારે વરસાદ પડી રહ્યો છે, જેને કારણે અમને સ્ટેન્ડબાય રાખવામાં આવ્યા છે.

જ્યારે જામનગર મિલિટરીમાંથી આવેલા મેજર ગૌરવ કુમારે જણાવ્યું હતું કે ગઈકાલે બપોરે ૧.૩૦ વાગ્યા આસપાસ અમને ગુજરાત સ્ટેટ ઈમર્જન્સી ડિપાર્ટમેન્ટ તરફથી એવો મેસેજ મળ્યો હતો કે ફ્લડ રિલીફ કોલમની રાજકોટમાં જરૂરિયાત છે. માત્ર રાજકોટ જ નહીં, પરંતુ જામનગર અને દેવભૂમિ દ્વારકામાં પણ આર્મીની ટુકડી તહેનાત કરાયેલી છે. એમાં એક ટુકડીમાં ૬૦ જેટલા જવાનો હોય છે. અમે લાઈફ સેવિંગ અને ફ્લડ રિલીફનો સામાન લઈને અહીં આવ્યા છીએ. કલેક્ટર અને એડિશનલ કલેક્ટર સાથે બેઠક કરવામાં આવી અને ત્યાર બાદ તેમના દ્વારા એવું કહેવામાં આવ્યું કે ક્યાં ક્યાં વિસ્તારોમાં ફ્લડ ડેન્જર છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે આજે સવારે આજી નદી પર પહોંચ્યા હતા અને એની આસપાસના નીચાણવાળા વિસ્તારોમાં નિરીક્ષણ કર્યું હતું, જેથી આ જગ્યાએ અમે જોયું કે ત્યાં પાણીનું લેવલ કેટલું છે અને નુકસાન કઈ રીતનું થઈ શકે છે. અહીં અમુક વિસ્તારો છે, જ્યાં પાણી ભરાઈ જાય તો ત્યાં જવા માટે અમને કહેવામાં આવશે અને ૧૫ મિનિટમાં જ આર્મીની ટીમ એ જગ્યાએ પહોંચી જશે, જેમાં મેડિકલ ટીમની સાથે એન્જિનિયરિંગ ટાસ્કમાં લાઈફ જેકેટ અને બોટ સાથેની ટીમ હોય છે, જેથી પૂરની પરિસ્થિતિમાં ફસાયેલા લોકોને બચાવી શકાય. હાલ જ્યાં સુધી અહીં પરિસ્થિતિ નોર્મલ નહીં થઈ જાય ત્યાં સુધી આર્મીની ટીમ રાજકોટમાં જ રહેશે.

### એસડીઆરએફની ટીમે ૩૬ કલાકમાં ૩૧ સગર્ભાઓને રેસ્ક્યુ કરી સફળ પ્રસુતિ કરાવી

રાજકોટ જિલ્લા વહીવટી તંત્રની ડિઝાસ્ટર મેનેજમેન્ટ ટીમમાંથી પ્રાપ્ત વિગત અનુસાર રાજકોટ જિલ્લામાં એસડીઆરએફની એક ટુકડી સતત ખડેપગે છે. ત્યારે છેલ્લા ૩૬ કલાકમાં એસડીઆરએફની ટીમે ૩૧ સગર્ભાઓ કે જેમની પ્રસુતિનો સમય આવી ગયો હતો તેમને રેસ્ક્યુ કરી સફળ પ્રસુતિ કરાવી માતા-બાળકને નવજીવન આપ્યું છે.

### ધોરાજીના ગોદાણા ગામે ૨૩ વર્ષીય યુવતીને સર્પદંશ થતાં રેસ્ક્યુ કરી નવજીવન અપાયું

ધોરાજીના ગોદાણા ગામે ૨૪ વર્ષીય યુવતીને સર્પદંશ થયો હતો. ભાદર ડેમ ઓવરફ્લો થતાં આખુ ગામ સંપર્કવિહોણું થતાં દવાખાના સુધી પહોંચવું અત્યંત મુશ્કેલ હતું. ત્યારે એસડીઆરએફની ટીમે તાત્કાલિક ગોદાણા ગામે પહોંચી યુવતીને રેસ્ક્યુ કરીને તાત્કાલિક સારવાર અર્થે ખસેડવામાં આવી હતી. બે દિવસની સારવાર બાદ ગઈકાલે રાત્રીના અગિયાર વાગ્યા આસપાસ યુવતી સ્વસ્થ થઈ જતાં ડિસ્ચાર્જ આપી દેવામાં આવ્યું છે.

# રાજયના ૧૦૨ ડેમો ઓવરફ્લોઃ ૧૧૮ હાઈએલર્ટ પર જયારે ૧૮ એલર્ટ પર

## સૌથી વધુ સૌરાષ્ટ્રના ૧૪૧ ડેમોમાંથી ૭૬ ડેમો ઓવરફ્લો થયાઃસરદાર સરોવર યોજનામાં ૩.૩૮ લાખ ક્યુસેક પાણીની આવક સામે ૩.૮૫ લાખ ક્યુસેક પાણી છોડાયું

**અબતક, રાજકોટ**

ગુજરાતમાં ભારે વરસાદને પગલે છેલ્લા ૨૪ કલાકમાં ૨૫ ડેમો સંપૂર્ણ છલકાયા છે એટલે કે ઓવરફ્લો થયા છે, આ સાથે જ ગુજરાતમાં અત્યાર સુધીમાં ૨૦૭ ડેમોમાંથી ૧૦૨ ડેમો ઓવરફ્લો થયા છે. મંગળવારે સવારની સ્થિતિએ કુલ ૭૭ ડેમો ઓવરફ્લો થયા હતા. સૌથી વધુ સૌરાષ્ટ્રના ૧૪૧ ડેમોમાંથી ૭૬ ડેમો ઓવરફ્લો થયા છે. સરદાર સરોવર ડેમમાં ૮૫.૨૩ ટકા પાણીનો સંગ્રહ થયો છે જયારે રાજ્યના ૨૦૭ ડેમમાં ૭૮.૬૪ ટકા પાણીનો સંગ્રહ થયો છે. આ સિવાય રાજ્યના ૨૩ જળાશયોમાં ૫૦ ટકાથી ૭૦ ટકા ભરાતા એલર્ટ અપાયું છે. ૩૦માં ૨૫થી ૫૦ ટકા વચ્ચે પાણી ભરાયું છે તેમજ ૩૧ જળાશયો ૨૫ ટકાથી ઓછા ભરાયા છે. નર્મદા યોજનામાં હાલમાં ૨૯૦૫૪૭ એમ.સી.એફ.ટી. એટલે કે કુલ સંગ્રહ શક્તિના ૮૭ ટકા જળસંગ્રહ નોંધાયો છે. આ ઉપરાંત રાજ્યના અન્ય ૨૦૬ જળાશયોમાં ૪૦૭૪૪૦ એમ.સી.એફ.ટી. એટલે કે કુલ સંગ્રહ શકિતના ૭૨.૭૩ ટકા જેટલો જળસંગ્રહ નોંધાયો છે. આમ કુલ જળ સંપત્તિ વિભાગના રિપોર્ટમાં જણાવાયું છે કે સરદાર સરોવર યોજનામાં ૩.૩૮ લાખ ક્યુસેક પાણીની આવક સામે ૩.૮૫ લાખ ક્યુસેક પાણી છોડવામાં આવી રહ્યું છે. જ્યારે વણાકબોરી જળાશયમાં ૨.૮૭ લાખ ક્યુસેક પાણીની આવક સામે ૨.૮૭ લાખની જાવક છે. એવી જ રીતે ઉકાઈમાં ૨.૪૭ લાખ ક્યુસેક પાણીની આવક સામે ૨.૪૬ લાખની જાવક, આજી-૪માં ૧.૬૩ લાખ ક્યુસેક સામે ૧.૬૩ લાખની જાવક, કડાણામાં ૧.૫૦ લાખ ક્યુસેક પાણી સામે ૧.૨૫ લાખની જાવક તેમજ ઉંડ-૧માં ૧.૧૯ લાખ ક્યુસેક સામે ૧.૧૯ લાખ ક્યુસેક પાણીની જાવક નોંધાઈ છે.ઉપરાંત અન્ય ૯૪ જળાશયોમાં ૭૦૦૦૦ થી ૧૦૦૦૦૦ ક્યુસેક સુધીના પાણીની આવક થઈ છે. મધ્ય ગુજરાતના ૧૭ જળાશયોમાં ૮૭ ટકા, દક્ષિણ ગુજરાતના ૧૩માં ૭૮ ટકા, સૌરાષ્ટ્રના ૧૪૧માં ૬૬ ટકા, કચ્છના ૨૦માં ૬૧ ટકા જ્યારે ઉત્તર ગુજરાતના ૧૫ જળાશયોમાં ૩૯ ટકાથી વધુ પાણીનો સંગ્રહ થયો છે. ગયા વર્ષે આ સમયે ૨૦૭ જળાશયોમાં ૭૬ ટકાથી વધુ જળસંગ્રહ નોંધાયો હતો.૨૦૭ જળાશયોમાં ૭૮ ટકાથી વધુ જળસંગ્રહ થયો છે.

# શનિવારે ગુજરાતના દરિયાકાંઠે આશના વાવાઝોડાનો ખતરોઃ હવામાન વિભાગનું એલર્ટ

## રાજ્યમાં વરસાદની આફત વચ્ચે અરબી સમુદ્રમાં ડીપ ડિપ્રેશન સર્જાયા બાદ જો વાવાઝોડું બનશે તો કચ્છ-દક્ષિણ ગુજરાતના દરિયાકાંઠે ટકરાશે

**અબતક, રાજકોટ**

ઉત્તર હિંદ મહાસાગરમાં ખાસ કરીને બંગાળની ખાડી અને અરબી સમુદ્રમાં વાવાઝોડાં સર્જાય છે. આ વાવાઝોડાની અસર ભારતના દરિયાકિનારાના પ્રદેશોને થાય છે. અરબી સમુદ્ર અને બંગાળની ખાડીમાં માર્ચથી જૂન અને ઑક્ટોબરથી ડિસેમ્બર મહિના દરમિયાન વાવાઝોડાં સર્જાતાં હોય છે. ચોમાસા દરમિયાન વાવાઝોડાં સર્જાતાં નથી. જો કે વરસાદ અને વાવાઝોડાએ પેટર્ન બદલી હોય તેમ ૩૦મી ઓગસ્ટ ગુજરાતના દરિયાકાંઠે વાવાઝોડાનો ખતરો મંડરાઈ રહ્યો છે. જેને લઈને હવામાન વિભાગે એલર્ટ જાહેર કર્યું છે. અરબી સમુદ્રમાં સર્જાતાં વાવાઝોડાંની સીધી અસર ગુજરાતને થવાની શક્યતાઓ રહેલી હોય છે. તૌકતે અને બિપરજોય એમ છેલ્લાં બે વાવાઝોડાંએ ગુજરાતના અનેક વિસ્તારોને ભારે અસર કરી હતીઅને હવે રાજ્યમાં વરસાદની આફત વચ્ચે અરબી સમુદ્રમાં ડીપ ડિપ્રેશન સર્જાયા બાદ જો વાવાઝોડું બનશે તો કચ્છ-દક્ષિણ ગુજરાતના દરિયાકાંઠે આ વાવાઝોડું ટકરાશે અને તેનું નામ આશના આપવામાં આવશે. ઉપરાંત હવામાન વિભાગ દ્વારા આગામી પાંચ દિવસ માટે ગુજરાત રાજ્યભરમાં વાતાવરણ કેવું રહેશે તે અંગે આગાહી કરવામાં આવી છે. જેમાં આગામી ત્રણ દિવસ દરમિયાન હજુ પણ ગુજરાત માટે વરસાદી આફત લાવનારા રહેશે. તેમાં પણ ખાસ કરીને કચ્છ અને સૌરાષ્ટ્રના જિલ્લાઓમાં હજુ આજે પણ રેડ એલર્ટ સાથે અત્યંત ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. કારણ કે, જે ડીપ ડિપ્રેશન ગુજરાતને માથે સંકટ બનીને સક્રિય થયું હતું તે હાલમાં નલિયાથી ૬૦ કિલોમીટર ઉત્તર પશ્ચિમ દિશા તરફ સક્રિય છે. છેલ્લા ત્રણ કલાક દરમિયાન આ ડીપ ડિપ્રેશન ત્રણ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે આગળ વધી રહ્યું છે. જેને કારણે હવે આ ડીપ ડિપ્રેશનને કારણે ગુજરાત પ્રદેશમાં વરસાદની શક્યતા નહીંવત છે. પરંતુ આ સિવાયની અન્ય બે સિસ્ટમને કારણે ઉત્તર ગુજરાત અને દક્ષિણ ગુજરાતના ભાગોમાં મધ્યમથી ભારે વરસાદ વરસી શકે છે. જ્યારે મધ્ય ગુજરાતના ભાગોમાં આજે હળવાથી મધ્યમ વરસાદી ઝાપટા વરસે તેવી શક્યતા છે.

### ૬૫થી ૭૫ કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાશે

આગામી ત્રણ દિવસ ગુજરાત રાજ્ય ઉપર હજુ પણ વરસાદની સંભાવના છે. તેમાં પણ ખાસ કરીને કચ્છ અને સૌરાષ્ટ્રના જિલ્લાઓમાં આજે પણ રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. જ્યારે આગામી ત્રણ દિવસ માછીમારોને દરિયો ન ખેડવા સુચના આપવામાં આવી છે. કારણ કે, આજે દરિયાકાંઠાના વિસ્તારોમાં ૫૫ થી ૬૫ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફંકાશે તથા આવતીકાલથી બે દિવસ દરમિયાન એટલે કે ૩૦ અને ૩૧ ઓગસ્ટના રોજ દરિયાકાંઠાના વિસ્તારોમાં ૬૫ થી ૭૫ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફંકાઈ શકે છે. આ પવનની ઝડપ વધીને ૮૫ કિલોમીટર પ્રતિ કલાક સુધી પણ થઈ શકે છે. આથી સાવચેતીના ભાગરૂપે સમગ્ર ગુજરાત રાજ્યના દરિયાકાંઠે એલ્સી-૩ સિગ્નલ લગાવવામાં આવ્યું છે. હાલમાં ગુજરાતમાં જે વરસાદ વરસે રહ્યો છે તે ત્રણ સિસ્ટમને કારણે વરસી રહ્યો છે જેમાં દક્ષિણ ગુજરાતના ભાગો ઉપર ઓફ શોર ટ્રફ તથા ડીપ ડિપ્રેશન જે કચ્છ અને સૌરાષ્ટ્રના ભાગ ઉપર સક્રિય છે તેની સાથે મોન્સુન તરફ સંકળાયેલો છે. તેને કારણે ઉત્તર ગુજરાત અને પૂર્વ મધ્ય ગુજરાતમાં વરસાદી ઝાપટા વરસી શકે છે.